વર્ષ ૪૨ ઑક્ટોબર ૨૦૦૧ અંક ૧૦

# પરબ

તંત્રી
ભોળાભાઈ પટેલ

સંપાદક
રમેશ ર. દવે

મારો એક મિત્ર છે એને હું કહું છું : તમે પુસ્તકો વાંચતા નથી. બહુ બહુ તો પ્રકરણો જ વાંચો છો. વચ્ચેથી શરૂ કરો છો. અંત જોઈ લો છો. પછી અહીંથી ત્યાંથી થોડાં પાનાં ઉથલાવો છો અને છેલ્લે શરૂઆત ઉપર નજર નાખો છો. પછી કહો છો કે પુસ્તક વાંચ્યું છે. બિલકુલ નહીં. નાટકના ત્રીજા અંકનું બીજું દૃશ્ય, પહેલા અંકનું ચોથું દૃશ્ય અને બીજા અંકનું પહેલું દૃશ્ય – એ ક્રમમાં વાંચો અને બીજું છોડી દો તો શું નાટકનો પૂરો ખ્યાલ આવે ? પુસ્તક વાંચવું હોય તો પૂરું વાંચો ને નહીં તો મૂકી દો. મારો મિત્ર મારી વાત માનતો નથી. પણ ત્યારે એ ઘણાં પુસ્તકો વાંચતો નથી. મારે મતે હજી એક પણ પુસ્તક એણે વાંચ્યું નથી.

(શબ્દલોકના સૌજન્યથી) – ફાધર વાલેસ

ગુજરાતી સાહિત્ય પરિષદ
મેઘાણી જ્ઞાનપીઠ • ક. લા. સ્વાધ્યાયમંદિર

## ગૂર્જરના તદ્દન નવા પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| આઠમો રંગ | હિમાંશી શેલત | ૭૦ | નવલકથા |
| હૃદય, લાગણી, આંધી | જશવંત મહેતા | ૧૨૫ | નવલકથા |
| અતીતરાગ | ધીરુબહેન પટેલ | ૧૪૫ | નવલકથા |
| વાર્તામાં ક્રોધ... | પ્રભાશંકર પઢ્યાર | ૯૦ | નવલિકા |
| દક્ષિણ ગુજરાતની ટૂંકી વાર્તાઓ | શાંતિભાઈ આચાર્ય | ૧૫૦ | નવલિકા |
| અમારી શ્રેષ્ઠ વાર્તાઓ | કવિ ડાહ્યાભાઈ પટેલ | ૧૨૫ | નવલિકા |
| શર્મિષ્ઠા | કવિ ડાહ્યાભાઈ પટેલ | ૧૨૦ | નવલિકા |
| મહાસાગરનાં મોંઘેરાં મોતી | કવિ ડાહ્યાભાઈ પટેલ | ૧૦૦ | કાવ્ય |
| અમીસ્પંદન... | પ્રવીણચંદ્ર દવે | ૨૦૦ | કાવ્ય |
| છંદોલય | નિરંજન ભગત | ૧૩૦ | કાવ્ય |
| સદ્ગુરુ સમર્થ રામદાસ | સ્મિતા ભાગવત | ૧૩૦ | જીવનચરિત્ર |
| મહાભારતનાં સ્ત્રીપાત્રો | સ્મિતા ભાગવત | ૭૫ | જીવનચરિત્ર |
| ચીન મારી નજરે... | સ્વામી સચ્ચિદાનંદ | ૯૦ | પ્રવાસવર્ણન |
| સંબંધોની સૃષ્ટિમાં | ડૉ. ઊર્મિલાબહેન શાહ | ૧૦૦ | પ્રેરક લેખો |
| ધોરણ ૧૨ પછી શું ? | પ્રા. ભાસ્કર શુક્લ | ૨૫૦ | શિક્ષણ |
| Yoga and Health | Swami Adhyatmanandji | ૧૦૦ | યોગવિષયક |
| પશ્ચિમી સમાજની તાસીર | પ્રો. રામુભાઈ પટેલ | ૧૫૦ | પ્રવાસવર્ણન |
| વાર્તાસંદર્ભ | શરીફા વીજળીવાળા | ૧૨૫ | વિવેચન |
| નવલલોકમાં | જયંત કોઠારી | ૧૦૦ | વિવેચન |
| વાર્તાખજાનો | વી. રામાનુજ | ૩૦૦ | બાલસાહિત્ય |
| નાનકડો બહાદુર | વસંતલાલ પરમાર | ૩૦ | બાલસાહિત્ય |
| સિદ્ધાર્થ | લે. હરમાન હેસ, અનુ. રવીન્દ્ર ઠાકોર | ૬૦ | નવલકથા |
| પંચામૃત | રવીન્દ્રનાથ ટાગોર, અનુ. નગીનદાસ પારેખ | ૭૦ | આત્મકથા |
| જનરલ નોલેજ | બંસીધર શુક્લ | ૫૦ | સંદર્ભગ્રંથ |
| સત્યજિત રાયની વિજ્ઞાનકથાઓ | અનુ. સુકન્યા ઝવેરી | ૮૦ | વિજ્ઞાનવિષયક |
| લીલા વાંસના મીઠા સૂર | ચંદ્રકાંત મહેતા | ૭૦ | લેખસંગ્રહ |
| શ્યામ ગુલાબી આકાશ | ચંદ્રકાંત મહેતા | ૮૦ | લેખસંગ્રહ |
| હૈયાંને છાંયે ઊભાં | ચંદ્રકાંત મહેતા | ૬૦ | લેખસંગ્રહ |
| ઈશ્વરના ઘરનો ટેલિફોન નંબર કયો છે ? | ચંદ્રકાંત મહેતા | ૮૦ | લેખસંગ્રહ |
| એકવાર રસ્તામાં સામે મળી જિંદગી | ચંદ્રકાંત મહેતા | ૭૦ | લેખસંગ્રહ |
| વિશ્વશ્રેષ્ઠ વાર્તાઓ | યશવન્ત મહેતા | ૩૫૦ | નવલિકા |

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ ૩૮૦ ૦૦૧ ટેલિ. ૨૧૩૪૬૬૪ ૫૫૮૬૬૦

समानो मन्त्र । (ऋग्वेद)

# પરબ

समानी प्रपा । (अथर्ववेद)

## અનુક્રમ


| | |
|---|---|
| સંપાદકીય | सतकविता विषे थोडुक 3 ભોળાભાઈ પટેલ |
| નવલિકા | અમારું માણસ ! 6 અનિલ વ્યાસ |
| કવિતા | હું નથી ! 14 નિખિલ જોશી • ગઝલજળ 14 મનસુખવન ગોસ્વામી • પતંગનો ઓચ્છવ 15 રમેશ પારેખ • ઘટને ઘાટે 16 પુરુ જોષી • ગઝલ 17 ઇલિયાસ શેખ • પૂર્ણિમા 18 રવીન્દ્રનાથ ઠાકુર, અનુ. શૈલેશ પારેખ • એક બાળકાવ્ય 19 કાંતિ કડિયા • ગઝલ 19 ઉદયન ઠક્કર |
| નિબંધ | ત્રિકાલ પ્રભાત, મધ્યાહ્ન, સાંજ 20 દિગીશ મહેતા |
| અનુવાદ | રેકર્ડ 26 નારાયણ ગંગોપાધ્યાય, અનુ. ઉમા રાંદેરિયા |
| વ્યક્તિવિશેષ | જૂનાગઢની સરસ્વતી સરલાતાઈ જોશી 32 સંજય શ્રીપાદ ભાવે |
| શબ્દચર્યા | લુહારીકામનાં ઓજારો 43 દલપત ચૌહાણ |
| કલાચર્યા | ચાર સપ્તક 40 પરેશ નાયક |
| ગ્રંથાવલોકન | અદૃશ્ય અનામિકાની આપવીતી (લાભશંકર ત્રિવેદી) 46 અનામિકા ઓઝા • ગુફ્તગૂ (હનીફ સાહિલ) 47 પ્રફુલ્લા વોરા • રાગ અતીત (બકુલ બક્ષી) 49 રાજેન્દ્ર જ જોશી • સુન્દરજી બેટાઈ (દુષ્યન્ત પંડ્યા) 51 નીતિન વડગામા • શાખાઓનો સંવાદ (પ્રવીણ દરજી) 53 જિતેન્દ્ર મેકવાન • કોરે કાગળ સહી (મહેશ દવે) 54 નવનીત જાની • જૈનદર્શનમાં શ્રદ્ધા (સમ્યગ્દર્શન), મતિજ્ઞાન અને કેવળજ્ઞાનની વિભાવના (નગીન શાહ) 57 મધુસૂદન બક્ષી • વિજયરાય ક વૈદ્ય જન્મશતાબ્દી સ્મારકગ્રંથ (સંપા. જયંતી ગોહેલ વ.) 61 વિજય શાસ્ત્રી |
| મિતાક્ષરી | ટી. એસ. એલિયટની કાવ્યસૃષ્ટિ (અનુ. રજનીકાન્ત પંચોળી) 63 • Selected poems of Sundaram (Tr Dhanvanti) 63 • લલિતાદુઃખદર્શક (સંપા. સતીશ વ્યાસ) 63 • મારી જાત સાથેની વાત (સારાનુવાદ ભાવજી સાવલા) 64 • રામાયણની અંતર્યાત્રા નગીનદાસ સંઘવી) 64 • સુમિરન (કાંતાબહેન શાહ) 65 • પરિચયપુસ્તિકાઓ 65 ડંકેશ ઓઝા |


→

પત્રચર્ચા 67 યશેશ દવે વગેરે, અનિલ શાહ, હરીશ ખત્રી
પરિષદવૃત્ત 70 યશલક્ષ્મી પુસ્તકાલય સહાય, માહિતી જોઈએ છે મદદ કરશો ?
સાહિત્યવૃત્ત 73 જામજોધપુરમાં વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા, 'વિશ્વગ્રામ'ની પુસ્તકયાત્રા, કાલેલકર અધ્યયનગ્રંથની બીજી આવૃત્તિ, કવિ સિતાંશુનું કાવ્યપઠન, પુસ્તકવર્ષે અનોખું યોગદાન, વાચકમિલાપોનું આયોજન, અખિલ ગુજરાત કૉલેજ નિબંધસ્પર્ધા, મેઘાણી લોકવિદ્યા સંશોધનભવનનાં પ્રકાશિત સંપાદનો
આ અંકના લેખકો 77
ગ્રંથસ્વીકાર 39 45 79

□

પરબ દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થાય છે પરિષદની વાર્ષિક સભ્ય-ફી પરબના લવાજમ સાથે રૂ ૧૦૦/ (સંસ્થાઓ માટે રૂ ૧૫૦/) છે વર્ષમાં ગમે ત્યારે સભ્ય થઈ શકાય છે વ્યક્તિ આજીવન સભ્ય-ફી રૂ ૧૦૦૦/ (વિદેશમાં પા. ૭૦/ અથવા ડૉ. ૧૨૦/) છે સંસ્થા-આજીવન સભ્ય-ફી રૂ ૧૫૦૦/ જેમાં પરબના આજીવન લવાજમનો સમાવેશ થઈ જાય છે જેમને માત્ર પરબ જ મેળવવું હોય તેમને માટે વાર્ષિક લવાજમ રૂ ૮૦/ છે રકમ મ.ઓ. થી ડ્રાફ્ટથી મોકલવા વિનંતી.

ISSN0250-9747 પરબ છૂટક ડિં રૂ ૨૦/

પત્રવ્યવહારનું સરનામું ગુજરા[illegible] ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ટાઉન્સ પાછળ, નદીકિનારે, ફોન ૬૫૮૦૭૨૦

# सतकविता विषे थोडुक

આજથી બરાબર એકસો વર્ષ પહેલાં સપ્ટેમ્બર ૧૯૧૨માં અંગ્રેજી ગીતાંજલિની ભૂમિકા લખતાં રવીન્દ્રનાથની ધર્મપ્રવણ કવિતાની લાક્ષણિકતા બતાવતાં કવિ ડબ્લ્યુ. બી. યેટ્સે કહ્યું હતું કે આ ઊર્મિગીતો એક ઉત્તમ સંસ્કૃતિની નીપજ છે જેનો ઉદ્‌ગમ એ દેશની જમીનમાંથી ઊગતા ઘાસ જેટલો સહજ અને સ્વાભાવિક છે એમણે લખ્યું છે કે આ એક એવી પરંપરા છે જ્યાં ધર્મ અને કવિતા વચ્ચે પ્રભેદ નથી. એમના શબ્દો છે

> **A traditon, where poetry and religion are the same thing, has passed through the centunes gathenng from learned and unlearnd metaphor and emotion, and carried back again to maltitude the thought of the scholar and of the noble**

આ શતાબ્દીઓની પરંપરામાં કંઈ નહીં તો એક સહસ્રાબ્દીથી – ૧૧મી ૧૨મી સદીથી – ભક્તિકવિતાની એક અક્ષુણ્ણ ધારા વહેતી રહી છે અને તે પણ એ વખતની શિષ્ટ સાહિત્યિક અભિવ્યક્તિ સંદર્ભે પ્રયોજાતી ભાષાઓ સંસ્કૃત, પ્રાકૃત કે અપભ્રંશ જેવી ભાષાઓમાં નહીં પણ તરતમાં ફૂટી રહેલી આગવો જીવનસ્પંદ લઈને આવતી અર્વાચીન ભારતીય ભાષાઓમાં.

બીજી સહસ્રાબ્દીના આરંભમાં આ એક સૌથી મોટી ક્રાંતિ થઈ રહી હતી અને તેય કશી ઘોષણા વિના. ક્રાંતિ, જે-તે પ્રદેશની પ્રજાની બોલાતી ભાષામાં અને એ ક્રાંતિના ઉન્નાયક મોટે ભાગે સંતકવિઓ અર્થાત્ ભક્તકવિઓ હતા. (કેટલાકને મતે 'સંત' અને 'ભક્ત'ને અલગ-અલગ ખાનામાં રાખવા જોઈએ, પણ એ બંનેને અહીં એકબીજાના પર્યાય માનીને ચાલું છું.) સિદ્ધો-નાથોનાં વિદ્રોહી ચર્યાપદોની ભાષાઓમાં કેટલીક ભારતીય ભાષાઓએ પોતાનો ઉત્સ જોયો છે એ યાદ રાખવા છતાં આધુનિક ભારતીય ભાષાઓના ઉગમકાળે એ સંત જ્ઞાનેશ્વર (૧૨૭૫ ૧૨૯૬) જેવા હતા, જેમણે સૌ પ્રથમ બોલાતી ભાષાની સાહિત્યિક પ્રતિષ્ઠા કરી. એમણે, પરંપરા કહે છે તેમ, ૧૬ વર્ષની નાની વયે ભગવદ્‌ગીતાની ટીકા લખી હતી, જે શતાબ્દીઓથી જનગણમાં 'જ્ઞાનેશ્વરી' તરીકે પ્રસિદ્ધ છે એ પછી એમનો બીજો ગ્રંથ 'અમૃતાનુભવ' મળે છે અને ૨૨મે વર્ષે તો તેમણે સમાધિ લીધી.

આજના મરાઠી કવિઓ અને વિદ્વાનોમાં જ્ઞાનેશ્વરીના અભ્યાસની જીવંત પરંપરા છે વિંદા કરંદીકર જેવા પ્રતિષ્ઠિત આધુનિક કવિએ તો જ્ઞાનેશ્વરની પ્રાચીન મરાઠીનો આધુનિક અવતાર (મરાઠીમાંથી મરાઠીમાં અનુવાદ કરીને) એમના 'અમૃતાનુભવ'ના રૂપાંતરમાં આપ્યો છે આધુનિકતાવાદી ગણાતા કવિ દિલીપ ચિત્રેએ થોડાં વર્ષ પહેલાં એનો પ્રવાહી અંગ્રેજી અનુવાદ આપ્યો છે જે અનુવાદ પર તેમણે દશકાઓ સુધી કામ કર્યું છે –

(Anubhavamrut – The Immortal Experience of Being, દિલ્હી સાહિત્ય અકાદમી ૧૯૯૬). એ રીતે ચિત્રેએ પેન્ગ્વિન ક્લાસિકલ શ્રેણીમાં તુકારામ (૧૬૦૮ ૧૬૪૯)ના લગભગ પાંચેક હજાર જેટલા અભંગોમાંથી પસંદ કરેલા અભંગોનો અંગ્રેજી અનુવાદ 'Says Tuka' નામે માર્મિક ભૂમિકા સાથે આપી વિશ્વના આજના વાચકોને તુકારામની વાણી પહોંચાડી છે. હું કવિ વિંદા અને ચિત્રેનાં નામ એટલા માટે લઉં છું કે આપણા આ બંને મરાઠી સમકાલીનોએ સાત સાત શતાબ્દીથી ચાલી આવતી સંતકવિતાની પરંપરાને આત્મસાત્ કરી પોતાની મરાઠી ભાષાને સત્ત્વવતી બનાવી છે.

હમણાં તા. ૨૯-૩૦ સપ્ટેમ્બરના રોજ સાહિત્ય અકાદમી દિલ્હી અને ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી 'પશ્ચિમ ક્ષેત્રીય ભાષાઓમાં સંતકાવ્ય' નામે થયેલા પરિસંવાદમાં ગુજરાતી, કોંકણી, મરાઠી અને સિંધી ભાષાઓની સંત કવિતાધારા વિશે ચર્ચા થઈ. આપણે જાણીએ છીએ કે કોંકણી-સિંધીમાં એવી પ્રબળ અને પ્રખર ભક્તિકાવ્યની ધારા નથી, જે ગુજરાતી અને મરાઠી ભાષાઓમાં છે. (અલબત્ત, તેનાં ઐતિહાસિક અને ભૌગોલિક કારણો છે) પરંતુ આ ભક્તિકવિતાની ધારાની ચર્ચાને, સેમિનારની સુવિધા માટે ભલે માત્ર આ ચાર ભાષાઓ સુધી સીમિત કરવામાં આવી હોય, આ ચર્ચા તો સમગ્ર ભારતીય ભક્તિકવિતાના પરિપ્રેક્ષ્યમાં જ થઈ શકે. જેમાં નરસિંહ, મીરાં, અખો, દયારામ હોય. ચંડીદાસ, વિદ્યાપતિ અને અન્ય ગૌડીય વૈષ્ણવ કવિઓ હોય, ઓડિશાના બલરામદાસ આદિ પંચ-સખા હોય, તમિળના પ્રાચીન આળવાર ભક્તો હોય. કર્ણાટકના અલ્લમ પ્રભુ, દેવરા દાસીમૈય્યા, બસવણ્ણા કે અક્ક મહાદેવી જેવા વીરશૈવ હોય, કે કાશ્મીરનાં નંદઋષિ કે લાલ દેદ હોય અને હિંદીમાં કબીર, સૂર અને તુલસી હોય, સુદૂર અસમમાં કીર્તનઘોષા લખનાર શંકરદેવ અને એમના શિષ્યોત્તમ નામઘોષાકાર માધવદેવ હોય – આ બધા મધ્યકાલીન ભક્તિઆંદોલનના – જે રામાનંદ સ્વામી કે ચૈતન્યદેવ જેવા વિભૂતિઓથી પ્રેરિત હતું –'ના કવિઓએ કેવળ મધ્યકાળની ભારતીય પ્રજાને અમૃત સંજીવનીનો સ્પર્શ આપ્યો હતો, સાથે એમણે વિકસિત થતી ભારતીય ભાષાઓને આગવી અસ્મિતા આપી. મુસ્લિમ શાસનમાં ફારસીને અલબત્ત, રાજભાષાનો માનમરતબો મળ્યો હતો પણ સંતવાણીની વાહક એવી આ લોકભાષાઓએ લોકોનાં હૃદયને જીતી લીધાં હતાં. આ સંતકવિઓમાં સમાજના તથાકથિત નિમ્ન સ્તરના કવિઓ પણ કેટલા બધા છે. કબીરદાસ જેવાએ તો કહી દીધું હતું કે 'મસિ કાગદ છુયો નહિ, કલમ ગહિ નહિ હાથ.' આ નકારની ભૂમિકાએ જે સ્વીકાર છે તે પણ કેવો અલભ્ય છે ? આ સંદર્ભે એમણે તો 'આંખિન કી દેખી'ની વાત કરી. એવાં અનેકાનેક સંતકવિઓ અને કવયિત્રીઓ છે.

પરિસંવાદમાં ગુજરાતી-મરાઠી સંતકવિતાની વિશેષ ચર્ચા થઈ, સિંધી, કોંકણીની પણ. પરંતુ એક વસ્તુ સ્પષ્ટ થઈ કે મરાઠીમા સંતકવિતાનો જેવો અભ્યાસ અને સંતકવિતા સાથે આજના સર્જકોની જે આત્મીયતા છે – અને તેની જે વાત થઈ. તેની તુલનામાં આપણા સર્જકો પોતાના ભક્તિવારસાની અભિજ્ઞતા બાબતે એકાદ ઇંચ નીચે ઊભા છે એમ લાગે.

રવીન્દ્રનાથનું એક ચિત્ર નંદલાલ બસુએ કર્યું છે – હાથમાં એકતારો લઈને ઝૂમતા બાઉલ રૂપે. રવીન્દ્રનાથે વૈષ્ણવ કવિતા, બાઉલ કવિતા જ નહીં, બલકે કબીર અને રજ્જબ જેવા કવિઓની વાણી – ઉપનિષદ કે વ્યાસ, વાલ્મીકિ, કાલિદાસની વાણી જેટલી જ

આત્મસાત્ કરી છે – અને ત્યારે જ 'ગીતાંજલિ' જેવી રચના સર્જાઈ છે ગુજરાતીમાં નરસિંહ મીરાંથી[1] દયારામ સુધીનાં ભક્તકવિઓ, જૈન કવિઓની સમૃદ્ધ પરંપરા[1] ઉપરાંત નાથયોગીઓની મરમી વાણી પ્રગટી છે અને સાથોસાથ સંત ભજનિકોની વાણી છે દીવાળીબાઈ કૃષ્ણાબાઈ પુરીબાઈ રાધાબાઈ જેવી કવયિત્રીઓની વાણી લોકકંઠે બેઠી છે કબીર અને રવિભાણ સંપ્રદાયના સંતોની વાણી છે – આ કંઈ સર્વાશ્લેષી સૂચિ નથી – પણ સર્જાતા સાહિત્ય સાથે એની પ્રાસંગિકતાનો મેળ સધાય તો કેટલાંક અભિનવ પરિમાણો સિદ્ધ થાય એનો લગીર દિશાસંકેત જ આપવો છે

પરિસંવાદમાં વિદ્વાન વક્તાઓએ પરિશ્રમ લઈને પોતાનો સ્વાધ્યાય રજૂ કર્યો એટલું જ નહીં, ગુજરાતી સંતવાણીની સાંગીતિક પ્રસ્તુતિઓ નિરંજન રાજ્યગુરુએ અને દલપત પઢિયારે – આપણી ભજનપરંપરા કેટલી સમૃદ્ધ છે – તે અન્ય ભાષાભાષીઓને – અને ગુજરાતી શ્રોતાઓ તો ખરા – એમને મળેલા સીમિત સમયમાં પણ દર્શાવ્યું. આજે જ્યારે સરેઆમ ભજનપરંપરાનું ભારે વ્યવસાયીકરણ થઈ રહ્યું છે ત્યારે આવા ઉપક્રમો વધારે રચાય તો આવકાર્ય બની રહે – અને ખાસ તો ગુજરાતી ભાષાસાહિત્યનો જે વિશાળ વિરાટ અધ્યાપક વર્ગ છે તેમની સમક્ષ ખાસ – જેનાથી દીક્ષિત થઈ એ અધ્યાપકો એ વાત પોતાના છાત્રો સુધી લઈ જાય, કદાચ. આશા રાખવામાં શો વાંધો છે ?

પરિસંવાદમાં એક વિદ્વાને જ્ઞાનેશ્વરના મરાઠી પ્રેમ વિશે વાત કરતાં જરા અવળવાણીમાં કહેલું કે તત્ત્વચર્ચા માટે વિદ્વાનો જ્યારે સંસ્કૃતનો જ આધાર લેતા ત્યારે એમણે ભગવદ્ ગીતાની ટીકા મરાઠીમાં લખવાનું 'પાપ' કર્યું – પણ આપણે પાપ કહી શકીએ તો મારે કહેવું છે કે એ જો જ્ઞાનેશ્વરના લોકાભિમુખ એવા સ્તુત્ય વલણને શતાધિક પુણ્યોથી ચઢિયાતું છે જ્ઞાનેશ્વરની ઓવી અને તુકારામના અભંગોએ મરાઠી ભાષાને ચિરંતનતા આપી છે આપણે ત્યાં જેમ નરસિંહનાં પ્રભાતિયાં, મીરાંનાં પદો ને અખાના છપ્પાએ. પણ સંતકવિઓનો વારસો એમના 'મઠો'માં કે માત્ર એમના અનુયાયીઓમાં માત્ર વિધિવિધાન (રિચ્યુઅલ) રૂપે ન રહેતાં સૌ સામાન્ય જનોમાં પણ વહેતો રહે એવા વધારે ને વધારે ઉપાયો થવા જોઈએ, એટલું જ નહીં, ઘણાબધા નીકળી પડેલા ધંધાદારી 'ભગતો'થી એ સંતવાણીને દૂષિત થતી બચાવવી પણ જોઈએ.

ટી.એસ. એલિયટે ધર્મકવિતાને ગૌણ કવિતા (minor poetry) કહી છે તે ખ્રિસ્તી ધર્મકવિતા સંદર્ભે ભલે સાચું હશે પણ ભારતવર્ષમાં ભક્તિકવિતા એ અક્ષુણ્ણ એવી મુખ્ય (major) કવિતાધારા છે અને એ માત્ર નરી 'भक्ति' નથી, એને વહન કરનાર સુવર્ણમય પાત્ર કહેતાં, 'कविता' પણ છે આ દેશમાં તત્ત્વજ્ઞાનની સમૃદ્ધ પરંપરા છે પણ વિદ્વદ્ભોગ્ય તત્ત્વજ્ઞાનને અનુભૂતિપ્રવણ સંતકવિઓ સામાન્યજન સુધી લઈ ગયા છે – એટલે હજીય ભજનિકોની મૌખિક પરંપરા જીવંત છે અને સુદૂર ગામોમાં એ ભજનવાણીના શ્રોતાઓની. બહુભાષી ભારતની તમામ ભાષાઓ માટે આ વાત એટલી જ સાચી છે કેમ કે આ દેશમાં શરૂમાં જ કહ્યું તેમ, એક વિશાળ અર્થમાં ધર્મ અને કવિતા પર્યાયરૂપ છે આપણી સમૃદ્ધ સંતકવિતા તો અઘોષિત રૂપે એ વાત સિદ્ધ કરે જ છે

૩૦ સપ્ટેમ્બર, ૨૦૦૧

ભોળાભાઈ પટેલ

# અમારું માણસ !

અનિલ વ્યાસ

1

પી.એસ.આઈ. ખોખરે કપડું હટાવ્યું.

બસ કે ટ્રકના પૈડાની ધારે ઘસાઈને ફસકાઈ ગયેલા તડબૂચ જેવી ચહેરાની અવદશા થઈ હતી. કાળા-સૂકા લોહીનો પોપડો બાઝેલો ચહેરો વિચિત્ર આકારનો લાગતો હતો. પોપડા નીચે લોટના સૂકા પિંડા જેવો દેખાતો ગાલનો ભાગ અને ખુલ્લી તગતગતી આંખ. બીજી આંખનું પોપચું ફૂલીને તસતસતું હતું. એનું ઊખડી ગયેલું પડ પવનમાં સેજસાજ ફરફરતું હતું. કમ્મરથી વળીને અક્કડ થઈ ગયેલા ડાબા અને ફૂલેલા, ઉતરડાઈ ગયેલી ચામડીવાળા જમણા પગથી એ બેઠી બેઠી જ સૂઈ ગઈ હોય એમ લાગતું હતું. એનો એક હાથ માથા નીચે સીધો સૂકા લાકડા જેમ લંબાયેલો હતો. બીજો પેટ તરફ વળીને ચોંટી ગયો હતો. હથેળી અને પેટ ફૂલીને ફોગાઈ ગયાં હતાં. આખા શરીરે પીળી-બદામી ને ક્યાંક ક્યાંક ચોંટેલી કાળી ચામડી જોતાં જ સંજયના મોંમાંથી લાત ખાધેલા પશુ જેવો કણસાટ નીકળ્યો ખોખર પહેલાં અચકાયા પણ પછી ટટ્ટાર થયા.

'આઈડેન્ટીફાઈ કરી શકશે આ ભાઈ ?'

મોટા ભાઈએ એને ખભેથી પકડી પડખામાં લીધો. તું જો તો ખરો આમ... સંજય સહેજ લથડતો, ઊંડો શ્વાસ લેતો અમળાયો, મોટાભાઈની પકડમાંથી છૂટો થતાં ફર્યો.

'જહાં દબી પડી થી વહીં નહીં ફૂલી, બાકી આધી લાશ તો પાની મેં થી.

'ઈસીલિએ ઈતની બદબૂદાર હૈ.

થોડા ફિનાઈલ છીંટક દેના ચાહીએ.

'ચૂપ યાર. ઉસકા મરદ હૈ ઈધર. સાંભળી લછમન પૂરબીયા સહેજ મલક્યો. વળતી પળે તીવ્ર વાસ અનુભવાઈ હોય એમ મોંએ રૂમાલ ચઢાવતો બે ડગલાં પાછળ ખસ્યો.

સંજય સ્વસ્થ થતાં નમીને એકધારું જોઈ રહ્યો આમતેમ પગ તરફ... અંગેઅંગને તપાસતો... ધડિમ્ ધડિમ્ કોઈ ઠોકતું હોય એમ અવાજો... થોડી ધ્રુજારી, દીવાલોનો થરથરાટ... સ્વાતિ એ વખતે બાથરૂમમાં હતી પહેલાં તો કશી સમજણ પડી જ નહીં. અત્યારની જેમ જ રસ્તા પર કોઈ મશીન આવ્યું કે કોઈ વિમાન સાવ નીચું.. ખબર પડે એ પહેલાં તો મકાન ફરીથી હલ્યું. એ માંડ પડતા બચ્યો ને નર્યા અવાજો... ચીસો... ધમધમાટ, સડાચડ એણે સૂતેલા સ્વીટુને ઊંચક્યો, રમતી સેજલને ખેંચી. બૂમો પાડી સ્વાતિ... સ્વાતિ... ધરતીકંપ થયો છે જલ્દી બહાર નીકળ, કહું છું જલ્દી... સ્વાતિ... એ એકસામટાં ત્રણ ત્રણ પગથિયાં કૂદતો નીચે ભાગતો હશે એ જ વખતે એ કદાચ સફાળી હાથ લંબાવી કપડું લેવા ગઈ હશે ને... પણ ના, આ સ્વાતિ નથી. એનું આકારબદ્ધ શરીર, એની રેશમી ત્વચા, લાંબી આંગળીઓ, પ્રમાણસર પગ... ના ના.

ઈન્સ્પેક્ટર એનો બબડાટ સાંભળી નમ્યા.

તમે જુઓ, બરાબર ધ્યાનથી જુઓ, મિસ્ટર સંજય

"મારાથી નથી જોવાતું. ભલે એ મારી વાઈફ ના હોય – તોય નથી જોવાતું. ઢાંકી દો પ્લીઝ

તમારે જ ઓળખ કરવાની છે એટલે... જુઓ બર્થમાર્ક કે મસો કે તલ... અરે વાગ્યાનું નિશાન... તમને તો યાદ હોય ને એમનું બોડી. એક ક્ષણ શ્વાસ અટકી ગયા જેવું થયું.

તું એકદમ જિપ્સી જેવી લાગે છે સ્વાતિ.

એની આંગળીઓ અવળે પડખે સૂતેલી સ્વાતિના લાંબા સુડોળ પગ પર ફરતી રહેતી. ભીની માટીમાં કોતર્યા હોય એવા નિતંબ પર હથેળી પસવારતો એ સહેજ પણ ચરબી વગરની સાથળ દબાવતો ત્યારે એ સિસકારી ઊઠતી. એ એની પાતળી કમર કોણી અને ખભા વચ્ચે દબોચતાં એને આંચકાભેર ફેરવી કાઢતો.

"હટ સાલા જડ એ ટહુકાર થતી. એ વખતે એની નાભિની જમણી બાજુનો ઝીણો કાળો મસો બરાબર આંખ સામે આવી જતો. એ મસામાં એક ઝીણો વાળ ઊગતો...

ફૂલેલું તસતસ પેટ જોઈ રહ્યો. નાભિ ઊંડી જઈ આસપાસનો ભાગ ઊપસી આવ્યો હતો અને એ ભાગ પરની ચામડી સાવ ઊતરી ગઈ હતી. જ્યાં મસો હતો એ ભાગ વળીને ચોંટી ગયેલા હાથ નીચે દબાઈ ગયો હતો.

એનું લાંબું ગળું, ઊંચા ગાલ, કમાનદાર ભમ્મરો, ભમ્મર અને પોપચાંની વચ્ચે નાનકડી લીટી જેવી વધારાની કરચલી જેવી કિનારી હતી. એકવાર સહેજમાં સ્કૂટર પર અથડાતાં બચી ગયેલાં. ખટારો સડસડાટ પસાર થઈ ગયો. "હું મરી જાઉં ને મારું શરીર ચૂંથાઈ જાય તોય આ આંખ પરથી તમે મને ઓળખી પાડો. એણે જવાબ આપેલો નહીં. ચુપચાપ એને નજીક ખેંચી ક્યાંય સુધી એની પાંપણ પર આંગળી ફેરવ્યા કરેલી.

એ પોપચું ફૂલીને ફોગાઈ પાકેલા ગુમડા જેવું... ભમ્મર વગરનું ફૂલેલુ એ પોપચું જોતાં એ બીતો હોય એમ જરા દૂર ખસ્યો.

સ્વાતિનો ચહેરો સહેજ લાંબો અને બદામ જેવો હતો. એની હડપચી પર ઘેરો શાહી જેવો એક તલ હતો. તલ તો સીધા પાતળા નાક અને સહેજ મોટી મોંફાડના ખૂણેય હતો અને... એ ઊંચો થયો, ફર્યો ને બોલ્યો ના, આ સ્વાતિ નથી. મોં જોઈને જ હું તમને.

"મોં તો પચકાઈ ગયું છે આખું. શું ઓળખાય છે આમાં ? પાછું લોહી સુકાઈ ગયું છે ને લાશ...

"પણ એના વાળ કાળા હતા.

આ ધોળા છે ? ઇન્સ્પેક્ટરે બૂટ લંબાવી વાળ દેખાડવા જેવું કર્યું. ચપ્પટ-ડામર ચોપડ્યો હોય એવા ભીંગડાં સામે એ જોઈ રહ્યો. વાળ તો... સ્વાતિના વાળ પણ આવા જ લાંબા ને... પૂરેપૂરા કાળા તો નહોતા જને ?"

થોડા ઘુમાવો બૉડી કો.

"એક જણે હાથમાં રહેલો પાઈપ લંબાવ્યો એ જોઈ સામેથી આવતા આર્મી ઑફિસરે બૂમ મારી અબે ઓ, હાથ લગાઓ ભાઈ

એની પીઠ અડધી વળેલી, કરચલીવાળી ને અડધી પાંસળીઓ સાથે ચોંટી ગઈ હતી. ખભો નીચેથી ફૂલીને તતડી ગયો હતો. ફોગાયેલી ચામડી પર વાળ ગૂંચળું વળી ચોંટ્યા હતા. કદાચ આવા મેંદી કલર...

કેટલીય વખત સ્વાતિને માથુ ધોઈ આપ્યું છે અરે તેલ પણ સિંચી આપ્યુ છે ને વાળનો ચોક્કસ રંગ... કાળા જ હતા કે આવા સાધારણ ભૂખરા... કેમ કશું યાદ નથી... એણે વાળ પકડવા હથેળી લંબાવી, નમ્યો ને ઉબકો ઉછળાવતી, શારી નાખતી તીવ્ર દુર્ગંધ નાકમાં પ્રવેશી. એ શ્વાસ રોકે દૂર ખસે એ પહેલાં તો લાશના ચપ્પટ થઈ ગયેલા કાન નીચેથી ચમકતું કેસરી કાળાં ટપકાંવાળું જીવડું બહાર આવ્યું ને ગળા પર થઈને દોડતું... એ કૂદ્યો, ઝડપથી ખસ્યો પેલા આર્મી આફિસરે એનો ખભો પકડી લીધો. ખાસું વજન અનુભવાયું. કુછ નહીં, જીવજંતુ હૈ ખાલી. ક્યારે આવ્યા આ ઑફિસર ! એમને સામે જોઈ તરત નીચું જોઈ ગયો.

'હો ગયા ? ભેજી દેવાના છે બોડી ?'

'ના સાબ. આઈડેન્ટીફાઈ થાય ત્યારેને, આ ભાઈ તો કહે છે આ એમનાં વાઈફ છે જ નહીં.

'આયાની કિ... તબ યે કૌન છે ભાઈ તમે ઓળખો છો આમને, તો એમના નામ બતાવો, આ લાશ બી આ ટાવરમાંથી નીકળ્યા છે બરાબર ને ?'

'હા બરાબર. પણ આ મારાં વાઈફ નથી.

ફરી આવા વાત શું કામ કરો છો ? હમણાં તો મલબા ભી બધું હટી રહ્યાં છે આ લાસ્ટ બોડી નિકાલવાનાં બાકી હતાં તે નિકાલી લીધાં. ને જો બી છે નજરનાં સામે છે સાફ મલબા ને આ લાશ. અન્ડરસ્ટેન્ડ ? તમારે ઓળખ કરી દેવાનાં એટલે. પી.એમ. થઈ જાય ને બોડી મળી જાય.

'પણ આ મારાં વાઈફ નથી. તમે કેમ સમજતા નથી.

'સમજવાનો ક્યાં સવાલ છે ભાઈ ? બિલ્ડિંગમાં કુલ ૪૦ ફ્લેટ્સ, ૩૬ રહેણાંક અને ચાર ખાલી. છત્રીસ ફ્લેટ્સમાં કુલ માણસો ૧૬૮ એમાંથી તેપન માણસો તો મકાન તૂટતા પહેલાં નીકળી આવ્યાં. સત્યાવીસ કાટમાળમાંથી જીવતાં નીકળ્યાં. સીત્યાશી બોડી સોંપાઈ ગઈ એમનું તો ક્રિયા કરમેય થઈ ગયું. છેલ્લી બે બોડી આજે મળી એક જેન્ટ્સ એક લેડીઝ પેલા ભાઈનું તો બોડી સોંપાઈ પણ ગયું હશે. આ એક જ બોડી બાકી છે એ તમારા વાઈફની છે સાવ ક્લિયર વાત છે

'ના, ખોખર સાહેબ ના. આ મારાં વાઈફ છે જ નહીં. હું મારી વાઈફને ના ઓળખું. તમે આવી રીતે પરાણે બીજી કોઈ સ્ત્રીને... હાઉ કેન યૂ ડેર...

'હવે ડેર ને ફેર. બોડી ઓળખી લો એટલે છૂટકો આવે. પેલાઓએ તો બે ટ્રેક્ટરે ભરી કાઢ્યા. હમણાં સાંજ પડી જશે પછી પોસ્ટમોર્ટમે નહીં થાય કોન્સ્ટેબલ બોલ્યો.

સાચું કહું છું વિજયભાઈ તમે સમજાવો તમારા ભાઈને, એમને બહુ આઘાત લાગ્યો છે એટલે કશું ઓળખી શકતા નથી.

સંજય બોલવા ગયો. ઓળખવાની વાત કરો છો. અરે હું ઓળખું છું આ ૨૮ નંબરવાળા ચિંતન શેઠની વાઈફ લાગે છે હેમાંગિની... પણ હેમાંગિનીનું તો બેસણુંય...હા છાપમાં વાંચ્યું હતું. ચાર દિવસ પહેલાં જ...ઓહ ગોડ. તો એ લોકોએ... આગળ કશું વિચારે એ પહેલાં મોટા ભાઈએ એને એક તરફ ખેંચ્યો.

'આ સ્વાતિ જ છે ને સંજય !'

'ના મોટા ભાઈ આઠ એમ સ્કોર આ તો...

'એટલે ?' એ અવાચક બનીને સંજય સામે જોઈ રહ્યા તેમની આંખના ખૂણે પાણી તબકતાં હતાં. એક પળ... પાણી ઝમ્યાં ને એ બોલ્યા. 'તો પછી ?' બાકીના શબ્દો ધ્રુસકામાં ઓગળી ગયા ને સાવ હેબતાઈ ગયા હોય એમ મોં ફાડી સામે ભરાતા ખુલ્લા ટ્રેક્ટર સામે જોતાં બોલ્યા. હવે તો બધું સાફ થઈ ગયું. સાવ સાફ ?' ને હવામાં હથેળી ઘુમાવતાં ખેસથી મોં છૂપાવી બેસી પડ્યાં.

આર્મી ઓફિસરે ખોખરને કશીક સૂચના આપતાં વિજયભાઈ તરફ ધકેલ્યા અને એ સંજયનો ખભો દબાવી. 'બી પ્રેક્ટિકલ મેન. કહેતાં આગળ વધ્યા. ખોખરે મોટા ભાઈને ઊભા કર્યા.

'જુઓ તમે ઓળખ નહિ કરો તો મોટો પ્રોબ્લેમ થશે ભાઈ નાછૂટકે અમારે લાશને બિનવારસી જાહેર કરવી પડશે. ટાઈમ વેસ્ટ ના કરો યાર. હમણાં અંધારું થઈ જશે પછી તો તમને આ લાશ બી નહીં મળે અને એ તમારાં વાઈફ નથી તો કોણ છે ? એક પણ બોડી બાકી નથી. જે લીસ્ટ મળેલું એ તમામની બોડી મળી ગઈ છે લીસ્ટ ઓવર હીયર.

'એટલે આ સ્વાતિ નથી તોપણ હું હા પાડી દઉં ?'

'બરાબર દેખી લો. બે-ચાર સગાંવહાલાંને પણ દેખાડી જુઓ. આ જ હોય ને તમારાં વાઈફ બીજી છે કોઈ ?'

'મને...મને મારી પત્નીની ખબર પડતી નથી એમ કહો છો ?'

'ના પાડો છો પછી શું કહેવાનું ? જુઓ તમે બરાબર સમજી લો... ખોખરનો અવાજ સહેજ કડક થયો. તમે કહો છો એમ આ તમારાં પત્ની નહીં હોય પણ હવે બીજી કોઈ લાશ નથી. સામે દેખાતા ખુલ્લા મેદાન-અડધા તૂટેલા બહુમાળી મકાન અને પાછળ હટતા જેસી.બી. મશીન તરફ આંગળી ચીંધતા બોલ્યો – કાટમાળ ખાલી છે એની ગેરંટી અમે આપીએ છીએ. મિલટરી આપરેશન પણ પૂરું થાય છે એટલે સમજી જાવ. જોઈ લો, તમારાં વાઈફને બરાબર ધ્યાનથી જોઈ લો ભલા માણસ. કહી મોટા ભાઈના ખભે હાથ મૂકી કહે, 'બાચીસ છે ?'

આંખ સામે બધું હડસેલાતું હતું. રહ્યોસહ્યો કાટમાળ ટ્રેક્ટરો, મશીનો, મિલટરી સૈનિકો... ચારે બાજુ ટોળે વળેલુ લોક વિખેરાતું હતું. તે દિવસની જેમ જ... કશી ખબર નહોતી કશીય. સેજલની આંગળી ક્યારે છૂટી ગઈ ક્યારે સ્વીટુ હાથમાથી ફેંકાઈ ગયો. કશી સરત રહી નહોતી. ભાન આવ્યું ત્યારે ગાઢ અંધકાર વચ્ચે ટૂંટિયું વળીને પડ્યો હતો. એનો પગ પગથિયા અને સ્લેબના ગચિયાં વચ્ચે બરાબર ફસાયેલો. સૂકા લોહીનો તરડાટ, શારી નાંખતી, કોઈ છોડિયાં ઉખેડતું હોય એવી પારાવાર પીડા... આવી જ પીડા થઈ હશે ને સ્વાતિને ? એના મોંમાંથી સંજય કે... પણ એ તો પછીની ક્ષણે ક્ષણ માત્ર એની જ ચિંતા – પણ એ વખતે તો મન ખાળ કૂવાની જેમ ગંધાય છે કોને ધિક્કારવાં ? જીવ ને જાત ને ? ને સામે સૂતી છે એ... આટલા દિવસોથી રોજ કાટમાળ ફેંદતો હશે, પડતાં સ્લેબ, ખરતા કાંકરાઓ વચ્ચે સેજલ મારી દીકરીય સાવ આવી જ થઈ ગઈ હશે. હૉસ્પિટલમાં મોટા ભાઈએ ખભે હાથ મૂકી કહ્યું, સેજલ... એ કશું બોલ્યા નહોતા. ઈંજેક્શનની સોય વાગવા જેવું થયું. બસ ! મોટીબાના હાથમાં, પગે પ્લાસ્ટર વીંટેલો સ્વીટુ જોયો. ને એને

કેટલીય વખત સ્વાતિને માથુ ધોઈ આપ્યું છે અરે તેલ પણ સિંચી આપ્યું છે ને વાળનો ચોક્કસ રંગ... કાળા જ હતા કે આવા સાધારણ ભૂખરા. કેમ કશું થતું નથી... એણે વાળ પકડવા હથેળી લંબાવી, નમ્યો ને ઉબકો ઉછળાવતી, શારી નાખતી તીવ્ર દુર્ગંધ નાકમાં પ્રવેશી. એ શ્વાસ રોકે દૂર ખસે એ પહેલાં તો લાશના ચપ્પટ થઈ ગયેલા કાન નીચેથી ચમકતું કેસરી કાળાં ટપકાંવાળું જીવડું બહાર આવ્યું ને ગળા પર થઈને દોડતું... એ કૂદ્યો, ઝડપથી ખસ્યો પેલા આર્મી ઑફિસરે એનો ખભો પકડી લીધો. ખાસું વજન અનુભવાયું. કુછ નહીં, જીવજંતુ હૈ ખાલી. ક્યારે આવ્યા આ ઑફિસર ! એમને સામે જોઈ તરત નીચું જોઈ ગયો.

'હો ગયા ? ભેજી દેવાના છે બૉડી ?'

'ના સાબ. આઇડેન્ટીફાઇ થાય ત્યારેને. આ ભાઈ તો કહે છે આ એમનાં વાઇફ છે જ નહીં.

'માયાની કિ... તબ યે કૌન છે ભાઈ તમે ઓળખો છો આમને, તો એમના નામ બતાવો. આ લાશ બી આ ટાવરમાંથી નીકળ્યા છે બરાબર ને ?'

'હા બરાબર. પણ આ મારાં વાઇફ નથી.

ફરી આવા વાત શું કામ કરો છો ? હમણાં તો મલબા બી બધું હટી રહ્યાં છે આ લાસ્ટ બૉડી નિકાલવાનાં બાકી હતાં તે નિકાલી લીધાં. ને જો બી છે નજરનાં સામે છે સાફ મલબા ને આ લાશ. અન્ડરસ્ટેન્ડ ? તમારે ઓળખ કરી દેવાનાં એટલે. પી.એમ. થઈ જાય ને બૉડી મળી જાય.

'પણ આ મારાં વાઇફ નથી. તમે કેમ સમજતા નથી.

'સમજવાનો ક્યાં સવાલ છે ભાઈ ? બિલ્ડિંગમાં કુલ ૪૦ ફ્લેટ્સ, ૩૬ રહેણાંક અને ચાર ખાલી. છત્રીસ ફ્લેટ્સમાં કુલ માણસો ૧૬૮ એમાંથી તેપન માણસો તો મકાન તૂટતા પહેલાં નીકળી આવ્યાં. સત્યાવીસ કાટમાળમાંથી જીવતાં નીકળ્યાં. સીત્યાશી બૉડી સોંપાઈ ગઈ એમનું તો ક્રિયા કરમેય થઈ ગયું. છેલ્લી બે બૉડી આજે મળી એક જેન્ટ્સ એક લેડીઝ પેલા ભાઈનું તો બૉડી સોંપાઈ પણ ગયું હશે. આ એક જ બૉડી બાકી છે એ તમારા વાઇફની છે સાવ ક્લિયર વાત છે

'ના, ખોખર સાહેબ ના. આ મારાં વાઇફ છે જ નહીં. હું મારી વાઇફને ના ઓળખું. તમે આવી રીતે પરાણે બીજી કોઈ સ્ત્રીને... હાઉ કેન યૂ ડેર...

'હવે ડેર ને ફેર. બૉડી ઓળખી લો એટલે છૂટકો આવે. પેલાઓએ તો બે ટ્રૅક્ટરે ભરી કાઢ્યાં, હમણાં સાંજ પડી જશે પછી પોસ્ટમોર્ટમે નહીં થાય કોન્સ્ટેબલ બોલ્યો.

'સારું કર્યું છું વિજયભાઈ તમે સમજાવો તમારા ભાઈને. એમને બહુ આઘાત લાગ્યો છે એટલે કશું ઓળખી શકતા નથી.

સંજય બોલવા ગયો. ઓળખવાની વાત કરો છો. અરે હું ઓળખું છું. આ ૨૮ નંબરવાળા ચિંતન શેઠની વાઇફ લાગે છે હેમાંગિની... પણ હેમાંગિનીનું તો બેસણુંય...હા. છાપામાં વાંચ્યું હતું. ચાર દિવસ પહેલાં જ...ઓહ ગોડ. તો એ લોકોએ... આગળ કશું વિચારે એ પહેલાં મોટા ભાઈએ એને એક તરફ ખેંચ્યો.

'આ સ્વાતિ જ છેને સંજય !'

‘ના મોટા ભાઈ આઇ એમ સ્યોર આ તો...

‘એટલે ?’ એ અવાચક બનીને સંજય સામે જોઈ રહ્યા તેમની આંખના ખૂણે પાણી તબકતાં હતાં. એક પળ... પાણી ઝમ્યાં ને એ બોલ્યા. તો પછી ?’ બાકીના શબ્દો ધ્રુસકામાં ઓગળી ગયા ને સાવ હેબતાઈ ગયા હોય એમ મોં ફાડી સામે ભરાતા ખુલ્લા ટ્રેક્ટર સામે જોતાં બોલ્યા. હવે તો બધું સાફ થઈ ગયું, સાવ સાફ ?’ ને હવામાં હથેળી ઘુમાવતાં ખેસથી મોં છુપાવી બેસી પડ્યાં.

આર્મી ઓફિસરે ખોખરને કશીક સૂચના આપતાં વિજયભાઈ તરફ ધકેલ્યા અને એ સંજયનો ખભો દબાવી. ‘બી પ્રેક્ટિકલ મેન. કહેતાં આગળ વધ્યા. ખોખરે મોટા ભાઈને ઊભા કર્યા.

‘જુઓ તમે ઓળખ નહિ કરો તો મોટો પ્રોબ્લેમ થશે ભાઈ નાછૂટકે અમારે લાશને બિનવારસી જાહેર કરવી પડશે. ટાઇમ વેસ્ટ ના કરો યાર. હમણાં અંધારું થઈ જશે પછી તો તમને આ લાશ બી નહીં મળે અને એ તમારાં વાઇફ નથી તો કોણ છે ? એક પણ બોડી બાકી નથી. જે લીસ્ટ મળેલું એ તમામની બોડી મળી ગઈ છે લીસ્ટ ઓવર હીયર.

‘એટલે આ સ્વાતિ નથી તોપણ હું હા પાડી દઉં ?’

‘બરાબર દેખી લો. બે-ચાર સગાંવહાલાંને પણ દેખાડી જુઓ. આ જ હોય ને તમારાં વાઇફ બીજી છે કોઈ ?’

‘અને...મને મારી પત્નીની ખબર પડતી નથી એમ કહો છો ?’

‘ના પાડો છો પછી શું કહેવાનું ? જુઓ તમે બરાબર સમજી લો... ખોખરનો અવાજ સહેજ કડક થયો. તમે કહો છો એમ આ તમારાં પત્ની નહીં હોય પણ હવે બીજી કોઈ લાશ નથી. સામે દેખાતા ખુલ્લા મેદાન-અડધા તૂટેલા બહુમાળી મકાન અને પાછળ હટતા જેસી.બી. મશીન તરફ આંગળી ચીંધતા બોલ્યો – કાટમાળ ખાલી છે એની ગેરંટી અમે આપીએ છીએ. મિલટરી ઓપરેશન પણ પૂરું થાય છે એટલે સમજી જાવ. જોઈ લો, તમારાં વાઇફને બરાબર ધ્યાનથી જોઈ લો ભલા માણસ. કહી મોટા ભાઈના ખભે હાથ મૂકી કહે, ‘ઓકીસ છે ?’

આંખ સામે બધું હડસેલાતું હતું. રઘોસઘો કાટમાળ ટ્રેક્ટરો, મશીનો, મિલટરી સૈનિકો... ચારે બાજુ ટોળે વળેલું લોક વિખેરાતું હતું. તે દિવસની જેમ જ... કશી ખબર નહોતી કશીય. સેજલની આંગળી ક્યારે છૂટી ગઈ ક્યારે સ્વીટુ હાથમાંથી ફેંકાઈ ગયો. કશી સરત રહી નહોતી. ભાન આવ્યું ત્યારે ગાઢા અંધકાર વચ્ચે ટૂંટિયું વળીને પડ્યો હતો. એનો પગ પગથિયાં અને સ્લેબના ગચિયાં વચ્ચે બરાબર ફસાયેલો. સૂકા લોહીનો તરડાટ, શારી નાખતી, કોઈ છોડિયાં ઉખેડતું હોય એવી પારાવાર પીડા... આવી જ પીડા થઈ હશે ને સ્વાતિને ? એના મોંમાંથી સંજય કે... પણ એ તો પછીની ક્ષણે ક્ષણ માત્ર એની જ ચિંતા – પણ એ વખતે તો મન ખાળ કૂવાની જેમ ગંધાય છે કોને ધિક્કારવાં ? જીવ ને જાત ને ? ને સામે સૂતી છે એ... આટલા દિવસોથી રોજ કાટમાળ ફેંદતો હશે, પડતા સ્લેબ, ખરતા કાંકરાઓ વચ્ચે સેજલ મારી... દીકરીય સાવ આવી જ થઈ ગઈ હશે. હૉસ્પિટલમાં મોટા ભાઈએ ખભે હાથ મૂકી કહ્યું, સેજલ... એ કશું બોલ્યા નહોતા. ઇંજેક્શનની સોય વાગવા જેવું થયું. બસ ! મોટીબાના હાથમાં, પગે પ્લાસ્ટર વીંટેલો સ્વીટુ જોયો. ને એને

'હું મરી જાઉં
'એક ખેંચી દઈશ ને.
'પણ ધારી લોને. કદાચ મરી જાઉં તમારી પહેલાં,મરી જાઉં તો મને તમારે તૈયાર કરવાની બધો જ મેક-અપ લગાવવાનો. હુ આવી જ સરસ... બાકીના શબ્દો એની હથેળીની ભીંસ... વ્હાલ...ને તોફાનમાં ડૂબી ગયા હતાં. શરીર પર પડતા તડકા અને પડછાયાના પટ્ટાઓમાં કશોક ફરકાટ હોય એવું થયું ક્ષણ ભર. ને પછી વજુકાકાની ભીંસમાં સઘળું ઓગળી ગયું.

એને દોડીને મોટા ભાઈને ભેટીને મોટેથી રડવાનું, ચાટં પાડી પાડીને કહેવાનું મન થતુ હતું. એ કદાચ જીવતી હોત, સ્વાતિ જીવતી હોય. પેલા લોકોએ બાળી મૂકી એ કદાચ કોઈ મહેમાન, અરે નોકરાણી, ટ્યુશન માટે આવેલી શિક્ષિકા... ગમે તે... ને સ્વાતિ. તમે સમજો મોટા ભાઈ જરા સમજો... પણ કશું શક્ય નહોતું. સામે ઊભેલા, થાકેલા, ઉદાસ ચહેરા, રાતીચોળ આંખે એને જોઈ રહ્યા હતા. કોઈ દીવાલ સામે જોતા હોય એમ થોડીવાર પછી ગણગણાટ શરૂ થયો, બીક લાગે એવી ભીંસ સર્જતો ગણગણાટ મોટા ભાઈનો, વજુકાકાનો, કિરીટનો, આવેલા સગાંવહાલાંનો... દૂર કોઈ હસતાં તાળી દેતાં હતાં.

'જાણું ખરું કે વાય. પેલાની દીકરીને કોકે બારોબાર બાળી મેલી ને કો કની બાયડી આને ભટકાડે છે ?'

'ના હોય ?'
'હું સાંભળીને આવ્યો એ ખોટું ?'
'પણ મરેલી શું કરવાની ?'
'આમાં તો હાથી જેવું કહી પેલાએ આંખ મીંચકારી.

દીવાલો ધબાક ધબાક હલતી હતી. ટાઈલ્સોમાંથી અવાજો આવતા હતા. આખી ઇમારત વંટોળિયામાં અમળાતા ઝાડની જેમ... ખડ્ડડ્ડ-ખડ્ડડ્ડ બધું ફસડાઈ પડે એટલું દબાણ. મોટા ભાઈ કશુંક બોલતા હતા પણ વજુકાકા જાણે સાંભળતા જ નહોતા. ખોખર હાથ ઊંચા-નીચા કરી એમને સમજાવતા હતા.

શ્વાસની ધમણ જોરજોરથી ચાલતી હતી. વેરણ-છેરણ-ચારેકોર લોહીથી લથબથ કચડાયેલી કપાયેલી લાશો. દીકરીની–પાડોશીની... માત્ર ચાદર ઓઢાડવાની જ બાકી એ સિવાય... ને એનું શરીર તો વજનદાર સ્લેબ અને પગથિયાં વચ્ચે...

પણ આ સ્વાતિ નથી. એના હાથ તો એકદમ કૂણા, વડની આછેતરી ગુલાબી રૂપેરી કૂંપળ જેવા મુલાયમ ને હૂંફાળાય ખરા. સ્વાતિનું જબરું હતું આમ ઇચ્છે તો હિલોળા દેતા તળાવ જેવી પણ મનમોજી ખરી એટલે મૂડ ન હોય તો પેલું છલ્લોછલ્લ તળાવ ગાઢા જંગલમા ક્યાં ખોવાઈ જાય ખબરેય ન પડે !

પણ એની હથેળીમાંથી ઝરતો સ્પર્શ... લાશ પરથી કપડું ખસેડી લબાયેલો હાથ જોયો. સૂકા બઠ ઝરડાં જેવી આંગળી જોઈને બબડ્યો. 'આ સ્વાતિ નથી. કોઈએ એને ઊભો કર્યો. 'ભાઈ અહીં સહી કરી દો. આ જ સ્વાતિ.

'ના.
'જીદ શું કામ કરો છો, ભાઈ આવે વખતે તો. કોઈએ એનો હાથ પકડ્યો. મોટા

ભાઈ જ એ એક ક્ષણ એમની સામે જોઈ રહ્યો. એની લાચાર નજરને નિમાણો ચહેરો ન જોવાતો હોય એમ મોટા ભાઈ નીચું જોઈ ગયા. કોઈ બોલતું હતું –

'જે હોય એ. બિચારી મરી ગઈ છે અને રસ્તે રઝળતાને અગ્નિ આપવાનુંય પૂન છે. આ તો બાઈ માણસ ને પાછી હ્લેટની જ... એટલે...

હું ફોન કરી દઉં છું. પી.એમ.ની ફોર્માલિટીય પતી જશે. પછી સીધા ઇલેક્ટ્રિકમાં જ લઈ જજો. ગંધ બહુ મારે છે એટલે કહું છું. પાછળ જ છે સ્મશાન બારોબાર સમજ્યાં ?'

'હા.

'બળી જાય એટલે વાત પૂરી. કરીશું બોડીના કાગળિયાં કાલે. ઓ.કે ?'

કોણ બોલે છે આ બધું ? કોઈ મને તો પૂછો ? નથી કરવા અગ્નિસંસ્કાર. નથી જોઈતું પુણ્ય. આમ છાતી ચીરીને સીધું હૃદય... અરે સ્વાતિ તો... દરિયાના અગાધ ઊંડાણમાં તેનો અવાજ ગાજતો હતો.

કેવી એકલી પડી જતી ? મારા વગર એને ગોઠતું નહીં. મને વળગીને સૂવાની ટેવ હતી એને. ખુલ્લામાં તો જરાય ગમતું નહીં. કેવી ગુસ્સે થઈ જતી ? એ એના ખભે હાથ વીંટાળી આગ્રહપૂર્વક ઘરમાં લઈ આવતો... 'બેસ.

આખો દિવસ ધમાલ-દોડાદોડી-કલબલાટ અને હો હા વચ્ચેય પગ પર પગ ચઢાવી વૉકમૅનથી ગઝલો સાંભળતી... અત્યારેય પગ પર પગ ચઢાવીને જ... પણ આ સ્વાતિ નથી. એ તો રાખ બનીને.

કોઈએ એને હચમચાવ્યો.

ક્યાં સળગાવી હશે એને એ લોકોએ ? ક્યાં ? એનું શરીર ગંધાતું હશે, આ રીતે ? એની આંખની પાંપણે ઝૂલતી ક્નિાર... ખોખર કહેતા તા એમ એનો ચહેરોય...

કોઈએ ફરી હચમચાવ્યો... 'ભાઈ

'સહી કર સંજય, સાંભળતો નથી ? સહી કર.

એણે નજર ઉઠાવી. ચારે બાજુ માણસો જ માણસો. ચહેરેમહોરે જુદા માણસો. નજીક ઊભેલાં સહુ ઉત્સુક દૂર ઊભેલા એથીય વધુ ઉત્સુક ને એ સિવાય દોડાદોડી-બણબણાટ આવતાં જતાં સ્કૂટરોનું ઘોંભવું કાટમાળનું હડસેલાવું-ભરાવું-ચારેકોર નર્યો કોલાહલ ને છતાયે કંઈ બોલવા ગયો. પણ એકાએક એની જીભ પથ્થરનું ગચીયું બની ગઈ સામે ઊભેલા વજુકાકાએ પેન લંબાવી કાગળ ધર્યો. – હાથ ચાલ્યા.

એ ફરી એકવાર મોટા ભાઈ વજુકાકા અને આસપાસ માણસોને જોઈ રહ્યો. થોડે દૂર સાવ એકલી-અટૂલી અપરિચિત છતાં સાવ પરિચિત સ્ત્રીને એને ઓઢાડેલા કપડાની પાર એકી ટશે જોઈ રહ્યો.

વજુકાકા એને એમ જ જોતો મૂકીને સહી કરેલો કાગળ લઈને પાછા ફર્યા –

'લ્યો ભાઈ, લાવો અમારું માણસ.

□

# ઘટને માથે

પુરુ જોશી

અસીમના
કોઈ અણદીઠેલા આરે
પગ પર
બાંધી પગ
બેઠો છું ખળભળતા અંધારે

ઘટ
કરી દઉં ખાલી
નિઃશેષ
ઘટ ભીતરના
અંધકારને
બંધ આંખથી ન્યાળું
પછી
ધાર કરું
ઘટ ભરું છલોછલ
સહેજ હલાવી જોઉં
જગા થાય
તો ફરી ઉમેરું
તસોતસ કરું
પછી
અધૂકડું ઢાંકણ ઢાંકી
ઘટને તરતો મૂકું
ઘટ તો ઘૂમે
અગોચર અંધારા અવકાશે
ઘટમાં
ગ્રહનક્ષત્રો કરે ડોકિયાં
ઘટ ભીતરનું
અંધારું
કોઈ ઝીણેરું ઝબકે
બંધ પાંપણે જોઉં
કે ઝલમલ જળસપાટી ભેદી
કોઈ કમલિની
માથું કાઢે
જળમાં પડે
રૂપેરી તળ
ઘટનું ઢાંકણ
ખૂલે
છલક છલ છલકાવે
જળ
જળની વચ્ચે
એક કળી પાંપણ બીડેલી
આછું આછું કંપે
સુરભિત
એના કંપન સાથે
આખુંયે આકાશ
મધુરું મરકે મ્હોરે
રે કોઈ કહો સૂર્યને
પ્રગટે
એને મનગમતી દિશાથી
પ્રગટે
સત્વર પ્રગટે
સ્પર્શે
મારા ઘટ માથે કોળેલી
આંખ બીડેલી
એક કળી
કમળ થવા તલસે છે

ઇલિયાસ શેખ

હું ઊભો છું તટ ઉપર, જળ વચાળે કોઈ છે
અનુલક્ષક કે જાદુગર, જળ વચાળે કોઈ છે

નાવ કાગળની રચી, મેં તરાવી એ તરફ
નભ મઢેલું જળસભર, જળ વચાળે કોઈ છે

તટ ઉપરથી પાડતો હું બચ્ચાંઓની બૂમો,
ફેંકતું કાચું સૂતર, જળ વચાળે કોઈ છે

થાય સઘળું છેવટે, તટ ઉપર પાષાણવત્,
ને બધી હલચલ ઉધર, જળ વચાળે કોઈ છે

એમ પામી ના શકે છે ગર્ભની અવળી ગતિ,
જાણવા જળમાં ઊતર, જળ વચાળે કોઈ છે

## ટપાલી

રમેશ શાહ

મનોરથ સફળના વધાવે ટપાલી,
રહસ્યો બધાંના છુપાવે ટપાલી.

કદી પ્રેમપત્રો જ લાવે ટપાલી,
ઘણીવાર નન્નો સુણાવે ટપાલી.

ન હસતો, ન રડતો, ન ગંભીર ચ્હેરો,
છતાં સર્વ ભાવો જગાડે ટપાલી.

જુઓ હર્ષ-હોડી તરાવે નદીમાં,
પછી દુઃખદરિયે ડુબાડે ટપાલી.

દહી ચંદ્રનો હૈ રચીશું ગગનમાં,
ધરી સૂર્ય-ગોળો દઝાડે ટપાલી.

લખી પત્ર આ, પ્રિય ! હૃદયને બીડું છું
પરત એ જ પથ્થર ઝલાવે ટપાલી.

અમે વ્રત લીધું, ન આસવ પીવાનું,
નશાના રવાડે ચડાવે ટપાલી.

ખબર એક બેઠી અમારા મરણની,
ન લાવે... ન લાવે... ન લાવે ટપાલી.

# પૂર્ણિમા

રવીન્દ્રનાથ ઠાકુર/અનુ. શૈલેશ પારેખ

વાંચતો હતો ચોપડી, બેસીને એકલા,
સાથીહીન પ્રવાસે, સાંજે નવરાશની વેળા.
કામકાજ પરિપૂર્ણ  પંડિતો લખતા, સમાલોચના કરતા.
સૌંદર્ય શાને કહેવાય  શું છે બીજ
કવિતાની કલાનું  શૈલી, ગેટે, કોલરિજ
કોની કઈ શ્રેણી  વાંચ, વાંચ કરતા,
તપી ઊઠ્યું માથું ને મન થાકું થાક્યું.
મને થયું  છે બધું જ મિથ્યા  કવિતા, કલ્પના,
સૌંદર્ય, સુરુચિ, રસ  બધું જ છે જલ્પના. ગ્રંથના કીટક બની ખૂબ કર્યો લિપિનો વેપાર,
બહુ વર્ષો માત્ર રચી શબ્દોની મરીચિકા જાળ,
જે કામ વિના રાત દિવસ આકાશમાં આળસુની જેમ વિચરતી.
આખરે, થાકીને તંદ્રાતુર આંખે, બંધ કર્યો ગ્રંથ,
ઘડિયાળમાં મધરાત જોતાં ચમકીને આસન છોડી બુઝાવ્યો દીપ.
એકાએક  આકાશના પ્રકાશનો પ્રવાહ ધોધમાર આવતો ધસી
મુક્ત બારણે, બારીએ અને ચારે દિશેથી.
ઓ ત્રિભુવનવ્યાપી, તારા મૌનની સુધાથી ચકિત અંતર અને આંખો મારી.
હે સુંદરી, હે પ્રેયસી, હે પૂર્ણ પૂર્ણિમા, અનંતના અંતરે સૂનારી, તારા રહસ્યને નથી સીમા.
એક મીઠા સ્મિતથી ક્ષણમાં શુષ્ક ચિત્તને સૌંદર્યમાં ઝબોળતી.
અભિસારિકાના વેશે ક્યારે પ્રવેશીને મુખ બતાવીને ઊભી,
સૂરસખી, સુદૂર નક્ષત્રેથી વિશ્વભરની નીરવતા સાથે લાવી.
હું તો ઘરને ખૂણે, ગીચ વાક્યવનમાં, તર્કજાળમાં ફસાઈને
ધ્યેયહીન, અટૂલો વિચરતો, સૂકાં પાન પર, અક્ષરોના રસ્તે.
ક્ષણિક છલનામાં ઘેરાઈને થઈ હતી ભ્રાંતિ,
કોણ જાણે કેમ, એક પામર દીવા પાછળ ઢંકાય કેમ તારી કાંતિ ?
હે વિશ્વવ્યાપી લક્ષ્મી, ગ્રંથની વૃથા વાણી
પર ન જાણે કેમ, છવાઈ ગઈ તારી અલૌકિક મૌન વાણી.

## એક બાળકાવ્ય

કાંતિ કડિયા

મમ્મી ! તું કહે છે કે પપ્પા તો ડાહ્યા પણ પપ્પા તો બુદ્ધિના બેલ છે !
બૂમો પાડે અને ગુસ્સે થઈ જાય ખૂબ પપ્પા ક્યાં સહેજે કરેલ છે ?
મૂકો પાણી અને મૂકો ટુવાલ પછી પપ્પાજી બાથરૂમે ન્હાય,
ખાવાનું બધુંયે રાખો તૈયાર પછી પપ્પાજી બેસીને ખાય.
રઘવાયા રઘવાયા ખોલે કબાટ અને શેમ્પુ લઈ પૂછે આ તેલ છે ?
પપ્પાનાં પેન્ટ-શર્ટ-ચડ્ડી ને બૂટ તું કાઢીને રોજ રોજ મૂકે
પપ્પાની બેગ પણ રાખે તૈયાર તોય પપ્પાજી રોજ બસ ચૂકે.
મૂકે રૂમાલ તું તો ખિસ્સામાં રોજ છતાં ચશ્માંના કાચ પર મેલ છે
ઑફિસે કંટાળી થાકે ને ચીડ બધી આવીને ઘરમાં એ કાઢે.
ચૂપ મર ચાંપલી, લેસન કર ડાહ્લી – પપ્પાના બોલ મને વાઢે.
હુકમ છોડે તોયે સાચું બોલાય નહિ મમ્મી ! આ ઘર છે કે જેલ છે ?

## ગઝલ

ઉદયન ઠક્કર

શું ? સફળ બનવામાં ખોટું થાય છે ?
ચાસ, તુર્ત જ દૂધ થોડું થાય છે ?

મેઘની પાછળ ને પાછળ કૂંજડી
ને મને પણ હોડું – હોડું થાય છે

થાય સીધો કામ આ વરસાદમાં ?
જો, કિરણ પણ જળમાં ખોડું થાય છે

શેરને તું શ્લોક માફક બોલ મા !
રેડિયમ કંઈ સૂર્ય થોડું થાય છે ?

રોકતાં રોકી તો લીધી આ ગઝલ,
ફેફસાંમાં વાવાઝોડું થાય છે

□

# પૂર્ણિમા

રવીન્દ્રનાથ ઠાકુર/અનુ  શૈલેશ પારેખ

વાંચતો હતો ચોપડી, બેસીને એકલા,
સાથીહીન પ્રવાસે, સાંજે નવરાશની વેળા.
કામકાજ પરિપૂર્ણ  પંડિતો લખતા, સમાલોચના કરતા.
સૌંદર્ય શાને કહેવાય  શું છે બીજ
કવિતાની કલાનું  શૈલી, ગેટે, કોલરિજ
કોની કઈ શ્રેણી  વાંચ, વાંચ કરતા,
તપી ઊઠ્યું માથું ને મન મારું થાક્યું.
મને થયું  છે બધું જ મિથ્યા  કવિતા, કલ્પના,
સૌંદર્ય, સુરુચિ, રસ  બધું જ છે જલ્પના. ગ્રંથના કીટક બની ખૂબ કર્યો લિપિનો વેપાર.
બહુ વર્ષો માત્ર રચી શબ્દોની મરીચિકા જાળ,
જે કામ વિના રાત દિવસ આકાશમાં આળસુની જેમ વિચરતી.
આખરે, થાકીને તંદ્રાતુર આંખે, બંધ કર્યો ગ્રંથ,
ઘડિયાળમાં મધરાત જોતાં ચમકીને આસન છોડી બુઝાવ્યો દીપ.
એકાએક  આકાશના પ્રકાશનો પ્રવાહ ધોધમાર આવતો ધસી
મુક્ત બારણે, બારીએ અને ચારે દિશેથી.
ઓ ત્રિભુવનવ્યાપી, તારા મૌનની સુધાથી ચકિત અંતર અને આંખો મારી.
હે સુંદરી, હે પ્રેયસી, હે પૂર્ણ પૂર્ણિમા, અનંતના અંતરે સૂનારી, તારા રહસ્યને નથી સીમા.
એક મીઠા સ્મિતથી ક્ષણમાં શુષ્ક ચિત્તને સૌંદર્યમાં ઝબોળતી.
અભિસારિકાના વેશે ક્યારે પ્રવેશીને મુખ બતાવીને ઊભી,
સૂરરાણી, સુદૂર નક્ષત્રેથી વિશ્વભરની નીરવતા સાથે લાવી.
હું તો ઘરને ખૂણે, ગીચ વાક્યવનમાં, તર્કજાળમાં ફસાઈને
ધ્યેયહીન, અટૂલો વિચરતો, સૂકાં પાન પર, અક્ષરોના રસ્તે.
ક્ષણિક છલનામાં ઘેરાઈને થઈ હતી ભ્રાંતિ,
કોણ જાણે કેમ, એક પામર દીવા પાછળ ઢંકાય કેમ તારી કાંતિ ?
હે વિશ્વવ્યાપી લક્ષ્મી, ગ્રંથની વૃથા વાણી
પર ન જાણે કેમ, છવાઈ ગઈ તારી અલૌકિક મૌન વાણી.

# એક બાળકાવ્ય

કાંતિ કડિયા

મમ્મી ! તું કહે છે કે પપ્પા તો ડાહ્યા પણ પપ્પા તો બુદ્ધિના બેલ છે !
ભૂખે થાકે અને ગુસ્સે થઈ જાય ખૂબ પપ્પા ક્યાં સહેજે ઠેલ છે ?
મૂકે પાણી અને મૂકે ટુવાલ પછી પપ્પાજી બાથરૂમે ન્હાય,
ખાવાનું બધુંયે રાખો તૈયાર પછી પપ્પાજી બેસીને ખાય.
રઘવાયા રઘવાયા ખોલે કબાટ અને શેમ્પુ લઈ પૂછે આ તેલ છે ?
પપ્પાનાં પેન્ટ-શર્ટ-પટ્ટો ને બૂટ તું કાઢીને રોજ રોજ મૂકે
પપ્પાની બેગ પણ રાખે તૈયાર તોય પપ્પાજી રોજ બસ ચૂકે
મૂકે રૂમાલ તું તો ખિસ્સામાં રોજ છતાં ચશ્માંના કાચ પર મેલ છે
ઓફિસે કટાણી થાકે ને ચીડ બધી આવીને ઘરમાં એ કાઢે,
ચૂપ મર ચાંપલી, લેસન કર ડાબલી – પપ્પાના બોલ મને વાઢે.
હુકમ છોડે તોયે સામું બોલાય નહિ મમ્મી ! આ ઘર છે કે જેલ છે ?

# ગઝલ

ઉદયન ઠક્કર

શું ? સફળ બનવામાં મોડું થાય છે ?
વાહ, તુર્ત જ દૂધ ધોળું થાય છે ?

મેઘની પાછળ ને પાછળ ડુજળી
ને મને પણ ઘેલું – ઘેલું થાય છે

થાય સીધાં કામ આ વરસાદમાં ?
જો, કિરણ પણ જળમાં ખોડું થાય છે

શેરને તું શ્લોક માફક બોલ મા !
રેડિયમ કંઈ સૂર્ય થોડું થાય છે ?

રોકતાં રોકી તો લીધી આ ગઝલ,
ફેફસાંમાં વાવાઝોડું થાય છે

□

દિગીશ મહેતા

## પ્રભાત

ભગવાને રાત્રિઓ કેમ બનાવી હશે તેમ પૂછીએ તો તેનો જવાબ તો ઇંગ્લિશ રોમેન્ટિક કવિ બાયરને આપ્યો છે એને તો એ વાતમાં શક નથી કે તેણે રાત્રિઓ તો પ્રેમ કરવા જ બનાવી છે – જોકે કવિ છે એટલે કંઈક રમ્ય સ્પર્શ તો તેની વાતમાં હોય જ – બાયરનને તો ફરિયાદ છે કે આવી સરસ રાત્રિ પૂરી થાય છે અને દિવસ ઊગી જાય છે –

પણ આપણા ભારતીય સંસ્કારો કંઈક જુદું કહે છે સવાર ઊગે છે હૃદયમાં પડેલા આત્મતત્ત્વનું સ્મરણ કરવા હૃદિ સંસ્થિ તમાત્મતત્ત્વમ્ । સૂર્ય ઊગે, પ્રકાશ ફેલાય, એ સમય છે આ રીતે ઊંઘમાંથી ભગવાનો –

સવાર સાથે કેવાં કેવાં દૃશ્યો આંખ આગળ આવે છે ટ્રક ભરીને કામે ચઢવા જતા મજૂરોના ચહેરા પર, તેમના ઊડતા વાળ પર પડતાં સૂર્યનાં પહેલાં કુમળાં કિરણો, તેમાંથી જાગતું દ્વૈતભાન કામ કરી કરી કેવા રુક્ષ થઈ ગયેલા પંજા, હાથ, કેવાં નાજુક એ સામે સોને રસાયલાં કિરણો. દુકાનનું બંધ શટર ઊંઘભરે હાથે ઉપાડતો દુકાનદાર... બસ, યાત્રા શરૂ

સવાર એ આરંભનું ચિહ્ન છે જેમ રાત્રિ વિરામનું. દિવસ રાતનું આ ચક્ર છે જેમ શિશિર પછી હેમંત પછી ગ્રીષ્મ – એ ઋતુઓનું. એક વાર આ સત્ય પમાય પછી માણસે કંઈ કરવાનું જાણે રહેતું નથી. એણે માત્ર આ દિવસ-રાતના કે પછી ઋતુઓના ચક્રને અનુકૂળ જ થવાનું છે શેક્સપિયર એના સુવિખ્યાત કોમેડી As you Like itમાં એક જગ્યાએ પોતાના જેક્સ નામના પાત્ર પાસે કહેવરાવે છે તેમ માણસનું જીવન પોતે પણ આમ એક ચક્ર એક સાઇકલને અનુસરે છે આ 'એઝ યુ લાઇક ઇટ'માંનો પેલો સેવન એજીઝ ઑફ મૅન, માનવજીવનને સાત તબક્કાઓમાં એમ એક પછી એક વિસ્તરતાં વલયોમાં વધતું, વિકસતું અને અંતે વિરમતું જોતો પેસેજ છે એમાં જે આરંભનો, પ્રાત-નો, સવારનો તબક્કો છે એનું બહુ રમ્ય વર્ણન છે At first the infant, Mewling and pucing in the nurses arm પેલી નર્સના હાથમાં કૂજતું અને મલકતું અને એમ ચેતનથી ધબકતું એનું બાળસ્વરૂપ – એ સવારનું સૂચક છે પરોઢનું, ધૂમકેતુને યાદ કરીને કહીએ તો જીવનનું પરોઢ

આમ બાળસ્વરૂપનું વર્ણન કરતી વખતે જાણે કવિઓનું અંતર હસી ઊઠે છે પેલું સંસ્કૃત વર્ણન યાદ આવે आतक्ष्य दतमुकुलान्यनिमित हासै । બાળકનું એ અનિમિત્ત હાસ, એના એ દંતમુકુલ – એ સવારનું સૂચક છે જ્યારે બધાંનો હજુ આરંભ થાય છે

ઉદય, જન્મ, પછી એ કૃષ્ણનો હોય કે ક્રાઇસ્ટનો હોય કે શ્રીરામનો હોય, હમેશાં આનંદ આપે છે શ્રીરામનું બાલસ્વરૂપ, એનું કેવું સરસ વર્ણન છે किलकी ग्टत धाव गात भूमि लन्पटाव – હસી, હસીને, ઊઠીને દોડી જાય છે મજાનું નાનું અલોટિયું ખાઈ

પડી જાય છે વળી ઊઠીને દોડી જાય છે – અને આ બધું જોઈ રાજા દશરથની રાણીઓ હરખાય છે ભગવાનને ખોળામાં લે છે દશરથકી નિર્યા – સવારનું આથી વધુ સારું સાદશ્ય કયું હોઈ શકે ?

કદાચ દરેક વ્યક્તિ માટે સવારનું પ્રતીક જુદું જુદું હોય છે તમે નહીં માનો પણ સવાર – પ્રભાતનું મારે મન પ્રતીક – એક ચોક્કસ દશ્ય છે અમારા ગામમાં ગોવિંદ માધવનું એક બહુ પવિત્ર અને કદાચ પુરાતન એવું મંદિર છે જોકે કેટલું પુરાતન એ તો કોણ જાણે. એક વાર વહેલી સવારે, ઘણી વહેલી સવારે, ત્યાં જવાનું બનેલું જ્યારે પૂજારી એ મૂર્તિઓને સ્નાન કરી શણગાર સજાવતા હતા. એ સવારની તાજપ, એ મૂર્તિઓનું મમાળું, ધૂણાનું, ઊઘડતી સવાર જેવું અનન્ય સૌંદર્ય, એ મંદિરની પરકમ્માનો ઠંડો સ્પર્શ, એ બધું એવું અંકાઈ ગયું છે કે એ પછીના ઘોંઘાટ વચ્ચે પણ એ જેમનું તેમ સચવાઈ પડ્યું છે અત્યારની પરિભાષામાં કહીએ તો કમ્પ્યુટરમાં હોય તેમ સ્ટોર થઈ ગયું છે પેલું કહ્યું એ હૃદિ સંસ્ફુરીત્ આત્મતત્ત્વમ્ – એ જ હશે ?

એક પહેલી-એક ઉખાણું પૂછવાનું મન થાય કે સવારનાં પહેલાં કિરણો તમને ક્યાં પડતાં જોવાં ગમે ? એક જવાબ તો દેખીતો છે કે હિમાલયના કોઈ ઉન્નત શિખર પર, જ્યાં એ કિરણો આસ્ફાલિત થઈ શતશતવિધ વિસ્તરી એક અનેરો તેજપુંજ રચી રહે. પણ દર વખતે માણસને આવાં અદ્ભુત દશ્યોની અપેક્ષા નથી હોતી. આપણી રોજબરોજની એસ.ટી. બસની સીટ પર બેસી સહેજ ઊછળતા કૂદતા એક ગામથી બીજા ગામ જતાં, અરે, કોઈકવાર તો બસની છતનો સળિયો માંડ પકડી બાજુમાં ઊભેલા ઊંચા માણસના ખભાની પેલીપાર બારી બહાર દેખાતા દશ્યના ચીંથરડા પર ચમકી રહેલાં વહેલી સવારનાં સૂર્યકિરણો પણ કાંચનજંઘાના શિખર પર પડેલાં, ઊગતા સૂર્યનાં કિરણો જેટલાં જ રોમાંચક લાગે છે પછી ભલે એ બારી બહાર સરકી જતાં રહેતાં ઝાડની ડાળીઓ, ઝાડનાં થડ પર જ નીચે ખેતરમાં ઊભરાતા પીળા, લીલા મોલ પર કે નવા ખેડેલા ચાસ પર જ પડતાં હોય. શી ખબર કેમ પણ ઝાડની ટોચ કરતાં ઝાડના થડ પર પડેલાં, ઊગતાં સૂર્યનાં કિરણો મને તો વધુ આકર્ષે છે

ફ્રેંચમાં કવિતાનાં સ્વરૂપોમાંનું એક સ્વરૂપ છે ઓબાડે Aubade – પણ એ પરોઢિયાના કાવ્યનું સ્વરૂપ છે સવારને આવકારતું. પણ આપણે ફ્રેંચ સુધી શું કામ જવું પડે આપણું વિખ્યાત કાવ્યસ્વરૂપ પ્રભાતિયું ક્યાં નથી, જે ઓછામાં ઓછું આપણા આદ્યકવિ નરસિંહ જેટલું જૂનું છે જાગને જાદવા, તુજ વિના ધેનમાં કોણ જાશે ? – તારા વિના ધેનુ લઈને, ગાયો લઈને, ચારવા કોણ જાશે ? દિવસ કેમ ઊગશે ? પણ કૃષ્ણ જ્યાં ગાયો ચરાવા નીકળતા હતા એ ગોકુળ-વૃંદાવનની સવારો તો સનાતન છે કેમકે એ આપણા મનોરાજ્યની સવારો છે ! એ સવાર તો ક્યારેક જ ઊગે છે

આજે તો આપણે આજના એક કવિનું પ્રભાતિયું યાદ કરીએ. પંક્તિ એ જ લીધી છે પણ જરા નાજુક મરોડ આપી એને આપણી આજ સાથે સાંધી દીધી છે અને નરસિંહને આજમાં, આજને નરસિંહમાં એમ ઓતપ્રોત કરી દીધા છે મનહર મોદીનું એ પ્રભાતિયું છે જેનું શીર્ષક છે જાગને જાદવા –

## સંધ્યા

સાંજ પડે શહેરનાં દૃશ્યોમાંના એકથી તો આપણે ખાસ પરિચિત છીએ. એ દૃશ્ય છે સાંજે પાછાં ફરતા વાહનોની વણજાર. એ વાહનો પાછાં આવે છે ઑફિસોમાંથી પેલાં બહુમાળી મજલાઓમાં છવાઈ ગયેલા વ્યાપાર અને વાણિજ્યના એ મધુકોષના નાના-નાના ગોખલાઓમાંથી. ઇંગ્લિશમાં એક-સરસ શબ્દ છે સીટી સેન્ટર. નગરનું એ ધીખતું કેંદ્ર જે સાજ પડે સમેટાઈ જાય છે મધ્યાહ્ને ધમધમતું, માણસોથી ઊભરાતું, અવિરામ કામમાં ખૂંપી જઈ જાણે ક્ષણભર નિશ્ચલ, સ્તબ્ધ થઈ ગયેલુ એ નગરનું કેંદ્ર બપોરના ચારેક વાગે જાણે એની સમાધિ છોડવા માંડે છે

અત્યાર સુધી પોતાના પ્લાન ને પ્રોજેક્ટ ને રિપોર્ટ્સની માથાજાળમાં ખોવાયેલો એ એક્ઝિક્યુટિવ હવે ઘડિયાળ ચાર-સાડા-ચારનો કાંટો બતાવે ને જાણે ધીરેધીરે એને ભાન થવા માંડે છે કે બીજુ પણ એક વિશ્વ છે સગાંવહાલાં, કુટુંબકબીલો, આડોશી પાડોશી એમનું, જ્યાં એણે પાછા જવાનું છે ધીમેધીમે એ જાગે છે નષ્ટો મોહ સ્મૃતિર્લબ્ધા –

સાંજ એટલે ઑફિસ છોડી ઘરભણીની એ ગતિ. શિયાળો હોય તો આખા ગામમાં ધૂમધુમાડો હવે ઉપર આકાશમાં ગોરંભાય, નીચે ઊતરે, રસ્તા પર પથરાવવા માંડે મોટરોની હેડલાઇટ્સના રેલામાં એની સેર સપ્તરંગી બની કોઈક વાર રમવા માંડે ઉનાળો હોય તો આકાશ ઉપર નહીં પણ જાણે નીચે ઊતરી આવી વાહન-વાહન વચ્ચેનાં, રસ્તાની બે બાજુ વચ્ચેનાં, ખુદ માણસ-માણસ વચ્ચેનાં, એ બધાં જ પોલાણોમાં પ્રનરી જઈ બધા જ જડ પદાર્થોને ગળી જવાનું જાણે એણે બીડું ઝડપ્યું હોય એમ સર્વ દૃશ્યને અવકાશમય કરી નાખતું હોય એવું લાગે. શહેરીની સાંજોમાં કદાચ ચોમાસાની સાંજ વધુમાં વધુ સાંજ-સમી લાગે છે બીજું શું કહેવું ? ઉપર એક ચોકઠામાં વાદળની ઘેરી ઘટા ઘૂંટાતી હોય, કાળો ડમ્મર પેચ, એમાં વીજળી ઝબૂકી બીજી ક્ષણે લોપાઈ જતી હોય. જ્યારે આ બાજુ બિલકુલ ભૂરી, ઉપર ક્યાંય સુધી તણાઈ રહી, એક ધજાની જેમ ફરકી રહેતી નમતા સૂર્યના તડકાથી સોનાની પટ્ટીઓ ઓઢેલી આકાશની વકીર હોય. રસ્તા ઉપર હજુ હમણાં જ પડી ગયેલા ઝાપટાની છાલક સુકાઈ ન હોય. કોઈ વાહનનું પૈડુ એને છંછેડી એમાંથી ઊઠતા શીકરોના છંટકાવથી બસ માટે રાહ જોતાં નગરજનોને ભીંજવી જાય – લોકો એ સડકના પટ્ટાને જોઈ કહેશે તને વરસાદ ભીંજવે, મને ભીંજવે તું – ના, પણ આ તો પ્રેમગીત છે એને આમ ન છેડાય – પ્રેયસીને કહેવાની હોય, એ વાત સડકને ન કહેવાય !

પણ, સાંજ એટલે નગરની સાંજ નગર પર ઊતરતી સાંજ એ સમીકરણ તો હજુ હમણાં આવ્યું. સદી બે-સદીથી ઔદ્યોગિક ક્રાંતિ ને એના પરિણામરૂપ પાંગરેલી નગર સંસ્કૃતિની પેદાશ છે એ. સાંજની એ છટા તો કેમ કહેવાય, કેમકે નગરમાં, મહાનગરમાં પડતી એ સાંજ સૌંદર્યમય ભાગ્યે જ હોય છે એમાં પાછાં વળતાં વાહનોનો નિર્વેદ છે વળી, બીજા દિવસની સવાર માટે અત્યારથી સજ્જ થતા માણસનો અજંપો છે એમાં પડતી રાત બહુ ટૂંકી હોવાની ફરિયાદ છે –

સાંજ જોવી હોય તો નગરમાં નહીં, કોઈ નાના ગામમાં જાઓ, સ્મોલ ટાઉનમાં – કડી, કલોલ, મહેસાણા – હમણાં નામ બોલવા જતો હતો. દરેક મહાનગરને આંગળીયે રમતી એવી વસાહતો હોય છે પણ એ આંચલ પણ પૂરું થાય, એ પછી શરૂ થાય એ

ખરેખરો ગ્રામ્ય વિસ્તાર, જે હવે ખસતો, ખસતો પાછો ને પાછો જતો જાય છે .એટલામાં તો કોઈ અન્ય મહાનગરના ઓછાયામાં એ આવી પડે છે – ત્યાં, ખરી સાંજ તો ત્યાં પડે છે –

ગોધૂલિનો એ સમય, જ્યારે ગાડીઓ નહીં પણ ગાયો પાછી ફરે છે તે વખતે ઊડતી રજ વૃંદાવનના વિપિનનો કોઈ છેડો, ત્યાંનાં વૃક્ષો અને વનરાઈ પર વિસ્તરતી સંધ્યા, ધીમેધીમે ઓસરતાં એ તેજ વિલીન થઈ જતા ત્યાં ઓગળતી મધઝરતી નીલી, ભૂરી રાત્રિ – ક્યાં પેલા સીટી-સેન્ટરનો જૂઠો, માયાવી મધુકોષ અને ક્યાં આ ગામની સીમમા સાંજ પડે ઊઘડતો ખેતરોની સુવાસથી મહેકતો, રસ્તે જતા એકલદોકલ રાહદારીના પગથી ઊડતાં રજકણથી રમ્ય, એવો આ ખરેખરો મધુકોષ –

પણ ગામ, આપણા પરિચિત ગામ કરતાંય ખરી સંધ્યા તો કોઈ પ્રવાસે ગયાં હોઈએ, અવનવીન દૃશ્યો સામે ઊઘડતાં હોય, કોઈ મસ્ત મજાનો, દૂર સુધી ખેંચાતો દરિયાકિનારો હોય કે કોઈ ગિરિમાળા વચ્ચે ઊતરતા અંધારામાં અજ્ઞાતમાં લઈ જતો પહાડી રસ્તો હોય – પણ આપણી કલ્પના પર શું કામ આધાર રાખીએ ?

મારી સામે એક સરસ પ્રવાસવર્ણનનું પુસ્તક ખુલ્લું છે એમાં બીજા કોણ, આપણા કવિ કલાપીએ કરેલું કાશ્મીરના દાલસરોવરનું વર્ણન છે ત્યાં સાંજ પડતી આવે છે કલાપી લખે છે

'સૂર્ય પશ્ચિમમાં અધોગતિ કરવા લાગ્યો. સંધ્યારાગ ખીલી નીકળ્યો. પૃથ્વી, આકાશ, પાણી અને વિશેષ કરીને પશ્ચિમ દિશાનું મુખ લાલચોળ થઈ ગયાં. સૂર્યદેવતાનાં તપાવેલાં સુવર્ણરેખા જેવાં કિરણો લાંબા થઈ પૃથ્વીના પશ્ચિમ છેડાને સ્પર્શ કરવા લાગ્યાં. જળમાં પડતાં વૃક્ષાદિનાં પ્રતિબિંબ ભૂંસાઈ જવા લાગ્યા... થોડી વારમાં તો આ સુંદર દેખાવ અને આ મધુર અવાજ દેખાતા – સંભળાતા બંધ પડ્યા. સૂર્યબિંબ અદૃશ્ય થઈ ગયું.

એનું એ દૃશ્ય, એ જ પૃથ્વી, એ જ આકાશ, એ જ પાણી, એ જ દિશાઓ – પણ કવિ જ્યારે એને ચીતરવા પીંછી બોળે ત્યારે એ સઘળાં કેવાં બદલાઈ જાય છે – કવિ કલાપી છે પ્રણયોર્મિની છાલક તો તેના આ ગદ્યમાં પણ છે આ સંધ્યાવર્ણનમાં પણ છુપાયેલો ચહેરો તો સંધ્યારાગનો જ છે સંસ્કૃતમાં પેલી સુંદર પંક્તિ છે ને ? अनुरागवती सध्या ग्विम तत्पुर. सर –

સંધ્યા, સવારની જેમ કેટલી પુરાતન છે ? ઇંગ્લિશમાં એક સરસ શબ્દ છે ? evertide સાંજની ભરતી – નીચેનો દરિયો અને ઉપરનું આકાશ – નીચેની ભરતી ને ઉપરની – ચેતના તો એક જ છે –

□

તું જુએ તો છે રેકર્ડ લાવ્યો છું. તે વગાડું છું.

'આ તે કેવાં વિચિત્ર વાજિંત્રો છે આ વળી, કોણે ગાયેલું ગીત છે ?'

હું જાણતો નથી.

'જાણતા નથી, તો ખરીદી શું કામ ?

'ચૂપ રહે. જરા સાંભળવા દે.

થોડી ક્ષણો કરુણાએ ધીરજ રાખી. ત્યારબાદ તેના ચહેરા ઉપર નારાજીના સઘળાં ચિહ્નો દેખાવા લાગ્યાં.

તમે તો મને ગાંડી કરી મૂકશો. ક્યાંથી આવી નકામી વસ્તુઓ લઈ આવો છો તે રામ જાણે ! મારું વાંચવાનું બંધ કરાવવુ હોય તો સીધું જ કહી દોને, હું તાબડતોબ અગાશીમાં ચાલી જઈશ.

ડાહી મારી – થોડુંક વધારે સાંભળવા દે. ત્રણ મિનિટમાં તારા જ્ઞાનાર્જનમાં ખલેલ નહીં પડે

ગીત પૂરું થતાં જ મેં કરુણા તરફ નજર કરી. જોયું તો હાથમાં રહેલી લાલ-ભૂરી પેન્સિલ ચાવતાં ચાવતાં, તે જાણે ક્યાંય ખોવાઈ ગઈ હતી !

'રેકર્ડ બિલકુલ ન ગમી કરુણા ?'

કરુણા થોડીક ક્ષણો મૌન રહી. બોલી 'ના, ન ગમી એમ તો ના જ કહું પરંતુ સાંભળતાં સાંભળતાં મારું મન દુઃખી થઈ ગયું. મારા અભ્યાસમાં ખલેલ તો પડી જ

કેમ ?'

કેવો આશ્ચર્યજનક સૂર છે જાણે કોઈવાર પૂર્વે સાંભળ્યો ન હોય એમ થયું !

મેં કહ્યું, 'મને પણ એવી જ અનુભૂતિ થયેલી.

ધીરે ધીરે, કરુણા પોતાના ટેબલ પાસે જઈ બેઠી. મેં જોયું કે બ્લાટિંગ પેપર ઉપર, ભૂરી પેન્સિલ લઈ કેવળ લીટા દોરતી હતી.

હું પણ કેટલીક ઉત્તરપોથીઓ લઈ વિશ્વવિદ્યાલયના પાસ થનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં ઉમેરો કરવા મંડી પડ્યો પરંતુ એ નોટબુકોમાં મારું મન સાચે જ પરોવી શક્યો નહીં. મારા કાનમાં એ અવનવા સૂરોના ભણકારા વાગતા હતા. આ ગીત મેં ક્યાં સાંભળ્યું છે ? આ પ્રશ્નનો ઉત્તર કેમે મેળવી શક્યો નહીં.

જાણે મારા જ મનની વાતનો પડઘો પાડતી હોય એમ કરુણા બોલી ઊઠી, આ વળી તમે શું કરી બેઠા ?

'હવે પાછું શું થયું ?'

'પેલી રેકર્ડ ! એણે તો મારા મનમાં એક આંદોલન ઊભું કર્યું છે મને બેચેન બનાવી મૂકી છે એ સૂર જાણે બહુ પરિચિત ન હોય... બે-ત્રણ સૂરો તે ગણગણતી રહી – પછી અકળાઈ જઈ બોલી, 'ના, કેમે સાંભરતું નથી. સાચે જ મને વ્યાકુળ બનાવી મૂકી. મારું વાંચવાનું તો ક્યાંય વિસરાઈ ગયું !'

ટૂંકમાં એ રેકર્ડે અમારી આખીય સાંજ ઉપર એક છાયા પાથરી દીધી. અમે બંને બેચેન બની ગયાં. ખૂબ જ પરિચિત વ્યક્તિનું નામ કેમે યાદ ન આવતું હોય અથવા તો ચાવીનો ઝૂડો હાલમાં જ ક્યાંક મૂકી દીધા પછી જડતો ન હોય, ત્યારે જેવું અસ્વસ્થ બની

જવાય છે – તેવી જ લાગણી અમે અનુભવી.

રાત્રે જમવા બેઠાં, ત્યારે કરુણા બોલી ઊઠી – ‘મને યાદ આવી ગયું.

નજર ઊંચી કરી મેં એની સામે જોયું.

‘બાળપણમાં જ્યારે આસામમાં હતાં ત્યારે ખાસી લોકોના નાચની સાથે આવું સંગીત...

‘ખાસી લોકોનું ગીત ?’

કરુણા એકદમ ભોંઠી પડી ગઈ ત્યારબાદ ડોકું ધૂણાવી બોલી, ‘ના, ના, ખાસી લોકોના નાચનું ગીત નહીં. જાણે જાણે કે – થોડીવાર મૌન રહી બોલી ‘વર્ષાઋતુમાં બ્રહ્મપુત્ર નદીનું સંગીત કદી સાંભળ્યું છે ? પહાડ ઉપરથી ધસમસતી ઊતરી આવી, મોટાં મોટાં વૃક્ષોને મૂળ સમેત ઉખેડી પોતાના પ્રવાહમાં વહેતાં કરી મૂકે છે દૂર પહાડોમાં જંગલી હાથીઓ ચિંઘાડ પાડે છે ત્યારે નાગા લોકોના ઢોલનો નાદ...

બોલતાં બોલતાં હતાશ બની કરુણા બોલી – કોણ જાણે ?’ પણ એ ઢોલની વાત સાંભળતાં મારા મનમાં એક બીજું જ ચિત્ર ખડું થયું – માનભૂમ. – રસ્તાની બે બાજુ પુષ્પોથી ભરેલાં વૃક્ષોની હારમાળ હતી અને તે ઉપરાંત ઘનઘોર વાંસવન. તેની વચમાંથી પસાર થતા નિર્જન પથ ઉપર હું ચાલી રહ્યો હતો. અંધારું થવા આવ્યું હતું – સુદૂર પર્વતની હારમાળ ભૂતાવળ જેવી દેખાતી ઊભી હતી. નજીકના એક મોટા સરોવરમાં જળકૂકડીના છોડ થોડાક હાલી ઊઠતા હતા અને તમરાં બોલી રહ્યાં હતાં.

એકાએક એ અવાજોને જાણે દાબી દઈ જોરથી નગારાંનો અવાજ સંભળાવા લાગ્યો. આ બાજુથી સામેની બાજુ – દિગદિગંતમાં તે ચારેકોર ફેલાઈ ગયો. ત્યાંના લોકોનો કોઈ એક ઉત્સવ હતો. ગામડે-ગામડે છઉ નાચનો કાર્યક્રમ શરૂ થઈ ગયો.

પેલો અસ્પષ્ટ એવો અંધકાર, કાળાં બની ગયેલાં ફૂલોનાં વૃક્ષો અને વાંસનું વન. ચારેકોર ઘેરી ઊભેલા ભૂતાળા પહાડોનું ચિત્ર અને નગારાના ધ્વનિથી મારું હૈયું વારંવાર ચમકી ઊઠતું હતું. ૧૯૪૨ના ઑગસ્ટની લડતને સમયે, પોલીસની ગોળીઓનો સામનો કરવાનો હતો તેની આગલી રાતે, બાલુરઘાટનાં સાથાલ ગામડાઓમાંથી આવતો ઢોલ નગારાંનો નાદ મને સાંભરી આવ્યો.

વર્ષાઋતુની બ્રહ્મપુત્ર નદી, નાગાઓનાં ઢોલક ઢોલ-નગારાંના ધ્વનિ, છઉ નાચ સાથે વાગતાં વાજિંત્રો – આ સઘળાં સાથે સાથે આ રેકર્ડનું સંગીત મળતું આવતું હતું એમ તો ન કહેવાય તેમ છતાં બંનેમાં કાંઈક સામ્ય તો હતું જ અમે બંને બેચેન બની ગયાં ! એક અજાણી અપરિચિત રેકર્ડ ખરીદીને અમે પોતાને માટે આ તે કેવી ઉપાધિ ઊભી કરી ! એમાં વળી એક દિવસ કરુણા સાથે અભ્યાસ કરતી હતી તે બહેનપણી આવી પહોંચી.

તે રહેતી તો હતી શહેરના સમૃદ્ધ વિસ્તારમાં પણ એક કાળે કરુણા સાથે ગાઢ મૈત્રીને નાતે અમારા આ હરિજન જેવા વાસમાં તેણે પગ મૂક્યો. તે સ્ત્રી વિદુષી હતી. પાશ્ચાત્ય સંગીતનો અભ્યાસ કરવા યુરોપ ગઈ હતી. ત્યાંથી સંગીતમાં પીએચ.ડીની ડિગ્રી લઈ પાછી ફરેલી. એક મરાઠી એક્ઝિક્યુટિવ એન્જિનિયર સાથે તેણે લગ્ન કરેલાં.

કરુણા ખૂબ જ ઉત્સાહમાં આવી બોલી ‘આઈવી, તું આવી તે બહુ સારું થયું. અમારા આ કોયડાનો ઉકેલ તું લાવી શકીશ. રેકર્ડ જોઈ, આઈવીએ ભવાં સંકોચ્યાં. કોઈ

# જૂનાગઢનાં સરસ્વતી સરલાતાઈ જોશી

સંજય શ્રીપાદ ભાવે

શિક્ષણ એ સંસ્કાર છે ધર્મ છે અને સામાજિક જરૂરિયાત છે તે વાત વાલીઓને સમજાવી, સને ૧૯૩૯ની સાલથી, આપની નોકરીના પ્રથમ દિવસથી જ આપે કન્યાશિક્ષણની દૃષ્ટિએ પછાત એવા જૂનાગઢ શહેરમાં કન્યાશિક્ષણનો રચનાત્મક પ્રસાર અને પ્રચાર કરી તેનો પગ માંડ્યો. પરિણામે સ્ત્રીશિક્ષણના ક્ષેત્રે આ શહેરમાં વિશિષ્ટ કહી શકાય તેવી ક્રાંતિ આવી, બહેનો માધ્યમિક શાળાઓનાં પગથિયાં ચડતી થઈ અને એક મહત્ત્વનું શૈક્ષણિક વાતાવરણ તૈયાર થયું. આપના મહાન પ્રયાસોથી જૂનાગઢ સ્ત્રીશિક્ષણના ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યું. આ સિદ્ધિ પાછળ આપનો શિક્ષણપ્રેમ અને કન્યાઓ પ્રત્યેનો આપનો વાત્સલ્યભાવ વ્યક્ત થયો... અમો આપની ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ, તેમનાં પરિવારજનો, કન્યાશિક્ષણ પ્રેમીઓ અને શહેરીઓ આપનું સન્માનપૂર્વક અભિવાદન કરીએ છીએ.

આજીવન શિક્ષિકા સરલાતાઈ રઘુનાથ જોશીનું ગૌરવ કરતો ઉપર્યુક્ત પરિચ્છેદ તેમને તેમના સન્માન સમારોહમાં આપવામાં આવેલા સ્મૃતિચિહ્નમાં નોંધવામાં આવ્યો છે ૩૦ નવેમ્બર ૧૯૯૭ની સાંજે જૂનાગઢના શામળદાસ ગાંધી ટાઉનહૉલમાં યોજાયેલા આ સ્વયંભૂ નાગરિક સન્માન દ્વારા સરલાતાઈની ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ અને કૃતજ્ઞ જૂનાગઢવાસીઓએ, તેમના મન પર ઝાકળની જેમ છવાઈ જનારાં શિક્ષિકાનું અભિવાદન કર્યું હતું.

આજે નેવું વર્ષનાં સરલાતાઈએ એક જમાનામાં આપેલાં શિક્ષણ અને સંસ્કાર, તેમનાં ઉત્ક્રાંતિકારી કર્તૃત્વ અને વિચક્ષણ વ્યક્તિત્વને જૂનાગઢના અનેક માણસો 'સ્મરામિ ચ પુન પુન' એવા ભાવથી યાદ કરે છે સરલાતાઈની મોટા ભાગની વિદ્યાર્થિનીઓ આજે દાદીમા બની ચૂકી છે તેમાંથી કોઈને પણ સરલતાઈ વિશે પૂછીએ એટલે નાગરાણીના ચહેરા પર હોઈ શકે તેટલી બધી કરચલીઓય ચમકી ઊઠે હાથ જોડાઈ જાય, અવાજ ભીનો થાય. 'સરલાતાઈ ન હોત તો અમે ભણી ન શક્યાં હોત... અમને આટલું શિક્ષણ ન મળી શક્યું હોત... અમે જે કંઈ છીએ તે એમના કારણે... એમણે અમને મા જેવો પ્રેમ આપ્યો. થોડાઘણા શબ્દફેરે આ વાત બધી વૃદ્ધાઓ કરે, પછી તે અત્યારે અમદાવાદમાં રહેતાં ૭૬ વર્ષનાં સુનંદાબહેન અવાશિયા હોય કે જૂનાગઢમાં રહેતાં તેમનાથી નાનાં હીનતાબહેન ઝાલા હોય, જૂનાગઢના જનકરાય ત્રિવેદીનાં પુત્રી અને ૬૩ વર્ષનાં નિવૃત્ત શિક્ષિકા મધુરિકાબહેન વસાવડા હોય કે જૂનાગઢના નાગરવાડામાં રહેતાં, નિવૃત્તિમાં ત્રણચાર વર્ષ બાકી હોય તેવાં શિક્ષિકા રોહિણીબહેન ત્રિવેદી હોય, સન્માન સમારંભમાં પહેલ કરનારાં ૭૦ વર્ષનાં સ્મિતાબહેન નાણાવટી હોય કે જૂનાગઢમાં જ સરકારી કર્મચારી તરીકે ફરજ બજાવતાં ૬૦ વર્ષનાં અનસૂયાબહેન કોટેચા હોય. સહુને સરલાતાઈ વિશે શું કહું અને શું નહીં – એવું થઈ જાય. એમાંય આવી બે-ત્રણ દાદીમાઓ ભેગી થાય ત્યારે સરલાતાઈની ગોઠડીઓ કરતાં કરતાં જાણે કિશોરવયનો કિલ્લોલ મચી જાય. સાંભળનારાને સમજાતું જાય કે એક સાચી શિક્ષિકા લગભગ અડધી સદી પછી પણ તેમની વિદ્યાર્થિનીઓના જીવનમાં કેવી

વ્યાપી ગઈ છે

સુનંદાબહેન અને દીનતાબહેન ૧૯૩૫ ૪૦ દરમિયાન સરલાતાઈની વિદ્યાર્થિનીઓ હતી "તેમણે શીખવેલા દસ-બાર શ્લોકો હજુ પણ દરરોજ ગાઈએ છીએ અને દરરોજ તેમને યાદ કરીએ છીએ. આ બે નાણાવટીબહેનો કે જેમને પાંચમા ધોરણ પછી ભણાવવા માટે સરલાતાઈએ તેમનાં માતાપિતાને ઘરે જઈને સમજાવ્યાં હતાં. આવું તો સરલાતાઈએ કંઈ કેટલીય દીકરીઓ માટે કર્યું હતું. સરલાતાઈના અભિવાદન સમારોહમાં વાંચવામાં આવેલા સન્માનપત્રમાં નોંધવામાં આવ્યું છે "આપે આચાર્યપદ સંભાળ્યા પછી જોરશોરથી કન્યાઓને ઉચ્ચ શિક્ષણ આપવાનો યજ્ઞ આરંભ્યો. આપે વાલીઓને ઘેરઘેર જઈને તેમને સમજાવીને બાળાઓનો અભ્યાસ ચાલુ રખાવ્યો...

આ જ મતલબની વાત જૂનાગઢના તરુણરાય માંકડ (ઉંમર ૭૦ વર્ષ), મહેશ્વરભાઈ પંચોળી (૭૦ વર્ષ), દિવ્યકાન્ત નાણાવટી (૭૮ વર્ષ), રજનીભાઈ નાણાવટી (૮૦ વર્ષ) અને મનસુખલાલ અવાશિયા (૮૨ વર્ષ) પાસેથી સાંભળવા મળે છે લાલ-લાલ ગાલ અને ધોળા ધોળા બાલવાળા આ વૃદ્ધોની સાથે જૂનાગઢમાં તેમનાં મસમોટાં વારસાગત ઘરોમાં કે સોસાયટીના બંગલાઓમાં સરલાતાઈ વિશે વાત કરતાં નરસિંહના આ નવાબી નગરની નાગરનજરે ઇતિહાસનાં કેટલાંક પ્રકરણો ઊઘડતાં જાય છે લાડલીબીબી કન્યાશાળા, બહાદુરખાન હાઈસ્કૂલ, બહાદુર બહાઉદ્દીન કૉલેજ... રાવ સાહેબ, પાઠકજી ધુર્વે સાહેબ જેવા પ્રોફેસરો, માંકડ સ્પોર્ટ્સ કોચ એરિક માર્ક્સ, જિમખાના ક્લબ, ડબ્લ્યુ.આઈ.સી.એ.ની મૅચો... આ બધામાં દીપી ઊઠે જોશી દંપતી – અંગ્રેજીના પ્રોફેસર રઘુનાથ દત્તાત્રય જોશી અને સરલા રઘુનાથ જોશી. સાહેબ બહાઉદ્દીનમાં ભણાવે અને તાઈ લાડલીબીબીમાં. કૉલેજ પછી સાહેબ લાઇબ્રેરીમાં હોય કે વિદ્યાર્થીઓના જૂથમાં, તાઈ જમનાદાસ માસ્તરના વાયોલિનના ટ્યુશનમાં કે બેડમિન્ટન કોર્ટમાં – મિક્સ ડબલ્સમાં પણ ! મધુરિકાબહેનને તો 'સાડી પહેરીને બેડમિન્ટન રમતાં સરલાતાઈ અત્યારે પણ નજર સામે દેખાય છે

જો કે અચંબો પમાડે તેટલા વૈવિધ્યવાળા રસરુચિ વચ્ચે પણ તાઈનો જીવ એમની દીકરીઓમાં. કુટુંબ તો વધતું ચાલ્યું. ત્રીજા-ચોથા દાયકાની પાંચ-સાત દીકરીઓથી શરૂ થયું તે પછી પચાસ-સાઠે અને પછી તો પાંચસો-છસોએ પહોંચ્યું. અલબત્ત કુટુંબવિસ્તારમાં તો સહુથી વધુ માને વેઠવાનું આવે. લોકોના મહેણાંટોણાં – 'છોકરી ભણશે તો ચૂલા પર ચોપડી મૂકશે કે રસોઈ કરશે ?' મુસ્લિમ રાજ્ય, પ્રજામાં અસલામતી, સરકારી આંટીઘૂંટી. સરલાતાઈ ભલે સુંદરને જ સંભારે પણ સંઘર્ષ તો થયો જ હશે. સન્માનપત્રમાં નોંધવામાં આવ્યું છે ...આપે આરંભેલા આ યજ્ઞમાં હવનમાં હાડકાં નાખવાવાળા હશે. આપ અજ્ઞાનીઓના રોષનો ભોગ પણ બન્યાં હશો અને કટુ વચનો પણ સાંભળવાં પડ્યાં હશે... છતાં આપે તો અવિરતપણે આ યજ્ઞ ચાલુ જ રાખ્યો અને આ વટવૃક્ષ ઊભું કર્યું.

સરલાતાઈએ સમસ્યાઓના ઉકેલો શોધ્યા. માબાપને એ વખતના વાતાવરણને કારણે છોકરીઓની સલામતીની ચિંતા હોય. એટલે તેઓ દીકરીઓને શાળામાં ન મોકલે. સરલાતાઈ માબાપને સમજાવે, કરગરે, સલામતીની ખાતરી આપે, છોકરીઓને શાળા પછી ઘરે મૂકવા જાય. ધીમે ધીમે વિશ્વાસ બેઠો અને છોકરીઓ આવતી થઈ

લાડલીબીબી શાળામાં સંખ્યા વધી રહી હતી, જગ્યા ઓછી પડતી હતી. સરલાતાઈએ

શાળાના કાર્યક્રમમાં એક નાટક કરાવ્યું. તેનો સ્પષ્ટ સંદેશ એ હતો કે શાળામાં જગ્યાને અભાવે છોકરીઓ ભણી શકતી નથી. આમંત્રિતોમાં હંમેશ મુજબ બેગમ, શહેરના શ્રેષ્ઠીઓ, સરકારી અધિકારીઓ હોય એ સરલાતાઈ જાણે. ધારી અસર પડી. શાળાને સહાય મળી અને મોટું મકાન પણ મળ્યું.

છોકરીઓને શાળામાં પહેલીવાર બેસાડતી વખતે શુકનના રૂપિયા-બે રૂપિયા આચાર્યને આપવાનો રિવાજ હતો. સરલાતાઈએ એ પૈસા કન્યાશિક્ષણ ઉત્તેજનફંડ ના નામે પહોંચ સાથે સ્વીકારવાનું શરૂ કર્યું આમ એકઠી થયેલી રકમનો ઉપયોગ તેમણે શાળાનું સામયિક શરૂ કરવા, રમતગમતનાં સાધનો વસાવવા અને પુસ્તકાલયને સમૃદ્ધ કરવા માટે કર્યો.

દિવ્યકાન્તભાઈનાં પત્ની અને સુનંદા-દીનતાબહેનનાં ભાભી સૌદામિનીબહેન (૭૧ વર્ષ)ને લગ્ન પછી ગૃહકાર્યની જવાબદારીઓ વચ્ચે રહીને ભણવામાં મુશ્કેલી પડી રહી હતી. સરલાતાઈ મદદે દોડ્યા, અનુકૂળતા કરી આપી અને મેટ્રિક થઈ શકાયું – સૌદામિની બહેન. સરલાતાઈના સન્માન-સમારંભની જવાબદારી ગ્લોરિઆબહેન ઝાલા અને ભારતીબહેન દેસાઈની સાથે સંભાળનારાં સ્મિતાબહેન પણ કહે  ઓખામાં મારી નોકરી. તે સભાળીને મેટ્રિક થવા માટે પ્રવેશ અને પુસ્તકોથી માંડીને બધી સગવડ સરલાતાઈએ કરી આપી. એ ન હોત તો હું મેટ્રિક ન થઈ શકી હોત...

આવી કટોકટી ઉપરાંત પણ એમની દીકરીઓની અનેક અંતરંગ અવધિઓમાં સરલાતાઈ વિવેકી સ્વજન બને, ક્યારેક પ્રેમપ્રસ્તાવોમાં તો ક્યારેક પ્રેમલગ્નોમાં. એવુંય બન્યું છે કે કન્યા સરલાતાઈની વિદ્યાર્થિની હોય અને વર જોશી સાહેબનો વિદ્યાર્થી હોય. આ જોશી જોડકું આખમાં કોઈને પણ મદદ કરવા દોડે એકવાર દિવ્યકાન્તભાઈને તરતી વખતે માથામાં ગંભીર ઇજા પહોંચેલી. સરલાતાઈએ લોહી અટકાવ્યું, અંગ્રેજીના પ્રોફેસર જોશી ખુદ જઈને ટાંગો લઈ આવ્યા અને દિવ્યકાન્તભાઈને હોસ્પિટલમા દાખલ કર્યા.

આ ઘટના જ્યા બની તે બહાકુંડમાં પહેલાં માત્ર છોકરાઓ જ તરી શકતા. છોકરીઓ માટે અલગ સમય ફાળવવા માટે સરલાતાઈએ પ્રબંધ કરાવ્યો. પોતે તરે, છોકરીઓને શીખવે, ડૂબકીઓ મરાવીને, લૂછી-લૂછીને માબાપને સોંપે. બહાકુંડ અને શિક્ષણકુંડ બંનેમાં સરલાતાઈએ આ જ કરાવ્યું. વિદ્યાર્થિનીઓને કેટકેટલી વાતોમાં ડૂબકી મરાવે ? શાળામાં સ્કાઉટ, ગાઇડ અને એન.સી.સી. શરૂ કરાવ્યાં તે તો સહુ કોઈ જાણે. પોતે ગાઇડ કમિશનર પણ હતાં. સિવિક ગાર્ડની તાલીમ દરમિયાન રાઇફલ ટ્રેનિંગમાં થ્રી નોટ થ્રી ચલાવતા પણ શીખેલાં – એવું એક સ્મરણ તેમની સાથેના તાલીમાર્થી શીલબાળાબહેન પંચોળી (૭૧) જણાવે છે શાળામાં રાસ-ગરબા તો ખરા જ પણ રોહિણીબહેન વખતે તો કવ્વાલી પણ કરાવેલી. લેઝીમ-ડંબેલ્સ, ખો ખો કબડ્ડી-આંટિઓ એ બધુ હોય. રાષ્ટ્રીય પર્વો પર શોભાયાત્રામાં દશ્ય ફ્લોટ તૈયાર કરાવે. એક વખત હેમા ખારોટને સાયુકલા ઘોડા પર બેસાડીને ઝાંસીની રાણી બનાવી હતી. – અનસૂયાબહેન. શાકુંતલ નાટકમાં સુનંદાબહેન નાયિકા, તો ભરતસ્વનંધુપ્રેમ નાટકમાં અનસૂયાબહેન રામની ભૂમિકામાં. નાટકને લગતો એક નરસ કિસ્સો રોહિણીબહેને કહ્યો. બન્યું એવું કે તેમની એક વર્ગસખીએ શાળા પૂરી થયા પછી ૧૫ ૨૦ વર્ષે તેમને ફોન કર્યો. પહેલાં તો કેમેય કરી ઓળખાણ ન પડે પછી

પેલા બહેને કહ્યું " ચના ડિસને બોધા કે નાટક તેને યાદ છે ?" બીજી જ ક્ષણે ઓળખાણ પડી. મધુરિકાબહેને સરસ કહ્યું જગત આખામાં જે પ્રવૃત્તિઓ ચાલે તે સરલાતાઈ અમારી જૂનાગઢ ગર્લ્સ સ્કૂલમાં કરાવે.

અલબત્ત, સરલાતાઈએ કરેલી – કરાવેલી પ્રવૃત્તિઓનાં જેમ બધાં વખાણ કરે તેમ તેમણે આપેલાં-અપાવેલાં શિક્ષણનાં પણ વખાણ કરે. તેમના પોતાના વિષય સંસ્કૃતમાં તો હથોટી હોય જ પણ અંગ્રેજી અને ગુજરાતીય મજાનું ભણાવે. હિંદી કોવિદ પણ ખરાં, ઉર્દૂય શીખેલાં. બધી ભાષાઓમાં શુદ્ધ જોડણી અને સાચા ઉચ્ચારના આગ્રહી પણ વિદ્વત્તાનો ભાર ક્યારેય નહીં, નરી સરલતા. પોતે હેડમિસ્ટ્રેસ પણ વર્ગ ખાલી હોય ત્યાં અન્ય શિક્ષકોને જવાનું કહેવાને બદલે પોતે જઈને શીખવવા લાગે. સાથી શિક્ષકો પાસે કડકાઈ કે કડવાશ વિના કેવળ મૃદુતા અને સંસ્કારી વર્તનથી કામ લે. શિક્ષકો અને વિદ્યાર્થિનીઓમાં સ્વયંશક્તિ આવી જ જાય. વિદ્યાર્થિનીઓ માટે તો હદ બહારનું હેત કોઈને ભાગ્યે જ ઠપકો આપે, સજાબજાની તો વાત જ નહીં. કલેક્ટર, વેપારી, પટાવાળા બધાની છોકરીઓ માટે સમભાવ. શાળાના છેલ્લામાં છેલ્લા માણસનું ધ્યાન રાખે. પટાવાળાઓને વારતહેવારે ઘરે નોતરે. રોજના બાંધેલા ઘોડાગાડીવાળાને ઘરનો જ ગણે. તેમને ત્યાં રસોઈનું કામ કરતાં અનસૂયાબહેન તો તેમની આગળ સરલાતાઈનું નામ લો એટલે મને સરલાતાઈ પાસે લઈ જાઓ એવી હઠ પકડે

વિદ્યાર્થિનીઓ પાસે તો સરલાતાઈ તેમને કેટલાં વહાલાં એ કહેવામાં શબ્દો ખૂટી પડે જાણે તેમના સ્વપ્નની મા ! બધી બહેનો તેમનું વર્ણન કરે નાજુક નમણાં, ઊંચાં, ઝીણું ઝીણું બોલે. એમની આંખમાંથી તો જાણે અમી વરસે, વર્ગમાં શીખવતાં હોય તો એમની પરથી નજર ન હટે ગોળ દક્ષિણી સાડી પહેરે. ચાલે એટલે જાણે પતંગિયું ઊડે. માને જોઈને દીકરીઓ તેની પાસે દોડે તેમ અમે સરલાતાઈ પાસે દોડી જતાં...

સરલાતાઈ જ્યારે સન્માનસમારંભ માટે જૂનાગઢ ગયાં ત્યારે મનોરંજન આરામગૃહમાં તેમને મળવા આવેલી અનેક દીકરીઓને તેમણે ભીની આંખે અક્ષરશઃ છાતી સરસી ચાંપી. વળી કહે 'હું તો મારી દીકરીઓના ઘરે આવી છું, ઘરનાનું સન્માન કંઈ હોય ?' સન્માન વ્યાખ્યાનમાં તેમણે કહ્યું હતું મારા હાથે જે કંઈ થોડુંઘણું થયું તે મેં કર્યું. મને ખબર નથી કે આટલા મોટા સન્માન માટે હું યોગ્ય છું કે નહીં. સરલાતાઈને પૂછ્યું તમે આ બધું શા માટે કર્યું ?' દાવા-દાખલા, વચન-વાગ્મિતાની આછી સરખીય છાંટ વિના કહે મી શિકલે તરં દુસર્‍યાના પણ શિકવલા મિળાયલા નકો કા ?' (હું ભણી એવું બીજાઓને પણ ભણવા ન મળવું જોઈએ ?)

આવી વત્સલતા અને નમ્રતાએ તેમને પ્રસિદ્ધિ પરાઙ્મુખ રાખ્યાં. ખરેખર તો તેમનું અને તેમનાં પતિનું જૂનાગઢમાં જે માન હતું તેના થકી તેઓ આગળ ઉપર કંઈ કેટલીય નામના મેળવી શક્યાં હોત. જૂનાગઢમાં મૅડમ મૉન્ટેસરી, પંડિત નહેરુ અને ઇંદિરા ગાંધી આવ્યાં હતાં ત્યારે તેમની સરલાતાઈ સાથે ખાસ મુલાકાતો ગોઠવવામાં આવેલી. નગરનાં મોભાદાર કુટુંબો અને તંત્રનાં અધિકારી – વર્તુળોમાં પણ તેમનો પ્રભાવ હતો પણ પદ-પ્રતિષ્ઠા, પ્રેમ-આદર બધું તેમની પાસે સહજ રીતે આવ્યું. માનસન્માનનો તો તેમને લેશમાત્ર ખ્યાલ નહીં પણ તેવો ખ્યાલ જૂનાગઢની અત્યારની ગવર્નમેન્ટ ગર્લ્સ હાઇસ્કૂલે રાખવો ઘટે.

તેમનું તૈલચિત્ર હાર ચઢાવીને ભીંત પર રાખવામાં આવવું જોઈએ, પોટલામાં બાંધીને શાળાના ધૂળિયા સ્ટોરરૂમમાં નહીં. સરલાતાઈ જેવાંનાં માત્ર ચિત્રો કે સન્માનો ન હોય. ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસને લગતાં પુસ્તકોમાં તેની નોંધ હોવી જોઈએ, જે જોવામાં આવી નથી.

*

સરલાતાઈની જીવનનું બીજું પુલકિત પર્વ 'સરલાદીદી' તરીકેનું. સિત્તેરનો લગભગ આખો દાયકો તેમણે અમદાવાદની 'પુલકિત સ્કૂલ'માં શિક્ષિકા તરીકે સેવા આપી. શાળામાં એમની સાથે કામ કરનારાં બધાં શિક્ષિકાબહેનોમાં તે આદરપાત્ર થઈ પડ્યાં. તે બધી બહેનો તેમના વિશે ઉમળકાથી બોલે. ગૌરવીબહેન અને કિશોરીબહેન જેવી એ વખતે નવી શિક્ષિકાઓને તે પ્રેમથી માર્ગદર્શન આપે. જેનું નામ દીદીએ 'વ્યાકરણચન્દ્રિકા' પાડ્યું હતું તેવાં કિશોરીબહેન તો એમને 'હાલતું-ચાલતું પુસ્તક' ગણે. ગીતાબહેનના શબ્દોમાં તે 'ખરેખર બની શકાય તેવાં શિક્ષિકા'. જ્યોત્સ્નાબહેન માટે તે 'ચોકસાઈ અને નિષ્ઠાથી સતત કામ કરતા રહેવા માટેનું પ્રેરણાસ્થાન'.

'પુલકિત'માં બનેલો એક કિસ્સો હૃદયસ્પર્શી છે. શાળાના ઇન્સ્પેક્શન માટે આવેલા એક એજ્યુકેશન ઇન્સ્પેક્ટર એક વર્ગ તરફ ગયા. બારણું સહેજ ધક્કો મારીને ખોલ્યું. અંદર સરલાતાઈ ભણાવી રહ્યાં હતાં. ઇન્સ્પેક્ટર તેમને પગે પડીને નીકળી ગયા. આ ઇન્સ્પેક્ટર એટલે જૂનાગઢની શાળામાં સરલાતાઈ હેડમિસ્ટ્રેસ હતાં ત્યારે થોડોક સમય શિક્ષક તરીકે ફરજ બજાવી ચૂકેલા અનસુખલાલ અવાશિયા.

સરલાતાઈ 'પુલકિત'માં જોડાયાં તે જોગાનુજોગે જ. તેમના પૌત્ર અભિજાતને શાળાએ મૂકવા જાય, ને ભણાવવાનું ગોઠવાઈ ગયું. પછી તો ચાલ્યું. ઉંમર સાઠથી વધુ. મોટા પુત્ર જયંત જોશીના વિજયનગરના ઘરેથી ત્રણ બસ બદલીને પાલડી વિસ્તારમાં આવેલી શાળાએ પહોંચે બે-ત્રણ માળ ચઢીને વર્ગમાં જાય. એંશી-પંચાશી પછી ખૂબ વણસેલું પગનું દરદ એ વખતે શરૂ થઈ ગયેલું. બસમાં બેઠાં બેઠાં પગને પાટા બાંધતાં દીદીને ગીતાબહેન કે બે વર્ગો વચ્ચેના સમયમાં તેમ કરતાં દીદીને જ્યોત્સ્નાબહેન યાદ કરે છે. 'વિદ્યાર્થીઓ સાથે ઓતપ્રોત થઈ જતાં' સંસ્થાના એક મોવડી ઉષાબહેન જાની દીદીનું ગૌરવ કરતાં કહે છે કે 'હાથપગ ચાલ્યા ત્યાં સુધી તેઓ શિક્ષણમાં રહ્યાં'. નોંધીએ કે એ સમયના પ્રમાણમાં પણ નજીવા માનદ્ વેતને રહ્યાં.

વિદ્યાર્થીઓના મનમાં તેમની સેવાની નોંધ રહી છે. જિજ્ઞેશ, છાયા, રોમેશ મિસ્ત્રી અને તેમનાં બહેન હીરલ દીદીને અત્યંત પ્રેમાદરપૂર્વક યાદ કરે છે. વ્યવસાયે એન્જિનિયર અને રસથી ચિત્રકાર એવા રોમેશ મિસ્ત્રી(૩૩૫) તેમને 'અમારા સહુથી પ્રેમાળ શિક્ષક' તરીકે યાદ કરે છે. રોમેશ તેમની પાસે અંગ્રેજી, હિંદી અને સંસ્કૃત ભણ્યા. ... એમની પાસે ભણ્યા પછી ભાષાઓમાં રુચિ જાગી. હિરલબહેન (૩૩) સરલાદીદીને યાદ કરતાં હરખાઈ ઊઠે છે. ... એમનું મજાનું બોખલું મોં, હાથમાં ડસ્ટર, રૂ જેવા પોચા પોચા હાથ, મૃદુ સ્પર્શ, મોં પરનું હાસ્ય...

*

સરલાતાઈને મળવા જઉં એટલે દાયકાઓનાં હેત લઈને આવતો 'ઈન્ના' (સરલાતાઈનું ઘરનું નામ)નો હાથ મારા માથા પર, વાંસા પર ફરે. તે મારો હાથ તેમના

રૂ જેવા પોચા હાથમાં લે. બિલકુલ બાળક જેવો તેમનો હાથ. તેમાં સચવાયેલા તેમના શૈશવની મુઠ્ઠી ઉઘડે : પિતાના પૂનાના ઘરના તળાવમાં પોયણાં ખીલે, બિલ્લીબાઈના માંદડાં પગમાં આળોટે, પરોઢે ઘાઘો ગવળી દૂધ આપવા આવે, દરેક ભાઈ અને બહેનને વહેંચી આપેલી ક્યારીઓમાં ફૂલો ફોરે. છાયા પ્રકાશના પ્રદેશમાં વાદળોનાં પતંગિયાં ઊડાઊડ કરે – દેખાય, અલપ થાય, પાછાં દેખાય. ચણિયાચોળી પહેરેલી ઇન્દુ હમણાં દોડતીકને ઘરના ગલુડિયાને બટકું રોટલો આપશે એવું લાગવા માંડે. ઈન્ના ખૂબ તરવરાટથી, બાળકના મુગ્ધભાવે વાતો કરે : અરે ડ ડ... કાય સાંગુ તુલા ડ ડ... (ભાઈ તને શું કહું ડ ડ...) !

ઈન્નાનું બાળપણ રમણીય હતું. પિતા રામચન્દ્ર આપટે શિક્ષણખાતામાં એજ્યુકેશન ઇન્સ્પેક્ટરના ખૂબ ઊંચા હોદ્દા પર. પણ ઑફિસનો કાગળ પણ ન લે, કે ન લે દૂધવાળા પાસેથી જરૂરિયાત કરતાં ટીપુંય વધારે દૂધ. પૂનામાં મોટો બંગલો, ચાર બહેનો, ત્રણ ભાઈઓ એમાંથી એક જાણીતો સિનેકલાકાર. 'સંભાજી'ની ફિલ્મમાં સંભાજીનું કામ મારા ભાઈએ કરેલું એવું ઈન્ના વારંવાર ગર્વથી કહે છે. ઘરમાં શિક્ષણ અને કલાને ઉત્તેજન મળે તેવું વાતાવરણ હતું. બાલગંધર્વ, માસ્ટર દીનાનાથ (મંગેશકર) જેવા અનેક દિગ્ગજોને રંગમંચ પર જોયેલા-સાંભળેલા. એની વાત કરતાં ઈન્ના આજે પણ 'મમ આત્મા રમલા...' જેવું મરાઠી નાટ્યગીત ગાવા માંડે. માબાપ ઈન્ના સાથે મરાઠી અને સંસ્કૃત પુસ્તકો તેમ જ સામયિકો વાંચે. ઈન્ના પોતે પણ 'આંખોને નુકસાન થાય ત્યાં સુધી' વાંચે. અત્યારે પણ ગીતા અને રોજનું 'મહારાષ્ટ્ર ટાઇમ્સ' વાંચી શકાય એટલું વાંચે છે. ઈન્ના હાર્મોનિયમ, સિતાર, દિલરુબા અને વાયોલિન શીખેલાં. હાર્મોનિયમ તો હમણાં હમણાં સુધી વગાડતાં. તસ્તાં આવડે. ભાઈ સાથે ક્વાડ્રેન્ગ્યુલર મેચો જોવા જાય. ઈન્ના તેમનાં ક્રિકેટરસિયા પુત્ર પૌત્રોને પૂછે : 'સી. કે. નાયડુને રમતા જોયા છે ? બોલો તમે જોયા છે ?' મુંબઈમાં થોડાં વર્ષો વસવાટ હતો, જે ક્યારેય ગમેલો નહીં. નાશિકના દિવસોમાં સ્વાતંત્ર્યવીર સાવરકરના પત્ની માઈ અને શ્રી. ધોં. કર્વેનાં પત્ની બાયો સાથે નિકટનો પરિચય. દુર્ગાતાઈ ભાગવત અને તેમનાં બહેનને પણ સારી રીતે ઓળખે.

ઈન્ના કહે : 'હું નાની હતી ત્યારે ખૂબ સુંદર દેખાતી. માગું આવે તો પિતા કહેતા કે હજુ તો ભણશે.' જેની સાથે લગ્ન કર્યાં તે રઘુનાથ જોશી ગરીબીની વચ્ચે પૂનાની ડેક્કન કૉલેજ અને કોલ્હાપુરની રાજારામ કૉલેજમાં તેજસ્વી વિદ્યાર્થી તરીકે ભણેલા. ત્રીસના દાયકાની શરૂઆતમાં લગ્ન. જૂનાગઢ પતિ સાથે રહીને, પરીક્ષા વખતે બનારસ જઈને ઇન્ટર થયાં. નાગપુર યુનિવર્સિટીમાંથી મરાઠી-સંસ્કૃત સાથે બી.એ.(૧૯૩૩) તેમ જ મરાઠી સાથે એમ.એ.(૧૯૩૫)ની પદવીઓ મેળવી. ૧૯૩૬માં જૂનાગઢની લાડલીબીબી કન્યાશાળામાં જોડાયાં. ત્યારથી શરીરે સાથ આપ્યો ત્યાં લગી શિક્ષક રહ્યાં. તેમની તમામ વૃત્તિ પ્રવૃત્તિઓમાં, ખૂબ પુરોગામી રઘુનાથરાવનો તે જમાનામાં વિરલ લાગે તેવો સાથસહકાર મળ્યો.

સરલાતાઈએ વધતી ઉંમરે પણ પતિની પાંચ વર્ષ સુધી જે તિતિક્ષાથી શુશ્રૂષા કરી તેની વાત તેમનો એક પૌત્ર અભિજાત કરે છે. ત્યાર પછીની બીમારી આવી તે ઈન્નાનાં મોટાં બહેનની. આ બહેનને ઈન્નાએ વર્ષોથી સંભાળ્યાં હતાં. સ્વજનોની બીમારીનો સામનો કરનારાં ઈન્ના અભિજાતને 'મોસ્ટ ફોર્મિડેબલ વૂમન' લાગે છે. જો કે તે એમ પણ માને છે કે સારસંભાળના આ દાયકાએ ઈન્નાની સ્ફૂર્તિશક્તિને ઘણું નુકસાન પહોંચાડ્યું.

ઈન્ના તેમનાં પૌત્રો માટે તો વહાલસોયી દાદીમા રહી 'અ ફેસિનેટિંગ સ્ટોરીટેલર શાળાએ મૂકવા આવનારી, સંસ્કૃત-અંગ્રેજી-ગણિત ભણાવનારી, અભિજાત અને તેના નાના ભાઈ સૌમ્યના મિત્રો ઉપરાંત 'આજુબાજુનાં બાળકોને લગભગ એની ગરજ હોય તેમ મફત ટ્યુશન આપનારી' અભિજાતને વસંત બાપટ, વિંદા કરંદીકર જેવા કવિઓના કાર્યક્રમોમાં લઈ જનારી, દીકરાનો ખોફ વહોરીને પણ પૌત્રોને બીજી વાર ગરમ રોટલીઓ બનાવીને ખવડાવનારી. નાટક સિનેમા અને ટેલિવિઝનના જાણીતા લેખક-દિગ્દર્શક એવાં બને પૌત્રોની ફિલ્મો અને તેમનાં ૧૯૯૬ સુધીનાં તમામ નાનાંમોટાં નાટકો ઈન્નાએ જોયેલા.

પુત્રવધૂ નીલાબહેનને રંગમંચ છોડવા દીધો ન હતો. નીલાબહેન 'પૃથ્વીવલ્લભ'નો શો કરીને ઘરે આવ્યાં ત્યારે સાસુમાએ શીરો બનાવી રાખ્યો હતો. આ નાટક માટે નીલાબહેનને ખૂબ ટૂંકા ગાળામાં તૈયાર કરવી પડેલી. લક્ષ્મીદેવીની ભૂમિકાના વાચિકનાં રિહર્સલ સરલાતાઈ પાસે થયાં હતાં. ઈન્નાએ ચાર મહિનાના અભિજાતને સંભાળવાની જવાબદારી લઈને નીલાબહેનને નાટક માટે દિલ્હી જવાની અનુકૂળતા કરી આપી હતી. પુત્રવધૂના દરેક કૌશલની કદર કરે. બંને વહુઓ પીએચ.ડી. છે એનો તેમને ભારે આનંદ. સરક્યુલેટિંગ લાઈબ્રેરી બંધાવેલી એટલે મરાઠી પુસ્તકો તેમ જ સામયિકો વાંચે અને નીલાબહેનને વંચાવે. તેને કારણે નીલાબહેનનું 'મરાઠી સારું થયું' 'અષાઢ મહિનો આવે ને ઈન્ના પતિ સાથે બેસીને 'મેઘદૂત' વાંચે. બંનેને એકબીજા માટે વિહ્વળ થતાં જોયાં છે' એમ કહેતાં નીલાબહેન સાસુની વાત કરતાં ગદ્‌ગદિત થઈ જાય 'પિતા જેટલા સસરા અદકેરા લાગ્યા અને મા જેટલાં જ સાસુ.

ઈન્નાના નાના પુત્ર અને અમદાવાદના 'ઈસરો'ના 'ડેવલપમેન્ટ એન્ડ એજ્યુકેશનલ એન્ડ કમ્યુનિકેશન યુનિટ' (ડેકુ)માં એક અધિકારી સુભાષભાઈ જોશીને એ વાતનું આશ્ચર્ય છે કે ઈન્ના અનેક વર્ષો સુધી એક 'વર્કિંગ વુમન' હતાં છતાં તેમને માની ખોટ ક્યારેય પડી નથી. આ તેણે 'મૅનેજ' કઈ રીતે કર્યું તે સુભાષભાઈ માટે એક 'વન્ડર' છે વળી, તેઓ ઈન્નાના 'ટ્રાન્સપરન્ટ' અને 'સ્ટ્રેટફોરવર્ડ' સ્વભાવ તેમ જ વર્તનને પણ યાદ કરે છે ઈન્નાને કારણે વાચન ઉપરાંત જે તેમને મહત્ત્વનું મળ્યું તે 'ભાષાની અને ખાસ તો શબ્દના ઉપયોગની સમજ' કૉલેજમાં ભણતી સુભાષભાઈની દીકરી રુચિ ઈન્નાના સન્માન સમારંભમાં હાજર હતી. તેના માટે એણે જે કંઈ જોયું તે 'સિમ્પલી અનબિલિવેબલ' હતું.

ઈન્નાના મોટા પુત્ર જયંતભાઈ અંગ્રેજીના અધ્યાપક અને સાને ગુરુજીના વિચારોના જાણીતા, અભ્યાસી પ્રસારક જયંતભાઈએ ઈન્ના વિશે ઘણી માહિતી આપી. તેમાં સહુથી મહત્ત્વની ત્રણ બાબતો હતી. એક તો એ કે ઈન્ના પુરોગામી અને બુદ્ધિ પ્રામાણ્યવાદી છે તેઓ વ્રતવિધિ કર્મકાંડ-છૂતઅછૂત એ બધાંથી પર છે (તેમના પતિએ તો જનોઈ વર્ષો પૂર્વે બાળી નાખેલી !). બીજી વાત એ કે ઈન્નાનું ધ્યાન હંમેશાં તેમનાથી કોઈક રીતે, કોઈક કારણે નીચલી પાયરીએ હોય, તેનું સારું થાય તેના તરફ રહેતું. ત્રીજું, માન-મતલબ-સત્તા એ બધું તેમને અડતું જ નહીં કારણ કે તેમના માટે જીવનનો પર્યાય શિક્ષણ હતું. અંતિમ નિષ્ઠા વિદ્યાર્થીઓ પ્રત્યે હતી. જયંતભાઈ કહે છે 'ઈન્નાના જીવનકાર્યને કારણે એ જોવા મળ્યું કે શિક્ષકનો વ્યવસાય વિશિષ્ટ છે ઉમદા છે એટલે અમારા પરિવારમાંથી ઘણાં બધાં આ ક્ષેત્ર પસંદ કરવા પ્રેરાયાં.

સરલાતાઈ જૂનાગઢ કન્યા કેળવણીના વૃક્ષમાં બીજ ખરાં પણ આ બીજમાંય એક વૃક્ષ હતું – શીળું, સળવળતું, મહોરતું, વિસ્તરતું જીવનવૃક્ષ. જયંતભાઈએ સરલાતાઈના અભિવાદન સમારોહ વખતની એક ઘટના કહી. સમારોહ પૂરો થયા પછી જોશી કુટુંબીજનો અમદાવાદ પાછા આવવા માટે જૂનાગઢના રેલવે સ્ટેશને પહોંચ્યાં. થોડીવાર પછી ત્યાં એક બહેન આવ્યાં. તેમના હાથમાં હારથી ભરેલી બે થેલીઓ હતી. સરલાતાઈને સન્માન સમારંભ દરમિયાન અનેક વ્યક્તિઓ અને સંસ્થાઓએ પહેરાવેલા એ હાર હતા. એમણે જયંતભાઈને એ બધા હાર અમદાવાદ લઈ જવાની વિનંતી હતી. જયંતભાઈએ ગદ્‌ગદિત ભાવથી એ લીધા. અમદાવાદ આવ્યા પછી તેમણે કેટલાય દિવસ ઘરની ગેલેરીમાં તે હાર તોરણની જેમ રાખ્યા હતા. સરલાતાઈની વિદ્યાર્થિનીઓ આવા કેટલાય હાર, કેટલાંય સ્મૃતિપુષ્પો તેમના મનમાં વસતાં સરલાતાઈને ચરણે મૂકતી હશે અને તેમના સન્માનપત્રની શરૂઆતમાં જ મૂકેલા પેલા શ્લોકને સ્મરતી હશે

ગુરુમધ્યે સ્થિતા માતા માતૃમધ્યે સ્થિતઃ ગુરુઃ ।
ગુરુ માતા નમસ્તુભ્યમ્ માતૃગુરુ નમામ્યહમ્ ॥

□

# સાભાર સ્વીકાર

ટૂંકી વાર્તા

અદશ્ય દીવાલો માવજી મહેશ્વરી ૨૦૦૦ લેખક સારંગ ૬ મહાદેવનગર અંજાર (કચ્છ) પા૰૧૫૮ રૂ૰૮૦ અધખૂલી બારી યોગેશ જોશી ૨૦૦૧ ગૂર્જર પા૰૨૧૪ રૂ૰૧૦૦ એક હતો હડકો જનક નાયક ૨૦૦૧ સાહિત્યસંકુલ પા૰૧૬૦ રૂ૰૮૦ કહેવત કહે કથા માવજી દેસાઈ ૨૦૦૧ ગૂર્જર પા૰૧૫૬ રૂ૰૮૫ કૂંડાળામાં પગ ચતુર પટેલ ૨૦૦૦ પાર્શ્વ પા૰૧૦૦ રૂ૰૮૦ જલાવરણ રમેશ ર. દવે ૨૦૦૧ ગૂર્જર પા૰૧૮૪ રૂ૰૯૦ દરિયાપારનાં દર્પણમાં સં૰ જયંત મહેતા ૨૦૦૧ ઇમેજ પા૰૧૪૪ રૂ૰૯૦ નાટકપાત્રનો પ્રવેશ પ્રવીણસિંહ ચાવડા ૨૦૦૧ ગૂર્જર પા૰૨૫૨ રૂ૰૧૦૦ લઘુકથા વિશેષ સં૰ ભગવત સુથાર – દિલીપ શેઠ – રમેશ ત્રિવેદી ૨૦૦૧ મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ પા૰૧૭૬ રૂ૰૧૦૦ સિનિયર સિટિઝન્સ જનક નાયક ૨૦૦૧ સાહિત્યસંકુલ પા૰૧૬૦ રૂ૰૮૦ સૂજની કેડીએ નટવર ઘરિયાળી ૨૦૦૧ લેખક ૩/એ ડિમ્પા એપા. ત્રીજો માળ આલાપ એવન્યુ સામે ધ લોરેન્સ સ્કૂલ પાસે યુનિ. રોડ રાજકોટ-૩૬૦૦૦૫ પા૰૧૩૦ રૂ ૫૫ સ્વાતિબિંદુ ચેતના વ્યાસ ૨૦૦૧ લેખિકા ૪એ દ્વારિકાધામ એપા. શ્રી રેસિડેન્સી પાસે ૧૫૦ ફૂટ રીંગરોડ કાલાવાડ રોડ રાજકોટ-૩૬૦૦૦૫ પા૰૧૭૨ રૂ ૫૫ फत्‍गोइश एेश देवमणि १९९९ लेखक सी ७६ शांतिकुंज सोला अहमदाबाद ३८२८२८ पा॰९६ रू॰२०

પરેશ નાયક

૩૦ જુલાઈથી ૭ ઑગસ્ટ દરમિયાન અમદાવાદની સ્કૂલ ઑફ આર્કિટેક્ચરના કેમ્પસમાં 'સેપ્ટ (સેન્ટર ફોર એન્વાયરન્મેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેક્નોલોજી) ફિલ્મ ક્લબ દ્વારા, છઠ્ઠાથી આઠમા દાયકા દરમિયાન ભારતીય સિનેમામાં મહત્ત્વનું પ્રદાન કરનાર બંગાળી ફિલ્મકાર ઋત્વિક ઘટકની ફિલ્મોના રિટ્રોસ્પેક્ટિવનું આયોજન કરવામાં આવ્યું.

છેલ્લા દોઢેક દાયકાથી ગુજરાતમાં કળા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આમેય ઝાંખું વાતાવરણ બજારુ કળાના આક્રમણ હેઠળ વધુ પાંખું થયેલું જણાય છે ત્યારે આ પ્રકારનું આયોજન આવકાર અને અભિનંદનને પાત્ર ગણાવું જોઈએ. વિશેષ આનંદની બાબત એ કે આ સમગ્ર આયોજન CEPTના વિદ્યાર્થીઓની સૂઝપૂર્વકની મહેનતને આભારી હતું. 'નાગરિક (૧૯૫૩)થી 'જુક્તિ તાકો આર ગપ્પો (૧૯૭૪) સુધીની ઘટકની આઠ પ્રમુખ ફિલ્મો દર્શાવવા ઉપરાંત ઋત્વિક ઘટક અને તેમના પુત્ર રિતબાન ઘટકનાં દસ્તાવેજી ચિત્રોની રજૂઆત અને આ ફિલ્મો વિશે ચર્ચા-બેઠકોનું પણ આયોજન કરવામાં આવ્યું.

૩૦ જુલાઈએ 'વિઝન ઑફ લાઇફ કાર્યક્રમ શ્રેણી અંતર્ગત ફિલ્મવિવેચક લેખક તેમ જ દિલ્હી યુનિવર્સિટીના અંગ્રેજીના રીડર શ્રી મદનગોપાલ સિંઘનું વ્યાખ્યાન આ સમગ્ર કાર્યક્રમના પુરોવચન જેવું હતું. શ્રી મદનગોપાલ સિંઘે પોતાના ૯૦ મિનિટના વ્યાખ્યાનમાં ઘટકની ફિલ્મોના સંદર્ભમાં Exile (દેશવટો)ની વિભાવનાની કળાત્મક અભિવ્યક્તિનું અત્યંત રોચક પૃથક્કરણ કરતાં સમગ્રપણે ભારતીય પરંપરાના સંદર્ભે સૂફીઓથી વર્તમાન ડાયસ્પોરાના મુદ્દે વિકસતા જતા એક મોટિફરૂપે આ વિચારનું અનુસંધાન સાંકળી બતાવ્યું.

ત્રણ દાયકાના અંતરે ઋત્વિક ઘટક (૧૯૨૫ ૧૯૭૬)ની ફિલ્મો જોતાં ફિલ્મકાર અને ચિંતક તરીકેની તેમની સિદ્ધિઓ અને મર્યાદાઓ વધુ સ્પષ્ટ રૂપે સમજવામાં મદદ મળી. એમની મર્યાદાઓની જેમ, એમની અનેક સિદ્ધિઓ તરફ નિર્દેશ કરવાનું સિનેમાના વિવેચકો ચૂકી ગયા હોય એમ લાગે. આ સરતચૂકનાં અનેક કારણોમાંનું મહત્ત્વનું એક કારણ એ પણ હોઈ શકે કે સત્યજિત રાય (૧૯૨૧ ૧૯૯૨)ના સમકાલીન હોવાના કેટલાક લાભો જેમ ઘટકના સિનેમાને થયા તેમ તેમના સિનેમાને સત્યજિત રાયના સિનેમાથી તદ્દન સ્વતંત્ર રૂપે ન જોવાયાં એ મોટો ગેરલાભ પણ થયો.

'પથેર પાંચાલી (૧૯૫૫) અને 'નાગરિક (૧૯૫૩) અનુક્રમે સત્યજિત અને ઋત્વિકની પ્રથમ ફિલ્મો નજીકના સમયગાળામાં બની. સત્યજિતને આ એક જ ફિલ્મે વિશ્વ સિનેમાના તખ્તે પહોંચાડી દીધા, જ્યારે નાગરિક રિલીઝ થવા ન પામી. 'અપરાજિત'નું કામ કરતી વખતે મુંબઈમાં સત્યજિતે 'નાગરિક જોઈ ઘટકની ફિલ્મો તરફનું રાયનું આકર્ષણ આ રીતે શરૂ થયું. 'મેઘે ઢાકા તારા (૧૯૬૦)ના અંતિમ દૃશ્યના પોતાની ઉપર પડેલા પ્રભાવને સત્યજિત પોતાના સર્જકવિશ્વના મહત્ત્વના પ્રેરણાબિંદુ તરીકે ઓળખાવે છે આજે આ બે મહાન ફિલ્મકારોની કારકિર્દીની તુલના કરીએ ત્યારે સહજ જ થાય કે ઘટકમાંથી રાયે જેટલી પ્રેરણા મેળવી તેટલી ઘટકે રાયમાંથી મેળવી હોત તો તેમની ફિલ્મોની કેટલીક

દેખીતી શિથિલતા નિવારી શકાઈ હોત. જોકે આજના સંદર્ભે મહત્ત્વની વાત એ છે કે આ બંને સમકાલીનોની તુલનાની પ્રવૃત્તિ એક કોરે મૂકી ઋત્વિક ઘટકની ફિલ્મકાર તરીકેની આગવી છબિની આજપર્યંત ઉપસાવવી રહી ગયેલી કેટલીક મહત્ત્વની રેખાઓ આંકી બતાવવી.

ઘટકનું સિનેમાકળા અને સામાજિક વાસ્તવનું દર્શન અનેક રૂપે પોસ્ટ-મોડર્નિસ્ટ ચર્ચાના સંદર્ભે આજે પ્રસ્તુત બને છે – એ તથ્ય ભારતીય દૃશ્યકળા બાબતે વિસ્તારપૂર્વકની ચર્ચા નોતરી શકે તેવુ છે પોતાના જ – તદ્દન નાક નીચેના – સમયને પોતાની કળામાં Critically નિરૂપિત કરવાનું સાહસ ખેડનારા સર્જકો જવલ્લે જ જોવા મળતા હોય છે ને એ સાહસમાં થોડીક પણ સફળતા મેળવી શકનારા તો એથીય થોડા હોય છે ઘટક આ એથીય થોડા વાળા જૂથના સર્જક હતા.

૧૯૨૫માં ઢાકાના જિંદાબાઝારમાં જન્મેલા ઋત્વિક ઘટક ૨૧ વર્ષની વયે માર્ક્સવાદી વિચારધારાની અસર હેઠળ સક્રિય રાજકીય-સામાજિક પ્રવૃત્તિમાં જોતરાયા હતા. એ પછી સાત વર્ષે પોતાની પ્રથમ ફિલ્મ પૂરી કરવા, વચ્ચેના ગાળામાં બી.એ.નો અભ્યાસ પૂરો કરવા ઉપરાંત ઇન્ડિયન પિપલ્સ થિયેટર એસોસિએશન (IPTA)માં લેખક દિગ્દર્શક અને અભિનેતા તરીકે બિજોન ઘોષ, શંભુ મિત્ર અને ઉત્પલ દત્ત જેવા અનેક પ્રતિબદ્ધ કલાકારોના જૂથમાં કાર્યરત રહેલા. આ સમયગાળાને ઘટકની કારકિર્દીના પ્રથમ સપ્તક તરીકે જોઈએ તો એ પછી 'જુક્તિ તાક્કો આર ગપ્પો (૧૯૭૪) સુધી વિસ્તરતી તેમની કારકિર્દી વધુ ત્રણ મહત્ત્વનાં સપ્તકોમાંથી પસાર થાય છે

બીજા સપ્તકનું ચરમબિંદુ ૧૯૬૦માં 'મેઘે ઢાકા તારા'માં જોવા મળે છે જે તેમની કારકિર્દીની સૌથી સુસંકલિત ફિલ્મ તરીકે ઓળખાવી શકાય. ઘટકના જીવનનું આ સૌથી સુદીર્ઘ સપ્તક છે ઇપ્ટા સાથે અનેક નાટકોમાં સક્રિય રહેવા ઉપરાંત 'આદિવાસીઓં કે લોગ (૧૯૫૫)થી ડોક્યુમેન્ટરી ફિલ્મોના વિશ્વમાં તેઓ પ્રવેશે છે આર્થિક મૂંઝવણોને પરિણામે મુંબઈના ફિલ્મીસ્તાનમાં 'મધુમતી અને 'મુસાફિર જેવી ફિલ્મોની પટકથા લખે છે અને ૧૯૫૮થી ૧૯૬૦ના ત્રણ વર્ષો દરમિયાન ત્રણ નોંધપાત્ર ફિલ્મો ('અજાન્ત્રિક ૧૯૫૮ 'બાડી થેકે પાલિયે ૧૯૫૯, 'મેઘે ઢાકા તારા ૧૯૬૦) આપે છે

કોમલ ગાંધાર (૧૯૬૧)થી શરૂ થતું તેમની કારકિર્દીનું ત્રીજું સપ્તક ઋત્વિક ઘટકને ભારતીય સિનેમાના એક મહત્ત્વના ફિલ્મકાર તરીકે સ્થાપિત કરી આપે છે આ ગાળા દરમિયાન ફિલ્મનિર્માણ ઉપરાંત ૧૯૬૪થી તેઓ ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યુટ (પૂના)ના વાઇસ-પ્રિન્સિપાલ તરીકે જોડાઈ વિદ્યાર્થીઓની સાથે લઘુ ફિલ્મોની પ્રવૃત્તિ આરંભે છે તો બીજી તરફ બર્તોલ્ત બ્રેખ્તના 'ધ લાઇફ ઓવ ગેલેલિયો (૧૯૬૫) અને કોકેશિયન ચોક સર્કલ (૧૯૬૭)ના બંગાળી અનુવાદો આપે છે

ઋત્વિક ઘટકના જીવનનું અંતિમ સપ્તક એક સંવેદનશીલ ચિંતક અને ભાવનાશીલ કલાકારના કળાવિશ્વ અને વાસ્તવિક જગત વચ્ચેના ટકરાવના અનિવાર્ય પરિપાકરૂપ છે ૧૯૬૯માં મેન્ટલ હૉસ્પિટલમાં રહીને નાટ્યલેખન કરવાથી માંડીને ૬ ફેબ્રુઆરી ૧૯૭૬ના રોજ ૫૧ વર્ષની વયે અવસાન થતાં સુધીના, અનિશ્ચિતતાઓ અને અસ્થિરતાથી ભરેલા કાળમાં બુઝાતા દીવાના ચમત્કૃતિભર્યા લપકારા જેવી એક અત્યંત પ્રભાવક ફિલ્મ ઘટક

કોન્ક્રીટ — સીમેન્ટ, ગ્રીટ, કપચી, રેત અને પાણીનું મિશ્રણ.

ડુઘો — પાતળો ઓગાળેલો સીમેન્ટ

ઘમેલું — તગારું

પાવડો — માલ તગારામાં ભરવા માટેનું લાકડાના હાથાવાળું લોખંડનું સાધન

સેવાલ | સેવાળ — માલ ભરવા માટેનું આડા પાવડા જેવું સાધન

તી/ત્રિકમ — ખોદકામ કરવા માટેનું લાકડાના હાથાવાળું લોખંડનું સાધન

લેલું | થાપી — ચણતરકામ માટે તૈયાર માલ મૂકવા-પાથરવા વપરાતું ભાતિયા જેવું, લાકડાના હાથાવાળું સાધન.

લેલી — નાનું લેલું.

ગુટકો — પ્લાસ્ટરમાં ખાંચા સરખા કરવા માટે વપરાતું લાકડાનું સાધન.

મસ્તર — પ્લાસ્ટર કરવા માટે વપરાતું લાકડાનું સાધન.

પતરું — લીસું પ્લાસ્ટર કરવા વપરાતું પતરાનું ગુટકા જેવું સાધન

ઓળંબો — દીવાલ કાટખૂણે સીધી છે કે કેમ તે ચકાસવા વપરાતું નાના ભમરડા જેવું લોખંડનું દોરી સાથેનું સાધન.

લેવલ — ભોંયતળિયાની સપાટી સરખી છે કે કેમ તે ચકાસવાનું નાનકડું સાધન

બેબુ — જાડા વાંસ.

ટેકા — લાકડાના જાડા ટુકડા.

પાલખ — વાંસ અને ટેકાનો ઉપયોગ કરી ઊંચાઈએ ચણતર કામ માટે બાંધેલો માંચડો.

ખપેડો | ખપેડી — પાલકના આડા ટેકા પર ગોઠવવાનાં વાંસનાં જાળિયાં

કાટખૂણો — દીવાલના ખૂણા માપવા વપરાતું લોખંડનું કાટકોણ.

ખૂણિયો | ખૂણિયું — પ્લાસ્ટરના ખૂણાની ધાર સરખી કરવા વપરાતું નાનકડું લોખંડનું સાધન

ટેપ — લંબાઈ-ઊંચાઈ-જાડાઈ માપવા માટેની ડબ્બીબંધ લાંબી ફૂટપટ્ટી.

ટાંકણું — ચણેલ ચણતરમાં જરૂરી કાણાં, ઘંતા કાઢવા માટે વપરાતું છીણી જેવું લોખંડનું સાધન.

ટોટી માપ — રબ્બરની પારદર્શક પાતળી પાઇપમાં પાણી ભરીને તેના બે છેડા બે છેડે રાખીને જમીન ચણતરની ઊંચાઈ માપવી.

## સુથારીકામનાં ઓજારો

કોઢી/કોઢો — કુહાડી (નાનીમોટી) જે ઝાડ કાપવાના કામમાં આવે છે

કરવત — મોટી આરી જે લાકડાને વહેરવાના કામમાં આવે છે

કરવતી/પત્તરું — નાની કરવત

આરી — ઝાડનાં મોટા થડ જેવાં લાકડાં વહેરવા માટેની લાકડાની લંબચોરસ ફ્રેઇમ વચ્ચેની કરવત.

| | |
|---|---|
| વાંસલો<br>વાંહલો | લાકડા ઊભા ફાડવા/છોલ ઉતારવા માટેનું આડી કુહાડી જેવું સાધન |
| ફરસી<br>નાની ફરસી | લાકડાને ફાડવા માટેનું લોખંડનું ચપટું સાધન-આગળના ભાગે ધાર હોય છે |
| સાલ | લાકડામાં પાડવામાં આવતું ગોળ કે ચોરસ-લંબચોરસ કાણું |
| સાલિયો<br>ડાલિયો<br>વિજાલિયો | સાલ કાઢવા માટેનું સાધન/કાણા પાડવા માટેનું સાધન |
| હથોડી<br>હથોડો | ખીલી વગેરે ઠોકવા માટેનાં લોખંડનાં નાનાં-મોટાં સાધન |
| રંધો | લાકડાની સપાટી સરખી કરવા/છોલવા/લીસી કરવા માટેનું સાધન |
| રંધી | લાકડાની પટ્ટીઓને ઘીસી પાડવા માટેનું ઓજાર |
| શારડી<br>ચીવાણી<br>શારડી | ગોળ કાણાં પાડવા માટેનું ઓજાર જેને ધૂનકી/ધનુષ્યની રસી વડે ફેરવવામાં આવે છે |
| ધૂનકી | ધનુષ્ય (જેની રસી વડે શારડી ફેરવવામાં આવે છે) |
| ગજપટ્ટી | ચોવડ વાળી શકાય તેવી લાકડાની બે ફૂટ લંબાઈની માપપટ્ટી |
| ભીડો<br>ભીડ | લાકડાના સાંધા ભીડવા મેળવવા માટેનું લોખંડનું સાધન |
| ગેઝ | માપ માટેનું સાધન |
| સ્ક્રૂ | ખીલી |
| પાનું | રંધો, ફરસી, શારડી વગેરેમાં જોડાતું લોખંડનું સાધન |
| એમરી | ઓજારનાં બૂઠાં થઈ ગયેલાં પાનાંને ધાર કાઢવા માટેનું સાધન |

## આભાર સ્વીકાર

નાટક

આધુનિક ગુજરાતી એકાંકીઓ સં૦ ઉત્પલ ભાયાણી પુ૦૨૦૦૧ સાહિત્ય અકાદમી પા૦૧૪૮ રૂ૦૧૨૦ જસવંતરાય આચાર્ય સમગ્ર નાટક ભરત પાઠક ૨૦૦૧ પ્રવીણ પ્રકા. પા૦૨૧૮ રૂ૦૧૨૫ ભિચરે ટૂંટી કૂપળ મહેતા એવકુંથવાર રૂપા૦ રવીન્દ્ર પારેખ ૨૦૦૧ સંવાદ પ્રકા. પા૦૫૮ રૂ૦૫૦ લલિતાદુઃખદર્શક રણછોડભાઈ ઉદયરામ સં૦ સતીશ વ્યાસ પુ ૨૦૦૧ ગુજરાત સાહિત્ય અકાદમી પા૦૧૩૬ રૂ૦૮૦ હેતુવશ એકાંકીઓ જનક દવે ૨૦૦૧ ગૂર્જર પા૦૨૧૨ રૂ૦૧૦૦

અનામિકા ઓઝા


[ અદૃશ્ય અનામિકાની આપવીતી   લાલશંકર ત્રિવેદી, રન્નાદે પૃ.૫૦, રૂ. ૩૦/ ]

આજનો યુગ એ વિજ્ઞાનનો યુગ છે પહેલાંના વખતમાં લોકોને કોઈપણ બાબત સમજાવવા, ગળે ઉતારવા ધર્મનો સહારો લેવાતો. જ્યારે આજે વિજ્ઞાનનો લેવાય છે પૂર્વે દાદીમા નાનાં બાળકોને શિખામણો ધર્મ સાથે ગૂંથીને આપતાં પરંતુ આજનું બાળક તાર્કિક રીતે મનાય તેવી અને વિજ્ઞાન સાથે સંકળાયેલી વાર્તા માગે છે લાલશંકર ત્રિવેદીની 'અદૃશ્ય અનામિકાની આપવીતી' આવી જ બાળવિજ્ઞાનવાર્તા છે

'ઝગમગ' અને 'બાલસંદેશ' જેવાં સામયિકોમાં બાળવાર્તા લખનાર લેખકે આ વાર્તા દ્વારા 'ટારઝન' જેવું જ એક લોકપ્રિય પાત્ર 'અનામિકા' સર્જવાનો પ્રયત્ન કર્યો છે એવું કહી શકાય કે લેખકે નાયકપ્રધાન નહીં પરંતુ નાયિકાપ્રધાન વાર્તા લખી છે

અનામિકા એ વૈજ્ઞાનિક પિતાનું સંતાન છે વીસ વર્ષ થતાં તેનાં લગ્ન થાય છે પરંતુ તેના સાસરિયાં સારાં માણસો નથી અને તેઓ તેને બાળી નાખવાનો પ્રયત્ન કરે છે હવે વિજ્ઞાનની વાત આવે છે અનામિકાના પિતા કે જેઓ વૈજ્ઞાનિક છે તેમણે એક એવા રસાયણની શોધ કરી છે કે જે લગાવતાં જ માણસ અદૃશ્ય થઈ જાય.

> "દાયકાઓની મહેનત બાદ પ્રયોગશાળામાં તેમણે એવું રસાયણ તૈયાર કર્યું હતું કે જેને શરીર પર યોગ્ય માત્રામાં ચોપડવામાં આવે તો તે રસાયણ સૂર્યપ્રકાશ કે અન્ય કોઈપણ પ્રકાશને સંપૂર્ણપણે શોષી લઈ તેનું આયોજનબદ્ધ વિઘટન કરી શકે... રસાયણને શરીર પર ચોપડી દેવામાં આવતાં તે આવરણની મદદથી પ્રકાશનું વિઘટન તો થઈ જતું પરંતુ તેને શરીરના સીધા સંપર્કમાં લાવવામાં વચ્ચે ચામડી અડચણરૂપ હતી." (પૃ ૪ ૫)

આ ચામડી તો અનામિકાના સાસરિયાં બાળી ચૂક્યાં હતાં. તેથી જ્યાં સુધી ચામડી ન ઊગે ત્યાં સુધી આ રસાયણ લગાવીને અનામિકા અદૃશ્ય રહી શકે મહિનામાં જ ચામડી આવવાની શરૂઆત થતાં, તે રસાયણ તેને કામ ન લાગે. આ મહિનામાં જ અનામિકા અદૃશ્ય રહીને તેને બાળી નાખવાનો પ્રયત્ન કરનાર સાસરિયાંની સામે કઈ રીતે બદલો લે છે તેની રસપ્રદ કથા છે

વાર્તાની પ્રસ્તાવનામાં હરીશ નાયક લખે છે કે 'બાળકને વાર્તા પોતાની લાગવી જોઈએ' દસ વર્ષના બાળકને આવા કથાનકની વાર્તા પોતાની કઈ રીતે લાગે ? આ ઉપરાંત અનુક્રમણિકામાં પાડેલાં આઠ પ્રકરણોમાંથી ફક્ત એક-બેને બાદ કરતાં બાકીનાં બધાં જ પ્રકરણોમાં મુખ્ય બાબત સાસરિયાં પ્રત્યે પ્રતિશોધ લેવાની છે અલબત્ત, એ પ્રતિશોધને લેખક ખૂબ જ હળવી રીતે મૂકે છે અન્યાય સહન ન કરવો અને તેનો વિરોધ કરવાનું બાળકને શીખવવું એ એક બાબત છે અને વાર્તાનાં આઠમાંથી છ પ્રકરણો પ્રતિશોધ લેવાની વૃત્તિને અર્પી દેવા એ અલગ બાબત છે

બાળવાર્તામાં લાલશંકર ત્રિવેદી કેટલીક ખોટી માન્યતાઓ અને સાચાં મૂલ્યો તરફ

પણ ધ્યાન દોરે છે સમગ્ર પ્રસંગોને હાસ્યની હળવી લહેર આપીને તેઓ સાચી દિશાએ આંગળી ચીંધે છે દહેજપ્રથા, બે નંબરના પૈસા, અંધશ્રદ્ધા વગેરે બાબતો પણ લેખકે વાર્તામાં વણી લીધી છે આજે પણ કેટલાય લોકો એવા છે કે જેઓ બાવાઓમાં અને દોરા-ધાગામાં વિશ્વાસ કરે છે અનામિકાની નણંદ અને જેઠાણીની સામે બદલો લેતી વખતે લેખક આ બાબત મૂકે છે

બાળકને વાર્તા પોતાની લાગે અને પોતાનાં સંવેદનો વ્યક્ત કરતી લાગે તેવાં કેટલાંક વાક્યો લેખકે મૂક્યાં છે 'ઉત્સાહી વિદ્યાર્થી પરીક્ષાના પરિણામની આગલી રાતે આતુરતાના આવેગ હેઠળ ઊંઘી ન શકે તેવી મારી હાલત હતી।' (પૃ.૨૪) પ્રકરણ સાત 'વન ટુ કા ફોર'માં લેખક બાવાઓ દ્વારા બોલાતી હિંદી ભાષાનો સુંદર ઉપયોગ કરે છે 'મેરી હાજરીની વો કુછ પરવા નહીં કરતી ! અબ ઉનકા દિન ભરાઈ ચૂક્યા હૈ... ઇસલિયે મારી હાજરીમા તુમ પર હુમલા કિયા... મેરા અપમાન કિયા (પૃ.૪૭)

## સ્મરણ-વિસ્મરણની આસપાસ

પ્રફુલ્લા વોરા

[ગુફ્તગૂ હનીફ સાહિલ, ધબક ૨૦૦૦ પૃ.૧૦૮ રૂ ૭૫/]

આ સંગ્રહમાં સો ગઝલો સંગૃહીત થયેલી છે સંગ્રહનું શીર્ષક 'ગુફ્તગૂ' પણ અન્ય ગઝલસંગ્રહોથી જુદી ભાત પાડે છે શીર્ષક માટે ગઝલકાર પોતે જ તેમના કેટલાક શેરમા સંકેત આપે છે

એની આંખોથી મળે છે આંખો,
થાય છે એમ ગુફ્તગૂ મારી

ઉપરાંત,

એની સાથે છે ગુફ્તગૂ મારે,
એની સાથે પિછાણ ખાસી છે

કે પછી,

એની સાથે જે ગુફ્તગૂ છે 'હનીફ'
એ જ મારી ગઝલની વાણી છે

જેવા શેરમાં 'એની'ના ઉલ્લેખથી પ્રિયજનનો સંકેત સ્પષ્ટ થાય છે જેની સાથે સંવાદોની ગુફ્તગૂ આ ગઝલોમાં પ્રગટી હોય એમ લાગે છે ટૂંકી બહેરની ગઝલો લખવાનું કવિની કલમને માફક આવતું હોય એમ લગભગ મોટા ભાગની ગઝલોમાં જોવા મળે છે પરંતુ વિષયવૈવિધ્યને કારણે તેમાં યાંત્રિકતા જણાતી નથી. પ્રણય, વિષાદ, મિલન, વિરહ, ઝંખના, પ્રાર્થના, સ્મરણ, વિસ્મય જેવા પરંપરાગત વિષયોની આસપાસ રચાયેલી ગઝલોમાં પણ રેત, લહેર, મૃગજળ, પ્યાસ, ઝુલ્ફ સફર, ઝરમર જેવાં ભાવકલ્પનોને વિવિધ પરિવેશમાં મૂક્યાં

હોવાથી વાચકને ભાવવિસ્તારમા ખેંચી જાય છે કેટલાક સરસ શેર જોઈએ

થાક તરફડાટ, તૃષા ને તડપ,<br>
એકઠાં થઈ જાય તો રણ હોય છે (પૃ. ૫૨)

મળે કોઈ સમયની આ સફરમાં,<br>
કે નમણી એક અટકળ સંઘરું છું. (પૃ.૧૦૬)

બધી રચનાઓમાં પ્રધાનભાવ પ્રિયજન કે પ્રિય પાત્ર સાથેનો પ્રેમાલાપ છે ઠેકઠેકાણે તેવી છાંટ પથરાયેલી જોવા મળે છે આ રહ્યા આ છાંટણાંઓ –

છે હજી અકબંધ સંબંધ આપણો,<br>
જર્જરિત વસ્ત્રોના આ સળ ખોલજે (પૃ.૨૦)

દૂરથી આવી રહી છે ખુશ્બુ,<br>
દૂરથી મેં તને પિછાણી છે (પૃ.૨૫)

પરંતુ વિરહવ્યથા પણ કવિને સતાવી જાય એવા ઘણા શેર પણ જોવા મળે છે જેમ કે

આંખની નદીયું યે સુકાઈ ગઈ<br>
ને હવે કોરી છે આ ક્ષણ, જાણજે (પૃ.૩૦)

ફેરવી લે છે તું નજર જ્યારે,<br>
સૂર્યની જેમ અસ્ત થઉં છું. (પૃ.૩૮)

છતાં કવિએ આશા છોડી નથી. જિંદગી કોઈના આગમનની આશામાં લબાતી જાય છે ત્યારે આવા શેર સર્જાય છે

સહેજ ઝબકી જાય જો તારું સ્મરણ,<br>
તે પછી એકાંત પણ ઝળહળ બને. (પૃ.૮૮)

આ ઉપરાંત કેટલીક સર્વાંગ સુંદર રચનાઓ પણ વાચકને ગઝલિયતની અનુભૂતિ કરાવે છે ભલે એવી રચનાઓ ઓછી છે છતાં 'સગપણ હોય છે 'માણસ અસર મૂકી શકું નામે ઓળખાયા જેવી કૃતિઓનાં ભાવકલ્પનો, પ્રતીકો અને સરળ શબ્દપ્રયોજનોએ આ સંગ્રહની અન્ય રચનાઓ કરતાં ઊંચાઈ બક્ષી છે

બાકી કેટલાંક પ્રતીકો અને કલ્પનોનું ઘણી રચનાઓમાં પુનરાવર્તન જોવા મળે છે જેમ કે ઝાંઝવા, સ્મરણ, વિસ્મરણ, ક્ષણ, સદી, ટશર, સળ, વલણ, નદી, મૃગજળ, અભણ, તૃષા-ઝરણ વગેરે. ઘણી વખત તો આ શબ્દો સતત એક જ ભાવને ઘૂંટે છે પરિણામે એ ભાવની પુનરોક્તિ વાચકને ખૂંચે છે જેમ કે વિસ્મરણ-સ્મરણ, ક્ષણ-સદી, સંકેત-અભણ, વગેરેનો પ્રયોગ વારંવાર થયો છે પરિણામે ભાવનો વિસ્તાર મર્યાદિત બની ગયો છે જોકે ક્યાંક રોમાંચક મિજાજ કવિહૃદયનો ચિતાર આપી જાય છે

'રંગરસિયા ! આ નિમંત્રણ જાણજે<br>
આંખમાં હોળી છે ફાગણ જાણજે

આ ઉપરાંત કવિનો ગઝલપ્રેમ ઠેરઠેર પથરાયો છે કવિને શબ્દ સાથે પોતાના પ્રિય પાત્ર જેટલો લગાવ છે ઘાયલ સાહેબની જેમ કવિ પણ પોતાની કૃતિ પ્રત્યેની ચાહત વ્યક્ત કરે છે

કવિને માટે જામ નજરાણું બનીને આવતી ગઝલ, લહેરાઈ જતા કલ્પનો, કીમિયો થઈને ઘૂંટાતી ગઝલ કે શબ્દોમાં જાત સંઘરવાની વાત જ કવિત્વ પ્રગટાવી જાય છે કવિને મન શબ્દો એ જીવવાની પળો જેવા અને લક્ષવેધી બાણ જેવા ધારદાર બનીને આવે છે તો ક્યારેક સવારના સૂરજની નજાકત બનીને આવે છે

આમ છતા, પ્રસ્તુત સંગ્રહમાં રહેલી ગઝલોમાં ઘણી જગ્યાએ અન્ય ગઝલકારોનાં કલ્પનોની સીધી અસર અછાની રહેતી નથી. કવિ કિસન સોસા 'ખંડિત સ્વપ્નના અવશેષ' ગઝલમાં જણાવે છે 'અહીંથી જવાય ક્ષણ તરફ અહીંથી સદી તરફ' એવી સંભાવનાની અભિવ્યક્તિ કેટલીક કૃતિઓમાં જોવા મળે છે 'મરણ સુધી પહોંચે' ગઝલમાં કવિ કહે છે 'આ સદી એક ક્ષણ સુધી પહોંચે' તેમજ 'મરણ માગે છે' ગઝલમાં 'ક્ષણમાં પહોંચી જવા સદીની પાર' પંક્તિઓ વાંચતા અન્ય રચનાઓનું સ્મરણ થાય છે હનીફ સાહિલની વિવિધ કૃતિઓમાં આવા પ્રતીકોનો પ્રયોગ વારંવાર થયો છે

ક્યારેક કોઈ ગઝલ ભાવની દૃષ્ટિએ ખોડંગાતી જોવા મળે છે 'ઇંતેઝાર' 'વેદના ધરાશે જો' 'અસર રાખી' જેવી ગઝલો આવાં ઉદાહરણો છે એ જ રીતે કાફિયા અને રદીફમાં પણ વિશેષ નૂતન પ્રયોજનો નથી પરંતુ કેટલાંક નવા શબ્દપ્રયોગો જોવા મળે છે જેવા કે 'તકીલ પાંપણો' 'નાજુક ક્ષણો' જે ધ્યાનાકર્ષક બન્યા છે ગુજરાતી ગઝલને ઉર્દૂ-ફારસી શબ્દોનો શણગાર પણ મળ્યો છે જે કવિની અનુભવી કલમની કાબેલિયત રજૂ કરે છે

ટૂંકમાં કહીએ તો હનીફ સાહિલનો આ સંગ્રહ ગુજરાતી ગઝલ સાહિત્યને એક આગવું પ્રદાન સાબિત થશે. આ સંગ્રહ વાંચ્યા પછી કેટલાક શેર વાગોળવા ગમે છે

> સ્મિત, સંદર્ભો, સ્મરણ, ઝખ્મોની આ,
> શી રીતે સુંદર સફર મૂકી શકું. (પૃ ૭૭)
> આજ આકાશ પડે છે નાનું,
> આજ તારી ઉડાન છોડી દે. (પૃ.૮૦)

## રાગ બરાબર, આલાપ લંબાવવાની જરૂર હતી

રાજેન્દ્ર જ જોશી

[રાગ અતીત બકુલ બક્ષી આર.આર. ૨૦૦૦ પૃ.૧૮૨ રૂ ૯૦/]

'નવી નજરે' નામની અખબારી કૉલમથી વાચકોમાં લોકપ્રિય થયેલા બકુલ બક્ષીનો આ અગિયારમો લેખસંગ્રહ છે નામ સૂચવે છે તેમ આ સંગ્રહમાં ઇતિહાસવિષયક લેખો સમાવવામાં આવ્યા છે જેમાં ઈ સ. પૂર્વેના ભારતના ગણતંત્રનાં મૂળથી માંડી રામકૃષ્ણ મિશનનાં સો વર્ષ સુધીની વાતો આવરી લેવામાં આવી છે આ પુસ્તક એ ઇતિહાસનું નહીં બલકે ઇતિહાસની કેટલીક નાની મોટી પણ રસપ્રદ જાણકારી આપતા લેખોનું પુસ્તક

છે અહીં ઇતિહાસ એક વૃક્ષ રૂપે નહીં બલકે પુષ્પગુચ્છ રૂપે લેખકે પ્રગટ કર્યો છે પુસ્તકમા ૬૪ લેખો સમાવાયા છે

ઇતિહાસ એ શુષ્ક વિષય મનાયો છે પણ આ પુસ્તકમાં વિષયોની વિવિધતા અને અભિવ્યક્તિની તાજગીના કારણે ઇતિહાસનો બોજ સહેજે લાગતો નથી. ઇતિહાસ એટલે વ્યક્તિઓ અને પ્રસંગોની માહિતી આપતી ભરમાર એવો સામાન્ય ખ્યાલ છે પણ લેખકે ઇતિહાસના એવા વિષયો રજૂ કર્યા છે જે આસ્વાદ્ય છે દા.ત. સિંધુ ઘાટીની સભ્યતા, પ્રાચીન ભારતની બેંકવ્યવસ્થા, મોગલ રાજ્યની અર્થવ્યવસ્થા, દિલ્હીના દસ અવતારો વગેરે. પોતાની કલમને માત્ર ભારતના ઇતિહાસ પૂરતી મર્યાદિત ન રાખીને લેખકે આ પુસ્તકને વધારે વ્યાપક અને સમૃદ્ધ બનાવ્યું છે અહીં વિશ્વ ઇતિહાસના અને ધર્મ કે ધાર્મિક વિચારધારાના અંશો પણ છે

આ પુસ્તકમા દ્રૌપદી, રઝીયા સુલતાન, અકબર અને સૂરજમલ જેવાં રાજવીઓના પાત્રો છે તો નિકોલસ માનુસી, વાસ્કો-દ-ગામા અને માર્કોપોલો જેવા પ્રવાસીઓ છે રહીમ જેવો કવિ પણ છે છન્નામલની હવેલી, મહરૌલીના ખંડેરો કે બાબુલનાથના મંદિરની સાથે ગંગાકિનારાના પ્રદેશો, સુરતની ઇમારતો અને કચ્છના કિલ્લાઓની વાત પણ છે 'વ્યક્તિઓ, પ્રસંગો, સ્થળો, વંશો અને વિચારધારાઓ (પ્રવાહો)નો અહીં અનેરો સંગમ છે રજૂઆતમાં નાવીન્યભરી તાજગી છે તો વિષયની વિવિધતા પણ છે જે લેખકના અભ્યાસ ઉપરાંત તેમની સૂઝબૂઝનો પરિચય આપે છે અહીં દ્રૌપદીની સાથે 'હેલન ઓફ ટ્રોય પણ છે અને કોણાર્કના સૂર્યમંદિર કે રાણીની વાવની સાથે જેમ્સ સ્કીનરનું ચર્ચ પણ છે

હરકોઈને માણવા ગમે તેવા આ લેખોમાં એક એક લીટીમા સામાન્યજ્ઞાન ઇચ્છતા આજના યુવાવાચકોને ગમી જાય તેવી માહિતી પણ છે જેમ કે બેંક શબ્દની ઉત્પત્તિ 'બાકો નામના ઇટાલિયન શબ્દમાંથી થઈ ઋગ્વેદમાં ગંગાને નહીં સરસ્વતીને સૌથી પવિત્ર નદી માનવામાં આવી છે પ્રાચીન ભારતના ગણરાજ્યની સંસદને 'સથાગાર કહેવામાં આવતી અને શાહજહાંની લાઇબ્રેરીમાં ૨૦ હજાર પુસ્તકો હતાં.

આ સંગ્રહની મોટી મર્યાદા એ છે કે અખબારમાં પ્રગટ થયેલા લેખો જેમના તેમ અહીં સમાવાયા છે એટલે દરેક લેખનું કદ બિસ્કિટની માફક એક સરખું છે એક લેખના ત્રણ પાનના હિસાબે ૬૪ લેખના ૧૯૨ પાનનો હિસાબ પાક્કો છે જે વાચકને વાગે તેવી વાત છે સુંદર વિષયોની વાત ત્રણ-ત્રણ પાનમાં કરીને તળાવ-તરસ્યાને ચાર ચમચી પાણી પિવરાવ્યા જેવું થયું હોય તેમ દેખાય છે ટૂંકાણ એટલુ છે કે 'રામકૃષ્ણ મિશનના એકસો વર્ષ લેખમાં મિશનનો માત્ર પરિચય છે તેની કામગીરીનો ક પણ નથી. શીખધર્મની ગુરુ-શિષ્ય પરંપરા'માં એક ગુરુની માહિતીમાં અરધો લેખ તો બાકીના અરધામાં નવ ગુરુઓ ! 'દ્રૌપદીની ભૂમિકા 'દિલ્હી દરબારની સંસ્કૃતિ કે 'બ્રિટિશ રાજ્યની યુદ્ધનીતિ જેવા વિષયો માટે ત્રણ ત્રણ પાનાં જ ?

લેખકની સજ્જતા જોતા એક સૂચન કરવાની ઇચ્છા થાય છે કે પસંદગીના લેખોનો સમુચિત વિસ્તાર કરી, તેમના આગામી સંગ્રહમાં તે સમાવવામાં આવે. પોતાનો બારમો લેખસંગ્રહ લેખક જો આ રીતે પ્રગટ કરશે તો એ બારમો ખેલાડી એટલો બળિયો બનશે કે આગળની અગિયારની ટીમને ફિક્સ કરતા તેને કોઈ રોકી નહીં શકે

છે અહીં ઇતિહાસ એક વૃક્ષ રૂપે નહીં બલકે પુષ્પગુચ્છ રૂપે લેખકે પ્રગટ કર્યો છે પુસ્તકમા ૬૪ લેખો સમાવાયા છે

ઇતિહાસ એ શુષ્ક વિષય મનાયો છે પણ આ પુસ્તકમાં વિષયોની વિવિધતા અને અભિવ્યક્તિની તાજગીના કારણે ઇતિહાસનો બોજ સહેજે લાગતો નથી. ઇતિહાસ એટલે વ્યક્તિઓ અને પ્રસંગોની માહિતી આપતી ભરમાર એવો સામાન્ય ખ્યાલ છે પણ લેખકે ઇતિહાસના એવા વિષયો રજૂ કર્યા છે જે આસ્વાદ્ય છે દા.ત. સિંધુ ઘાટીની સભ્યતા, પ્રાચીન ભારતની બેંકવ્યવસ્થા, મોગલ રાજ્યની અર્થવ્યવસ્થા, દિલ્હીના દસ અવતારો વગેરે. પોતાની કલમને માત્ર ભારતના ઇતિહાસ પૂરતી મર્યાદિત ન રાખીને લેખકે આ પુસ્તકને વધારે વ્યાપક અને સમૃદ્ધ બનાવ્યું છે અહીં વિશ્વ ઇતિહાસના અને ધર્મ કે ધાર્મિક વિચારધારાના અંશો પણ છે

આ પુસ્તકમા દ્રૌપદી, રઝીયા સુલતાન, અકબર અને સૂરજમલ જેવાં રાજવીઓનાં પાત્રો છે તો નિકોલસ માનુસી, વાસ્કો-દ-ગામા અને માર્કોપોલો જેવા પ્રવાસીઓ'છે રહીમ જેવો કવિ પણ છે છન્નામલની હવેલી, મહરૌલીનાં ખંડેરો કે બાબુલનાથના મંદિરની સાથે ગંગાકિનારાના પ્રદેશો, સુરતની ઇમારતો અને કચ્છના કિલ્લાઓની વાત પણ છે વ્યક્તિઓ, પ્રસંગો, સ્થળો, વંશો અને વિચારધારાઓ (પ્રવાહો)નો અહીં અનેરો સંગમ છે રજૂઆતમાં નાવીન્યભરી તાજગી છે તો વિષયની વિવિધતા પણ છે જે લેખકના અભ્યાસ ઉપરાંત તેમની સૂઝબૂઝનો પરિચય આપે છે અહીં દ્રૌપદીની સાથે 'હેલન ઓફ ટ્રોય પણ છે અને કોણાર્કના સૂર્યમંદિર કે રાણીની વાવની સાથે જેમ્સ સ્કીનરનું ચર્ચ પણ છે

હરકોઈને માણવા ગમે તેવા આ લેખોમાં એક એક લીટીમાં સામાન્યજ્ઞાન ઇચ્છતા આજના યુવાવાચકોને ગમી જાય તેવી માહિતી પણ છે જેમ કે બેંક શબ્દની ઉત્પત્તિ 'બાંકો નામના ઇટાલિયન શબ્દમાંથી થઈ ઋગ્વેદમાં ગંગાને નહીં સરસ્વતીને સૌથી પવિત્ર નદી માનવામાં આવી છે પ્રાચીન ભારતના ગણરાજ્યની સસદને 'સંથાગાર કહેવામાં આવતી અને શાહજહાંની લાઇબ્રેરીમાં ૨૦ હજાર પુસ્તકો હતાં.

આ સંગ્રહની મોટી મર્યાદા એ છે કે અખબારમાં પ્રગટ થયેલા લેખો જેમના તેમ અહીં સમાવાયા છે એટલે દરેક લેખનું કદ બિસ્કિટની માફક એક સરખું છે એક લેખના ત્રણ પાનના હિસાબે ૬૪ લેખના ૧૮૨ પાનનો હિસાબ પાકો છે જે વાચકને વાગે તેવી વાત છે સુંદર વિષયોની વાત ત્રણ-ત્રણ પાનમાં કરીને તળાવ–તરસ્યાને ચાર ચમચી પાણી પિવરાવ્યા જેવું થયુ હોય તેમ દેખાય છે ટૂંકાણ એટલું છે કે 'રામકૃષ્ણ મિશનના એકસો વર્ષ લેખમાં મિશનનો માત્ર પરિચય છે તેની કામગીરીનો ક પણ નથી. શીખધર્મની ગુરુશિષ્ય પરંપરા માં એક ગુરુની માહિતીમાં અરધો લેખ તો બાકીના અરધામાં નવ ગુરુઓ ! 'દ્રૌપદીની ભૂમિકા 'દિલ્હી દરબારની સંસ્કૃતિ કે 'બ્રિટિશ રાજ્યની યુદ્ધનીતિ જેવા વિષયો માટે ત્રણ ત્રણ પાનાં જ ?

લેખકની સજ્જતા જોતાં એક સૂચન કરવાની ઇચ્છા થાય છે કે પસંદગીના લેખોની સમુચિત વિસ્તાર કરી, તેમના આગામી સંગ્રહમાં તે સમાવવામાં આવે. પોતાનો બારમો લેખસંગ્રહ લેખક જો આ રીતે પ્રગટ કરશે તો એ બારમો ખેલાડી એટલો બળિયો બનશે કે આગળની અગિયારની ટીમને ફિક્સ કરતા તેને કોઈ રોકી નહીં શકે

# સંક્ષિપ્ત ને સર્વગ્રાહી સ્વાધ્યાય

નીતિન વડગામા

[સુન્દરજી બેટાઈ દુષ્યન્ત પંડ્યા, ગૂર્જર ૧૯૯૮, પૃ ૫૬ રૂ ૩૨/]

સર્જકલક્ષી આ શ્રેણીના માળખા મુજબ અહીં પણ સુન્દરજી બેટાઈના જીવન અને સાહિત્યસર્જનનો સંક્ષિપ્ત આલેખ અપાય છે

જીવનસૌરભ અને સર્જકપરિબળો જેવાં આરંભનાં પ્રકરણોમાં લેખક સુન્દરજી બેટાઈના જીવનના મહત્ત્વપૂર્ણ તબક્કાઓનો નિર્દેશ કરીને, તેમનાં સર્જનસહાયક પરિબળોનો પરિચય કરાવે છે ૧૦-૮-૧૯૦૫ના રોજ બેટ (દ્વારકા)માં જન્મેલા સુન્દરજીભાઈ વાયડા અટક બદલીને બેટાઈ થયેલા, તેમણે પ્રાથમિક શિક્ષણ બેટમાં ને માધ્યમિક શિક્ષણ દ્વારકાની શાળામાં લીધેલું. ઉચ્ચ અભ્યાસ અર્થે તેઓ મુંબઈ ગયા ને સેંટ ઝેવિયર્સ કોલેજ તથા એલ્ફિન્સ્ટન કોલેજમાં દાખલ થયા. ત્યાં તેમને થયેલો નરસિંહરાવનો સંપર્ક અત્યંત ઉપકારક નીવડ્યો. બી.એ., એલએલ.બી. અને પછીથી એમ.એ.ની ઉપાધિ મેળવીને તેમણે ગુજરાતીના અધ્યાપક તરીકેની વ્યાવસાયિક કારકિર્દી આરંભી. એ સમયની રૂઢિ મુજબ હાઈસ્કૂલના અભ્યાસ દરમિયાન ૧૯૨૩માં જ ચંદ્રાબહેન સાથે તેમનું લગ્ન થયું ને લગભગ સાડા ત્રણ દાયકાના સંપન્ન ને સુખી દાંપત્યજીવન ભોગવ્યા પછી, ૧૯૫૮માં ચંદ્રાબહેનનું અવસાન થયું. આ મર્મવિદારક ઘાવને પરિણામે તેમની પાસેથી સદ્ગત ચંદ્રશીલાને જેવું કરુણપ્રશસ્તિકાવ્ય મળ્યું ને ૧૯૮૯ની ૧૬મી જાન્યુઆરીના રોજ સુન્દરજીભાઈનું દેહાવસાન થયું. આ અને આવી કેટલીક જીવનવિગતો આપવા ઉપરાંત બેટનો દરિયાકાંઠો, ગાંધીજીની જીવનદૃષ્ટિ, પ્રભાવક અધ્યાપક નરસિંહરાવ અને કવિ કાન્તનાં ખંડકાવ્યો – વગેરે બાબતો બેટાઈનાં સર્જનમાં કેવી રીતે સહાયક પરિબળ તરીકેની ભૂમિકા ભજવે છે એની પણ આ પ્રકરણોમાં નોંધ લેવાઈ છે

સુવિદિત છે તેમ બેટાઈની પ્રથમ અને પ્રબળ ઓળખ તો કવિ તરીકેની જ છે એટલે અહીં પણ બેટાઈની કવિતાની વિચારણા વિગતે થઈ છે ત્રીજા પ્રકરણમાં દુષ્યન્ત પંડ્યા, કવિના પ્રથમ સંગ્રહ જ્યોતિરેખા (૧૯૩૪)થી માંડીને શ્રાવણી ઝરમર (૧૯૮૨) સુધીના અનેક કાવ્યસંગ્રહોનાં કાવ્યોને આધારે બેટાઈના કવિકર્મને મૂલવે છે કેવળ ખંડકાવ્યોનો જ સંગ્રહ લઈને કવિતાના પ્રદેશમાં પ્રવેશતા બેટાઈના જ્યોતિરેખા ના ખંડકાવ્યોની કેટલીક નોંધપાત્ર વિશેષતાઓ તારવીને લેખક એ ખંડકાવ્યોમાંની સીમાઓ પણ ચીંધી બતાવે છે ઇન્દ્રધનુ ના ઝાંઝરી વિભાગનાં, પરમતત્ત્વનો સ્પર્શ પામેલાં કાવ્યોને વિશેષભાવે મૂલવતા લેખક આ સંગ્રહમાંનાં મોટા ભાગનાં સૉનેટોમાં ભાવ કે વિચારના વળાંકનો અભાવ નિહાળે છે તો બેટાઈની કાવ્યકૃતિઓમાં અજોડ એવા 'સદ્ગત ચંદ્રશીલાને'માંના સંપન્ન અને ધાર્મિક એવા કરુણને પણ લેખક સુપેરે ઉદ્ઘાટિત કરી આપે છે

વિશેષાંજલિ સંગ્રહ ન મળી શકવાને કારણે દુષ્યન્તભાઈ સુરેશ દલાલ સંપાદિત કાવ્યવિશેષ-સુન્દરજી બેટાઈમાં મુકાયેલાં આ સંગ્રહનાં કાવ્યોને આધારે જ વાત કરી શક્યા છે જેથી અહીં સ્વાભાવિક રીતે જ આ સંગ્રહની સિદ્ધિ-સીમા સમેતની કવિછબિ ઊપસી શકતી નથી. ત્યારબાદ તુલસીદલ, 'વ્યંજના' 'અનુવ્યંજના' શિશિરે વસન્ત અને

ઝરમર'નાં કાવ્યોને આધારે સુન્દરજી બેટાઈના કવિવિશેષને લેખક અવલોકે છે આ અવલોકના કાવ્યસ્વરૂપો અને કાવ્યસામગ્રીને અનુલક્ષીને થયેલી છે તો છંદના અભ્યાસી દુષ્યન્તભાઈ બેટાઈએ પ્રયોજેલા વિવિધ છંદોને ઝીણી નજરે જોઈને, એમાંના અનુષ્ટુપના પ્રયોગોની લાક્ષણિકતાઓ અને કેટલીક શિથિલતાઓ તરફ પણ ધ્યાન દોરે છે એવી જ રીતે, બેટાઈના અનુવાદગ્રંથ 'મહાભારતના છેલ્લાં ચાર પર્વો'ને અવલોકતી વખતે તેઓ, તેમાંના સંસ્કૃતપ્રાચુર્ય અને દુર્બોધતાને નિર્દેશીનેય કેટલાંક દૃષ્ટાંતો સાથે, 'મહાભારતકાર વ્યાસના કવિકર્મને બેટાઈએ પૂરો ન્યાય આપ્યો છે' એવા નિર્ણય ઉપર પણ આવે છે

બેટાઈના તમામ કાવ્યસંગ્રહોની મૂલવણીને અંતે લેખક એવો નિષ્કર્ષ તારવે છે કે "બેટાઈના સમગ્ર કવિતાવ્યાપારને અવલોકતાં આપણને જોવા મળે છે કે ખંડકાવ્ય, સૉનેટ, ગીત આદિ કાવ્યપ્રકારો એમણે સફળતાથી ખેડ્યા છે ગુજરાતી કવિતાને દરિયામાં ધૂબકો બેટાઈએ મરાવ્યો છે છંદો પર અને ગીતોના લય પર પ્રભુત્વ એમણે દાખવ્યું છે કરુણ પ્રશસ્તિઓને ક્ષેત્રે સારું પ્રદાન કર્યું છે 'મહાભારત'માંથી તથા 'ધમ્મપદ'ના સુંદર અનુવાદ આપ્યા છે પરંતુ ઊર્મિશીલતા, કલ્પનાનું ઉડ્ડયન અને ચિંતનસાતત્ય આ ત્રણ બાબતોમાં કવિને કશુંક નડે છે જે બેટાઈની કવિતાના ઉડ્ડયનને રોકે છે ભાવહૃદયની ખરલનો પટ પૈરો નથી બનવા દેતું અને ચિંતનને દર્શનની કક્ષાએ જતું અટકાવે છે

'વિવેચક બેટાઈ' નામક પ્રકરણમાં દુષ્યન્ત પંડ્યા, 'સુવર્ણમેઘ' અને 'આમોદ' એ બે સંગ્રહો તેમ જ 'નરસિંહરાવ' નામક લઘુ પુસ્તકને આધારે બેટાઈની વિવેચના સંદર્ભે વાત કરે છે ને વિવેચક બેટાઈનું વ્યક્તિત્વ ઉપસાવે છે કેટલાક સાહિત્યકારો, સાહિત્યપ્રકારો ને કેટલીક સાહિત્યકૃતિઓ વિશે બેટાઈએ જે કંઈ લખ્યું છે ને ગ્રંથસ્થ થયું છે એને નિમિત્તે બેટાઈના વિવેચનકાર્ય વિશે અહીં વાત થઈ છે 'ગુજરાતી સાહિત્યમાં સૉનેટ' 'ગાંધીનો શબ્દ' તથા 'ગુજરાતી ગદ્ય અને ગાંધીજી' તેમ જ કેટલાક વ્યક્તિલક્ષી લેખોના વિશેષ ઉલ્લેખ સાથે અને વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના 'ઉપોદ્ઘાત'ના સંદર્ભ સાથે લેખક 'સુવર્ણમેઘ'ના વિવેચનને મૂલવે છે તો 'આમોદ'ના અઢારેક લેખમાંના મહાકવિ વાલ્મીકિ અને કાલિદાસ-વિષયક લેખોમાં દુષ્યન્તભાઈ વિવેચનને મુકાબલે 'ભાવમૌગ્ધ્ય' વિશેષ નિહાળે છે તો આ સંગ્રહના સૌથી વધુ ધ્યાનપાત્ર અભ્યાસલેખ 'ગુજરાતી સાહિત્યમાં અનુષ્ટુપ'ની સરાહના પણ કરે છે અંતે લેખક દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત 'નરસિંહરાવ' વિષયક લઘુ ગ્રંથની નોંધ પણ લે છે

ઉપસંહાર રૂપે દુષ્યન્ત પંડ્યા બેટાઈની કવિતાનાં બે-ચાર ગુણ-લક્ષણો બહુ જ ટૂંકમાં તારવે છે જેમાં તેમના પર અનુભવાતી ગાંધીજીની પ્રબળ અસર, તેમનાં કાવ્યો દ્વારા થતું સમુદ્રદર્શન તેમજ ગંભીર પ્રકૃતિના બેટાઈની સમગ્ર કવિતામાં વ્યાપ્ત ગાંભીર્યને નિર્દેશે છે તો સાથોસાથ 'મહાભારતનાં ચાર પર્વો' 'ભગવદ્ગીતા' અને 'ધમ્મપદ'ના અનુવાદોને મિષે બેટાઈની પ્રશસ્ય એવી અનુવાદ પ્રવૃત્તિને પણ બિરદાવે છે અલબત્ત, અહીં 'મહામના થોરો' તથા 'વૉલ્ડન' જેવા અનૂદિત ગ્રંથોનો ઉલ્લેખ પણ આવશ્યક બને છે

'ગુજરાતી ગ્રંથકારશ્રેણી'ના પ્રારૂપને વશવર્તીને દુષ્યન્તભાઈ ગાંધીયુગના એક ગણનાપાત્ર એવા કવિ સુન્દરજી બેટાઈની શક્તિ-સીમાનાં લેખાંજોખાં કરે છે ને એમની શબ્દયાત્રાનો સુપેરે પરિચય કરાવે છે

# નિબંધકારને સંભળાતો દુર્નિવાર સાદ

જિતેન્દ્ર મેકવાન

[શાખાઓનો સંવાદ  પ્રવીણ દરજી  ગૂર્જર પ્ર.આ.૧૯૯૮. પૃ.૧૫૨. રૂ ૬૦/]

'લીલાં પર્ણોની' 'ભાતાં ઝરણાં' સુધીના છ લલિતનિબંધસંગ્રહો પછી હવે 'શાખાઓનો સંવાદ' પ્રવીણ દરજીના આ સાતેય સંગ્રહો લેખકની લલિતનિબંધ સાથેની ગાઢ નિસબત દર્શાવે છે એમના સર્જક વ્યક્તિત્વને પ્રગટ થવાનું માધ્યમ જ જાણે નિબંધ છે કેટલાંક પ્રતિષ્ઠિત વર્તમાનપત્રોમાં પણ લલિતનિબંધ કે ચિંતનાત્મક નિબંધની એમની કટાર નિરંતર ચાલતી રહે છે એમાંના જ કેટલાંક લલિતનિબંધોનો આ સંગ્રહ છે

આ સંગ્રહના પાંત્રીસ નિબંધોમાં લેખકનું મનોવિશ્વ વિવિધ વિષયોમાં, વિવિધ રીતે ભાતે, વિવિધ ભાવછટાઓ સાથે પ્રગટ થયું છે લેખકના આ મનોવિશ્વને નિકટથી જાણવા માણવા આ સંગ્રહનો છેલ્લો નિબંધ 'દુર્નિવાર સાદ' પહેલાં વાંચવા જેવો છે 'હું શા માટે લખું છું ?' પ્રશ્નના ઉત્તર રૂપે આ નિબંધ લખાયેલો છે નિબંધકારને લખવા માટેનાં નિમિત્તો, વિષયો, શબ્દો ક્યાં-ક્યાંથી કેવી કેવી રીતે સાંપડે છે તેની સરસ મઝાની ગોઠડી લેખકે અહીં ભાવકો સાથે માંડી છે લેખક કહે છે તેમ, લખવું એમના માટે અનિવાર્ય છે એ જ એમનું જીવિત છે અનેક વ્યક્તિઓ, સર્જકો, પરિસ્થિતિઓ, પ્રસંગો એમના જીવિતને સંકોર્યા કરે છે લખવા માટે એમને ઉત્તેજ્યા કરે છે

એકાધિક વાર લેખકને ઉશ્કેર્યા કરે છે મહાન સર્જકોના શબ્દો. એની પ્રતીતિ આ નિબંધોથી મળે છે 'ચાલો ઇથાકાની સફરે'માં ગ્રીક કવિ હોમરના અભિશપ્ત નાયક ઓડિસિયસની વાત છે તો 'મન... લૂઇસ- ચૈત્ર'માં લૂઇસ મેકનીસના 'બરફ' વિશેના કાવ્યને યાદ કર્યું છે એડગર એલન પોનું કાવ્ય 'ધ રેવન' લેખકને 'તું કોણ છે ?' નિબંધ લખવા પ્રેરે છે તો 'હું ચાહું છું આ એકાંતને' – નિબંધમાં લેખક રિલ્કેના એકાંતને યાદ કરે છે આ ઉપરાંત પણ નિબંધોમાં દાંતે, ડી. એચ. લૉરેન્સ, બાદલેર, એલિયટ, મિરોસ્લાવ હોલુબ, ડબલ્યુ. બી. યેટ્સની સાથે સાથે નરસિંહ, મીરાં, કાન્ત, ફૈઝ કે મહર્ષિ અરવિંદ જેવા સર્જકચિંતકોના શબ્દો પણ લેખક સંભારે છે અને નવા જ સંદર્ભો વડે તેને પુષ્ટ કરે છે

લેખકના શબ્દની પાછળ ભૂતની જેમ પીછો કરી રહે છે એ બાળપણ, ગામ, ઘરની તો લીલા જ જુદી છે આ બધાંનું લેખકને અપાર આકર્ષણ છે એમના શબ્દોની એ નોળવેલ છે દાદી, પિતાજી કે બાએ કહેલી કથાઓ પણ એમને ઉત્તેજે છે 'બાની વાતોની આરપાર' 'ફાગુન કે દિન ચાર' 'સગડી પાસે' 'લાવો, લાવો એ ટાઢ' જેવા નિબંધોમાં લેખકનું અતીતરાગી વલણ વિશિષ્ટ રીતે પ્રગટ્યું છે માત્ર શૈશવનાં સ્મરણોથી કંઈક વિશેષ લાગે છે આ નિબંધો. બાળપણની કોઈ સ્મૃતિને નિમિત્ત બનાવીને નિબંધકાર સાંપ્રતનું આર્થિક નિરૂપણ કરે છે પહેલાંના સમયના કૂવા, સગડીઓ, હોળી જેવા તહેવારોનો ઉલ્લાસ કે ટાઢનું સામ્રાજ્ય યાદ કરીને તેમની સમૃદ્ધિ કેવી હતી તેનું રસપ્રદ આલેખન કરે છે આ બધું હવે ક્યાં, કેવી રીતે અલોપ થતું જાય છે તેની વાત લેખક ચિંતિત સૂરે અને વ્યથિત સ્વરે કરે છે

પ્રકૃતિનાં વિભિન્ન તત્ત્વો પણ નિબંધકારના શબ્દને ઘણીવાર સંચારિત કરતાં રહ્યાં

છે  પ્રિ. સ્નેહાસિક્ત અને 'પ્રતીક્ષા'માં વર્ષાઋતુનાં, 'ફરી જતું સફરજન'માં વસંતનાં, 'અગ્નિઅક્ષર અને – તથા 'મન...લૂઇસ..ચૈત્ર'માં ઉનાળુ તડકાનાં વિશિષ્ટ ચિત્રો અને તેની છાપ ઝીલતાં વિશિષ્ટ સંવેદનો ભાવસભર રીતે આલેખાયાં છે  હે સમુદ્ર ! અને 'ગોપનાથ કે ગુહ્ય નાદ  જેવા નિબંધોમાં સમુદ્ર અને સાગરકાંઠાનાં રમણીય દૃશ્યો પ્રવાસનિબંધની શૈલીમાં આલેખાયાં છે  'હે સમુદ્ર ! માં તો અલંગના શીપ બ્રેકિંગ ઉદ્યોગનું વીગતખચિત વર્ણન અને તે નિમિત્તે પ્રગટેલુ ચિંતન પણ નોંધપાત્ર છે  'ધારો કે નિબંધમાં ગુલાબનાં પુષ્પો સંદર્ભે ભાવકને સંડોવતી એક વિશિષ્ટ કસોટી નિબંધકાર કરે છે  તો 'મુક્તિગાન'માં 'ઈશ્વરના કેસેટ પ્લેયરમાં મૂકેલી કેસેટમાંથી  સૃષ્ટિનાં અનેકવિધ લયબદ્ધ તત્ત્વોનું સંગીત ભાવકને સંભળાવે છે

આ બધા નિબંધો ઉપરાંત નિબંધકારના ચિંતનની ગહનતા અને ગદ્યની ખરી સમૃદ્ધિ પ્રગટ કરતાં આ નિબંધો વધુ નોંધપાત્ર છે   આપણી ટેક્સ્ટ  'આંખોનું ઉપનિષદ  'ઈશ્વર ! મને પતંગિયું બનાવી દે !  'એક વધુ ભેટ  અને 'દુર્નિવાર સાદ  લલિતનિબંધનું સ્વરૂપ સતર્પક રીતે અહીં ઊઘડતું જણાય છે  સર્જકના વ્યક્તિત્વની આગવી મુદ્રા આ નિબંધોમાં ઊપસી આવી છે  આપણને ચિરપરિચિત પદોને સાવ નવીન કલ્પનો કે સરખામણીઓ દ્વારા નવેસરથી વ્યાખ્યાયિત કરી આપવાની લેખકની વિશેષતા નોંધપાત્ર છે  કેટલાંક ઉદાહરણ જોઈએ

– 'રાધા અને કૃષ્ણ આપણી મૂળ કૃતિઓ છે  આપણી ટેક્સ્ટ છે  આપણો મૂળ પાઠ છે
– 'ઘણીવાર થાય આ પતંગિયું નથી પણ વિજળીવાનું ઝીણેરું – નાનેરું આલ્બમ છે
– "એકાંત એટલે પોતાનામાં લીન થઈ જતી નદીની જેમ કલકલ્યા કરવાનું ને ?"
– 'લખવું એટલે અનેકની વેદનાઓમાં આપણી વેદનાને ભેળવી એક નવાનકોર વિશ્વની શોધ આદરવી  એક મુક્ત માનવીની, અનર્ગળ પ્રેમની એ શોધ રૂપાંતરે બની રહે છે

આવી અનેક મૌલિક વિચારણાઓ આ નિબંધોમાં મળે છે  નિબંધકારના ગદ્યની આ ખરી સંપદા છે  લલિતનિબંધનાં સાત સંગ્રહો આપ્યા પછીય વિષય અને નિરૂપણની તાજગી નિબંધકાર જાળવી શક્યા છે તે મહત્ત્વનું છે  ક્યાંક ક્યાંક – 'એકદમ તાજા સમાચાર જેવા નિબંધમાં  – 'માણસ હાંફી રહ્યો છે  જેવું અખબારી ગદ્ય આવી જાય છે  પણ એવાં સ્થાનો બહુ અલ્પ છે  મહત્તમ નિબંધો આવી મર્યાદાથી પર છે  તેથી જ લેખકને સંભળાતા દુર્નિવાર સાદમાંથી જન્મેલો આ  શાખાઓનો સંવાદ  સાંભળવો-માણવો ગમે એવો છે

## કોરે કાગળ સહી  – ચંદ્ર ને સુવાચ્ય

---

નવનીત જાની

[કોરે કાગળ સહી  મહેશ દવે, ઇમેજ ૨૦૦૦ પૃ.૧૦૩, રૂ ૭૦/ ]

સુરેશ દલાલ અને જગદીશ જોષી જેવા કવિમિત્રોની જેમને કવિતાસંગ સાંપડ્યો છે એવા મહેશ દવે એમનો પ્રથમ કાવ્યસંગ્રહ  કોરે કાગળ સહી  દબદબાભેર આપે છે

છેક વિદ્યાર્થીકાળથી કવિતાના સંપર્કમાં રહેલા આ કવિ ૧૯૯૪માં (બાસઠ વર્ષની વયે) કલમ ઉપાડે છે ખાસ્સાં વર્ષ લગી એમણે કવિતા સેવી છે એનું શુભ પરિણામ આપણને આ સંગ્રહ વાંચતા મળે છે

સંગ્રહની શરૂઆતની કવિતાઓ (પૃ.૧ ૨-૩-૪ ૫) આપણને સુખડની સુગંધ અને ઝાલરના રણકારની પ્રતીતિ કરાવી જાય છે સંગ્રહનું પ્રથમ કાવ્ય – સાહેબ હુકમ કરે તો આવું (આ સંગ્રહનું શીર્ષક કાવ્ય કહી શકો) મનમાં વસી જાય એવું ગીત છે કવિને લયની ખાસી દરકાર છે – એવું આ કાવ્ય વાંચતા જ સમજાઈ જાય છે ભાવાભિવ્યક્તિ સુકોમળ અને દૃઢ છે આધ્યાત્મિક બાની અને સંવેદનામાં વિલસતું આ કાવ્ય મનને પ્રસન્ન કરનારું બન્યું છે મૌનનો મહિમા અને પ્રકૃતિ સાથે તાદાત્મ્ય સાધવા કવિ કહે છે –

"આપણે આપણા મૌનથી પછી
કહીશું જૂની વાત
રાતરાણી મને રાત આપે
પારિજાત દિયે પરભાત (પૃ.૨૧)

એ જ રીતે – મોગરો, ચાંદની, તાપણું વગેરે નિસર્ગ બક્ષ્યાં તત્ત્વો પાસેથી કવિને અમૂર્ત આનંદ અને અગોચર હૂંફની અપેક્ષા છે

સંગ્રહના ૨૫માં પૃષ્ઠ પરનું કાવ્ય આજની ભયાનક સ્થિતિ સાથે બંધ બેસે છે ભૂકંપીય કરાલ સાથે જાણે કદમ મિલાવે છે આખું કાવ્ય મૂકવાની વૃત્તિને રોકતો નથી, કારણ એ નાનું પણ ભૂકંપના તીવ્ર આંચકા સમું છે

'એક એવો દિવસ આવશે – /રડવડતા, રખડતા મૃતદેહોને/જગત આખાનાં વૃક્ષો બાળી નહીં શકે/દાટવા તે સર્વને ધરતી પાસે જગા નહીં રહે/ધરાઈને બેઠેલાં અકરાંતિયાં ગીધો ઓડકાર ખાઈ/ઘોરવા માંડશે./ત્યારે ઈશ્વર હસશે –/એવું ખડખડાટ કે હસતાં હસતાં/રડી પડશે/ને/એનાં આંસુઓના પ્રલયમાં/વહી જાશે બધાય મૃતદેહો.

ભવિષ્યની વિકટ પરિસ્થિતિને લઈ કવિનું હૃદય વિષાદમય છે તો વર્તમાન સ્થિતિ એમને અકળાવે છે એમના ચિત્તમાં આક્રોશનો અગ્નિ ફૂંકે છે આ આક્રોશને તેઓ જાણે તેજાબમાં બોળીને વીંઝે છે

યુદ્ધની ગાથા સુવર્ણ અક્ષરોમાં લખાતી નથી. (પૃ.૨૮)
"સરહદની પેલે પારથી મારા જ જેવો કોક
મારી આરપાર ગોળી છોડશે કે બોમ્બ ઝીંકશે" (પૃ.૨૮)

કવિને ગીત ઉપર સારી ફાવટ છે એમણે આ સંગ્રહમાં સારાં એવાં ગીતો સમાવ્યાં છે નાવીન્ય અને તાજગીનો ઘણી જગાએ અનુભવ થાય છે

"ચારે બાજુ લીલોતરી ને વચ્ચે નાનું વહેણ,
ક્યારેક ક્યારેક સર્પ થઈને પવન ઉપાડે ફેણ (પૃ.૩૯)

*

"સંગેમરમરમાં નગર ઢોળી નાખ્યું લાગે છે" (પૃ.૯૪)

*

"હું મારા શૈશવની શેરીએ આવ્યો
કે જીવ મારો કેમે કરી રહ્યો નહીં ઝાલ્યો (પૃ.૧૦૦)

વગેરે ગીતોમાં મુખ્યત્વે નિસર્ગ અને શૈશવ સાથે કવિનો અકળક-દઢ અનુરાગ જોવા મળે છે કવિ પાસે સુંદર પ્રતીકો અને કલ્પનો છે પોતાના અનુભવના રસાયણમાં બોળી કવિએ ઘણાં સુંદર ચિત્રો ખડાં કર્યાં છે તેઓ ભાવને ચિત્રાત્મક શૈલીએ મૂકી આપવામા સફળ થયા જણાય છે

"તારા વિના રાત વીતી ને સૂનું આ પરભાત,
ફૂલ ફૂલ પર ઝીણો-ઝીણો ઝાકળનો વરસાદ, (પૃ.૫૦)

ક્યારેક કોઈ કવિતાનો ઉપાડ ગઝલની ઢબે કરી કવિ સિફતથી ગીતમા સરી પડે છે ત્યારે એને કવિની વિશિષ્ટતા ગણવી કે કવિના ચિત્તમાં રહેલી કાવ્યપ્રકાર અંગેની અવઢવ ? (જુઓ પૃ ૫૧ પરનું કાવ્ય)

આ સંગ્રહનો ઘણો ભાગ ગઝલ રોકે છે પણ કવિને ગઝલ સ્વરૂપ માફક આવ્યુ લાગતું નથી કવિ ક્યારેક ગઝલમાં સંસ્કૃતપ્રચુર શબ્દ યોજી દે છે

"તવ બાહુઓ સુરમ્ય કે પકડઈ ગયો છું હું

પૃ ૪૭ પરની ગઝલ અસલી મિજાજ પકડે છે ત્યારે અપેક્ષા પણ જાગે છે

"સાહી લઉં હથેળી તારી અને હું જોઉં
છોડાવવાને એને કોનો પ્રયાસ છે

કવિએ ક્યાંક ત્રણ કે ચાર શેર કરીને ગઝલને છોડી દીધી છે (છતાં સંગ્રહમાં મૂકવાનો મોહ જતો કરી શક્યા નથી જ !) એ અધૂરી ગઝલો થોડા વધુ પ્રયત્ને સુંદર ગઝલ બની આવે એવી શક્યતાઓ ધરાવે છે કવિની પ્રકૃતિ ચિંતકની છે અને એ ચિંતનનો હિસાબ એમણે અછાંદસ રચનાઓમાં સારો એવો આપ્યો છે

કોણ બદલાયું છે —/હું કે મારો સંદર્ભ ?
સમય બદલાયો છે/કે પછી સમાજ ?" (પૃ.૩૬)

*

"ચસકે છાપાં નાખી/ખાઈ બગાસું/જાઉં ઘરમાં
હીંચકા પર છાપાંનો ભાર... (પૃ.૫૭)

વગેરેમા ચિંતકને છાજે એવી નિસ્બતથી કવિએ કવિતા કરી છે સમાજ પ્રત્યેનો પ્રેમ અને ધિક્કાર – સરખા ભાગે, એમની અભિવ્યક્તિમાં વારંવાર ડોકાય છે એ અભિવ્યક્તિ પાસે વિદ્રોહ અને કટાક્ષના વાઘા છે

કોણ કોના પાકને લણે છે ?/તરસ્યાં ઢોર ભુખાળવાં શિયાળવાં/
સાવધ થઈને કોનું મધ ચૂસે છે ?" (પૃ.૯૦)

*

"આ ક્રિયાશીઓ છાપાંમા છપાય છે
છેવટ રહે છે માત્ર એક હકીકત (પૃ.૮૧)

આખા સંગ્રહમાંથી પસાર થતા લાગે છે કે કવિ પોતાની ચાલ રચી રહ્યાં છે આ

ચાલમાં તલસાટ, આનંદ, વિષાદ, શૈશવની સ્મૃતિઓનો ઝિજરાટ, સાંપ્રત જીવનની વિષમતા સામે કરવી આંખ કરવી, ખુદ પ્રત્યે કે ઈશ્વર પ્રત્યે નારાજગીભર્યો આક્રોશ અને અજંપો – વગેરે પડઘાય છે

આજે જ્યારે 'અબખે પડી જાય' એટલાં અને એવા કાવ્યસંગ્રહો આવી રહ્યા છે ત્યારે મહેશ દવેનો આ સંગ્રહ આશા જગવી જાય છે કવિ ગંભીરતાથી કવિતા પાસે ગયા છે એ આનંદની વાત છે 'કોરે કાગળ સહી' કાવ્યરસિકો માટે આવકાર્ય સંગ્રહ છે કેમકે કવિએ કવિતા સાથે વધુમાં વધુ નિસ્બત રાખી કોરે કાગળે દૃઢ અને સુવાચ્ય સહી કરી છે

## શ્રદ્ધા ચેતસ: સંપ્રસાદ:

મધુસૂદન બક્ષી

[જૈનદર્શનમાં શ્રદ્ધા(સમ્યગ્દર્શન), મતિજ્ઞાન અને કેવળજ્ઞાનની વિભાવના નગીન શાહ ૨૦૦૦, ભો. જે અધ્યયન-સંશોધન વિદ્યાભવન અ વાદ, પૃ.૬૧ રૂ ૩૫/]

શેઠ પોપટલાલ હેમચંદ અધ્યાત્મવ્યાખ્યાનમાળા અંતર્ગત, જાન્યુઆરી, ૨૦૦૦ના ત્રીજા સપ્તાહમાં, નગીનભાઈએ 'જૈન દર્શનમાં શ્રદ્ધા(સમ્યગ્દર્શન), મતિજ્ઞાન અને કેવળજ્ઞાનની વિભાવના' એ વિષય ઉપર આપેલાં ત્રણ વ્યાખ્યાનો એ જ શીર્ષક સાથે પુસ્તિકા સ્વરૂપે પ્રગટ થયાં છે અહીં તેના મુખ્ય મુદ્દાઓ ચર્ચ્યા છે

૧૯૯૮માં મુનિ ન્યાયવિજયજીના 'જૈનદર્શન'નો તેમનો અંગ્રેજી અનુવાદ 'જૈન ફિલોસોફી એ ન્ડ રિલિજન' પ્રકાશિત થયો. આ ઉપરાંત તેમણે સંપાદિત કરેલુ અંગ્રેજી પુસ્તક 'જૈન થીઅરિ ઑવ મલ્ટિપલ ફેસિટ્સ ઑવ્ રિઍલિટિ એ ન્ડ ટ્રુથ' ૧૯૯૯માં પ્રગટ થયું છે તેમાં નગીનભાઈએ પુસ્તકના સંપાદકીય લેખમાં અનેકાંતવાદનું તાત્ત્વિક સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે જૈનદર્શન વિશે નગીન શાહનાં વિશ્લેષણોનો પૂર્વે આમ આપણને જુદીજુદી રીતે લાભ મળતો રહ્યો છે

જૈનદર્શનમાં શ્રદ્ધા વિશેના તેમના પહેલા વ્યાખ્યાનમાં દર્શન, શ્રવણ, મનન અને નિદિધ્યાસન એ ઉપનિષદસૂચિત ચાર આધ્યાત્મિક સોપાનોનો ઉલ્લેખ કરીને તેઓ સ્પષ્ટ કરે છે કે તેમાંનુ પહેલું સોપાન, દર્શન એ જ શ્રદ્ધા છે મનન માટે ઉપનિષદોમાં 'મતિ' શબ્દ પ્રયોજાયો છે બૌદ્ધ મતમાં પણ આ ચાર સોપાનો માન્ય છે જૈનમતમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન મૂળે તો મનન અને શ્રવણ જ છે

બૌદ્ધમતમાં શ્રદ્ધાનો અર્થ ચિત્તશુદ્ધિ છે મતાસક્તિ, મતાગ્રહ અને દૃષ્ટિરાગથી મુક્ત થવાથી ચિત્તશુદ્ધિ થાય છે અને તેને પરિણામે પ્રગટેલી સત્યાભિમુખતા એ જ પ્રથમ ભૂમિકાની શ્રદ્ધા છે પરંતુ ગુરુશ્રવણ પછી જ શ્રદ્ધા પ્રગટે તે વિષયસંભાર(contents)વાળી અને સાકાર શ્રદ્ધા છે બીજી ભૂમિકાની આ શ્રદ્ધામાં શ્રુતસિદ્ધાંત સાચો છે તેવી પ્રતીતિ થાય છે શ્રવણ પછીની અને મનન પૂર્વેની આ શ્રદ્ધા છે પરંતુ શ્રુતજ્ઞાન વિશેની શંકાઓનું તર્કબુદ્ધિ દ્વારા

સમાધાન કરીને જે શ્રદ્ધા ઉદ્ભવે છે તે મનન પછીની તર્કોથી સમર્થિત, દઢીકૃત એવી શ્રદ્ધા છે ત્રીજી ભૂમિકાની આ શ્રદ્ધા અધ્યાત્મપ્રસાદરૂપ શ્રદ્ધા છે

જૈનમતમાં પણ શ્રદ્ધા એટલે સમ્યગ્દર્શન. જીવ, અજીવ, આદિ જૈનતત્ત્વોમાં શ્રદ્ધા એ જ સમ્યગ્દર્શન. જીવાદિ જ સત્ય છે તેવો ભાવ એ જ શ્રદ્ધા અને એ જ સમ્યગ્દર્શન. આંતરિક શુદ્ધિવાળી નૈસર્ગિક શ્રદ્ધા અને ગુરુપદેશજન્ય અધિગમ જ શ્રદ્ધા એવો ભેદ આ અંગે કરવામાં આવ્યો છે નગીનભાઈ માને છે કે જૈનોએ સ્વીકારી લેવું જોઈએ કે નૈસર્ગિક અને અધિગમજ શ્રદ્ધા એ એક જ વ્યક્તિમાં ક્રમથી થતી, શ્રદ્ધાની બે ભૂમિકાઓ છે (પૃ.૧૦) શ્રવણપૂર્વેની છે તે નૈસર્ગિક શ્રદ્ધા અને શ્રવણ પછીની છે તે અધિગમજ શ્રદ્ધા. શ્રવણ પૂર્વેની નૈસર્ગિક શ્રદ્ધા 'આધ્યાત્મિક સત્યપ્રવણ માનસિક-વલણરૂપ શ્રદ્ધા છે આવું મનોવલણ એ જ ચિત્તશુદ્ધિ છે શ્રવણોત્તર ઉપદેશજન્ય શ્રદ્ધામાં જીવાદિ તત્ત્વોનું જ્ઞાન છે જોકે મનન પછીની શ્રદ્ધાની ત્રીજી ભૂમિકાનો જૈનમતમાં ક્યાંય નિર્દેશ નથી, તેવું લેખકે નોંધ્યુ છે

જૈન અધિગમજ શ્રદ્ધાના વિષયો જીવ, અજીવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ છે આ તત્ત્વોની નગીનભાઈએ સંક્ષિપ્ત પણ સ્પષ્ટ રજૂઆત કરી છે સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ એ પુદ્ગલદ્રવ્યનાં વ્યાવર્તક લક્ષણો છે ધર્મ એટલે જીવ અને પુદ્ગલની ગતિમાં સહાયક થનાર દ્રવ્ય. જીવ અને પુદ્ગલની સ્થિતિમાં જે સહાયક થાય તે અધર્મદ્રવ્ય. જે દ્રવ્ય જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને કાળને રહેવા સ્થાન આપે છે તે આકાશદ્રવ્ય છે દ્રવ્યોનાં સૂક્ષ્મ સ્થૂળ પરિવર્તનોમાં જે સહાયક દ્રવ્ય છે તે કાલ દ્રવ્ય છે સૂક્ષ્મ પૌદ્ગલિક કર્મરજોનું આત્મા ભણી આવવું એટલે આસવ અને આત્મા તરફ આકર્ષાયેલી કર્મરજોનો આત્મા સાથે નીરક્ષીર સંબંધ થવો એટલે બંધ. આત્મા ભણી આવતી કર્મરજોને અટકાવવી તે સંવર અને લાગેલાં કર્મોમાંથી કેટલાંકનું ખરી જવું તે નિર્જરા. સંવર અને નિર્જરાથી બધાં કર્મોનો જે ક્ષય થાય તે મોક્ષ. (પૃ.૧૪ ૨૦)

નગીનભાઈની મહત્ત્વની રજૂઆત એ છે કે જૈનો આત્મવાદી છે અને બૌદ્ધો અનાત્મવાદી છે તેવો ભેદ પાડવો નિરર્થક છે જેટલા બૌદ્ધો અનાત્મવાદી છે તેટલા જ જૈનો પણ અનાત્મવાદી છે જૈનો ચિત્તને જ આત્મા કે જીવ કહે છે ચિત્ત અને આત્મા સમાનાર્થક છે (પૃ.૧૩). નગીન શાહ પ્રમાણે જૈનોનું આત્મદ્રવ્ય એ બૌદ્ધોનો ચિત્તસંતાન જ છે અને જૈનોના આત્મદ્રવ્યપર્યાયો એ જ બૌદ્ધોની ચિત્તસંતાનગત ક્ષણવ્યક્તિઓ છે કાર્યકારણભાવથી ક્રમબદ્ધ પ્રતિક્ષણોત્પન્ન પર્યાયોનું એકસંતાનપણુ એ જ ધ્રૌવ્યનો અર્થ થાય છે અને ધ્રૌવ્ય એ દ્રવ્યનું લક્ષણ છે આ રીતે નગીનભાઈ કૂટસ્થનિત્યત્વનો પ્રતિષેધ કરનાર બૌદ્ધ જૈન પરંપરાને આ અર્થમાં અનાત્મવાદી તરીકે ઘટાવે છે સંતાન ક્ષણપ્રવાહ છે અને દ્રવ્ય એ પર્યાયપ્રવાહ છે

તેમનું બીજું વ્યાખ્યાન જૈનદર્શનમાં મતિજ્ઞાનનાં સ્વરૂપ અંગેનું છે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અને કેવળજ્ઞાન એમ પાંચ પ્રકારનાં જ્ઞાનો જૈનમતમાં સ્વીકારાયાં છે દર્શન, શ્રવણ, મનન અને નિદિધ્યાસનનાં સંદર્ભમાં વિચારતા તેમને જણાય છે કે શ્રવણ એ જ શ્રુતજ્ઞાન છે અને મનન એ જ મતિજ્ઞાન છે નિદિધ્યાસનમાં અવધિ મનઃપર્યાય અને કેવળજ્ઞાનનો સમાવેશ કરી શકાય છે અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા – મતિજ્ઞાનની

આ ચાર ક્રમિક ભૂમિકાઓ છે નગીનભાઈ માને છે કે અવગ્રહ આદિ ચાર ભૂમિકાઓ મનની ભૂમિકાઓ તરીકે સરળતાથી સમજાવી શકાય છે અને તે મનની ભૂમિકાઓ છે (પૃ.૩૨) ।

નગીનભાઈ માને છે કે વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહનું સાચું અર્થઘટન એ છે કે પહેલા વ્યંજન એટલે કે શબ્દનો અને પછી શબ્દાર્થનો અવગ્રહ થાય છે જૈનમતે વ્યંજનનો અર્થ ઇન્દ્રિયાર્થસંનિકર્ષ કરવો એ તેમને કંઈક વિચિત્ર લાગે છે (પૃ.૩૭). વ્યંજનાવગ્રહ એટલે શબ્દગ્રહણ અને અર્થાવગ્રહ એટલે શબ્દાર્થગ્રહણ, વસ્તુઅવગ્રહ નહીં.

આ વ્યાખ્યાનના અંતમાં પોતાનો મત સ્પષ્ટ કરતા તેઓ લખે છે કે 'આમ જૈન ચિંતકોએ આધ્યાત્મિક ચાર સોપાનોમાંના એક સોપાન મનનને મતિજ્ઞાનમાં પરિવર્તિત કરી મતિજ્ઞાનમાં ઇન્દ્રિયપ્રત્યક્ષ, સ્મૃતિ, પ્રત્યભિજ્ઞા, તર્ક અને અનુમાનનો સમાવેશ કરવાનો આધાર પણ મનનમાંથી મેળવી લીધો અને પછી તે દરેકને સ્વતંત્ર પ્રમાણ તરીકે સ્થાપી જૈનપ્રમાણશાસ્ત્ર ઊભું કરી દીધું (પૃ.૪૨) લેખક એમ પણ સૂચવે છે કે અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અને કેવળજ્ઞાન પ્રમાણશાસ્ત્રના નહીં પણ પરાચિત્તશાસ્ત્ર (પેરાસાયકોલોજી)ના ક્ષેત્રમાં આવે છે

નગીનભાઈના વ્યાખ્યાનમાં કેવળજ્ઞાનની વિભાવના તપાસવામાં આવી છે નગીનભાઈ પ્રમાણે બધા દેશકાળમાં બધા પદાર્થોનું યુગપત્ જ્ઞાન એટલે સર્વજ્ઞત્વ તેવું સ્વીકારવામાં ઘણી તાર્કિક આપત્તિઓ આવે છે આ પ્રકારના સર્વજ્ઞત્વને પક્ષે થયેલી દલીલો તેમને બોદી અને અસ્વીકાર્ય જણાઈ છે એકકાલીન સર્વવિષયગ્રાહક સર્વજ્ઞત્વની વિભાવના તાર્કિક રીતે સ્વીકાર્ય નથી. કેવળજ્ઞાન એટલે રાગમુક્ત અને કોઈ પણ વિષયાકારથી મુક્ત વિશુદ્ધ જ્ઞાન. આચાર્ય કુંદકુંદ પ્રમાણે પણ કેવલીની પરપદાર્થજ્ઞતા વ્યાવહારિક છે નૈશ્ચયિક કે પારમાર્થિક નથી. આમ સર્વજ્ઞતા એટલે આત્મજ્ઞતા એમ જ માનવું જોઈએ.

જૈનોએ કેવળજ્ઞાનનો સર્વજ્ઞત્વ સાથે અભેદ કરીને અને સર્વજ્ઞત્વનો અર્થ, બધાં દ્રવ્યો અને તેમની ભૂત, વર્તમાન અને ભાવિ એમ બધી જ અવસ્થાઓને યુગપદ્ જાણનારું પ્રત્યક્ષજ્ઞાન એવો કરી પાછલે બારણેથી આત્યંતિક નિયતિવાદનો અજાણ્યે સ્વીકાર કરી લીધો, જે આત્યંતિક નિયતિવાદ કર્મસિદ્ધાંતનો તદ્દન વિરોધી છે (પૃ.૫૭) નગીનભાઈની દલીલ એ છે કોઈનું પણ સર્વવિષયગ્રાહી એકકાલીન સર્વજ્ઞત્વ સ્વીકારો તો તેમાંથી એમ ફલિત થશે કે કોઈપણ વ્યક્તિની ભાવિ તમામ અવસ્થાઓ પણ તે સર્વજ્ઞને જ્ઞેય બનશે પરિણામે સર્વજ્ઞનો વિષય બનેલી વ્યક્તિનું ભાવિ આત્યંતિકપણે નિયત થયેલું માનવું પડશે. આમ સર્વવિષયકગ્રાહક સર્વજ્ઞત્વમાંથી આત્યંતિક નિયતિવાદ આવી પડે છે અને આવો નિયતિવાદ કર્મસિદ્ધાંતમાં સ્વીકૃત પુરુષપ્રયત્ન, સ્વતંત્ર ઇચ્છાશક્તિ, નૈતિક જવાબદારી વગેરેનો વિરોધી બને છે આમ સર્વજ્ઞત્વવાદમાંથી નિયતિવાદ ફલિત થાય છે નિયતિવાદ કર્મસિદ્ધાંતમાં સ્વીકૃત સંકલ્પસ્વાતંત્ર્યને બાધક નીવડે છે અને કર્મસિદ્ધાંત તો સત્ય જ છે તેથી સર્વવિષયગ્રાહક સર્વજ્ઞત્વનો અને તેમાંથી ફલિત થતા નિયતિવાદનો અસ્વીકાર કરવો જોઈએ.

સર્વજ્ઞત્વની વિચારણાનું નગીનભાઈએ બારીક વિશ્લેષણ કર્યું છે પરંતુ કર્મસિદ્ધાંતમાં પણ અનેક તાર્કિક આપત્તિઓ નડે છે તે ભૂલવું ન જોઈએ. કર્મના નિયમમાં માન્યા વગર

બધી ઘટનાઓનો વૈજ્ઞાનિક ખુલાસો થઈ શકે છે અને ધારો કે તેનો ખુલાસો બધી ઘટનાઓ અંગે મળતો ન હોય તોપણ કર્મના નિયમ દ્વારા તે ઘટનાઓ બુદ્ધિગમ્ય બનશે જ તેની ખાતરી નથી. અલબત્ત, પ્રકૃતિના નિયમ પ્રમાણે જગતમાં ઘટનાઓ બને છે તેવો કાર્યકારણનો નિયમ નગીનભાઈને સ્વીકાર્ય છે. તેઓ આવા કાર્યકારણના નિયમને આંશિક નિયતિ તરીકે ઘટાવે છે અને સર્વજ્ઞત્વમાં આંશિક નહીં પણ આત્યંતિક નિયતિ આવી પડે છે માટે તેમને સર્વવિષયગ્રાહક સર્વજ્ઞત્વ માન્ય થતું નથી. કાર્યકારણ નિયમ અને કર્મના નિયમ વચ્ચેના ભેદને તેઓ એ વધુ સ્પષ્ટ કર્યો નથી. તેમના વિશ્લેષણમાંથી કેટલાક તાત્ત્વિક મુદ્દાઓ ફલિત થાય છે જેને વધુ વિચારણા માટે અહીં ટૂંકમાં રજૂ કર્યા છે

૧ મતાસક્તિ, મતાગ્રહ અને દૃષ્ટિરાગથી મુક્ત એવી વિષયસંભાર વગરની શ્રાવણપૂર્વેની શ્રદ્ધા ચિત્તશુદ્ધિની ભૂમિકા રૂપે બધાં તંત્રો માટે સરખી હોય તો પણ શ્રવણોત્તર, ઉપદેશજન્ય અને આધિગમિક એવી વિષયસંભારવાળી બીજી ભૂમિકાની શ્રદ્ધા શ્રુતતત્ત્વોમાં પ્રગટેલી શ્રદ્ધા હોવાથી દર્શનભેદે વિષયભેદવાળી બનશે. એટલે મરજી પડે તેવાં તત્ત્વોમાં પોતાની સ્વતંત્ર રુચિથી શ્રદ્ધા રાખી ન શકાય. જીવ-અજીવ આદિ તત્ત્વોમાં જ હોય અને અન્ય તત્ત્વોમા ન હોય તેવી જ શ્રદ્ધા જૈનો માટે શ્રવણોત્તર શ્રદ્ધા બને અને આ બાબત બધા દર્શનોને લાગુ પડે છે

૨. મનનનું મહત્ત્વ નગીનભાઈએ વિસ્તારથી સમજાવ્યું છે પરંતુ તેમાં પણ શ્રુતતત્ત્વોની પરીક્ષા કરીને જ તેને સ્વીકારવાનાં રહે છે. તેના વિકલ્પે નવાં તત્ત્વો ઉમેરવાનું કે કેટલાંકને બાદ કરવાનું શક્ય નથી. આમ બીજી અને ત્રીજી ભૂમિકાની શ્રદ્ધા તંત્રનિષ્ઠ જ રહે છે

૩. શ્રવણોત્તર અને શ્રવણ પૂર્વેની શ્રદ્ધાનો ભેદ આ રીતે ખૂબ જ મહત્ત્વનો જણાય છે. શ્રવણોત્તર શ્રદ્ધા દર્શનભેદાશ્રિત હોય છે

૪ તર્કબુદ્ધિ જ્યાં ન પહોંચે ત્યાં શ્રદ્ધાને જોરે તરત જ પહોંચી જવાય તેવી ઉતાવળી આધારહીન રજૂઆતોના ઉપચાર માટે નગીનભાઈની રજૂઆતો ઉપયોગી થશે. તેમની રજૂઆતો જોતાં સમજાય છે કે શ્રદ્ધા વિશેનું તાત્ત્વિક નિરૂપણ પરિશ્રમપૂર્વકના વિશ્લેષણ વગર શક્ય નથી અને તેવો પરિશ્રમ લીધા પછી પણ શ્રદ્ધાવિચાર તો વિવાદગ્રસ્ત જ નીવડવાનો છે. કોઈ મૌન રહેવાનું પસંદ કરે તે જુદી બાબત છે પણ શ્રદ્ધા વિશે પણ વિચાર કરવા જાઓ કે તરત જ તેમાં તર્ક પ્રવેશી જાય છે. શ્રદ્ધાને ગૂઢ કે અનિર્વચ્ય ગણનારાએ પણ તેવો મત સ્થાપવા માટે દલીલો કરવી પડે છે

૫. નગીનભાઈએ જ્ઞાન અને શ્રદ્ધાને સામસામે મૂક્યાં નથી, ઊલટાનું શ્રવણોત્તર શ્રદ્ધા શ્રુતતત્ત્વોનાં જ્ઞાન વગર શક્ય નથી તેવું તેમણે દર્શાવ્યું છે. તેથી તેમની અભિગમ ચિત્તશુદ્ધિના સંદર્ભમા નૈતિક-મનોવૈજ્ઞાનિક અને આધિગમિક ઉપદેશજન્ય શ્રદ્ધાના સંદર્ભમાં જ્ઞાનાત્મક રહ્યો છે. શ્રદ્ધાની ભાવનાત્મક કે ક્રિયાત્મક પાસાઓ વિશે પણ કદાચ આવી દર્શનભેદાશ્રિત વિચારણા થઈ શકે. 'અધ્યાત્મરતા'માં પ્રસાદ નો અર્થ ચિત્તશુદ્ધિ છે

# 'દ્યુતિમાન ધૂની'નું સમ્યક્ તર્પણ

વિજય શાસ્ત્રી

[વિજયરાય ક. વૈદ્ય જન્મશતાબ્દી સ્મારકગ્રંથ સંપા. જયંતી ગોહેલ, પીયૂષ પારાશર્ય, વિનોદ જોશી, અજય પાઠક ગુજરાત સાહિત્ય અકાદમી, ૨૦૦૦ પૃ. ૧૦+૨૦૬ = ૨૧૬ રૂ ૯૦/]

પશ્ચિમમાં પ્રેન્ટિસ હૉલ ઇન જેવી પ્રકાશન સંસ્થાએ આજ સુધીમાં લગભગ મહત્ત્વના તમામ સાહિત્યકારોનાં મૂલ્યાંકનો કરતી એક વિશાળ ગ્રંથ શ્રેણી પ્રગટ કરી છે ગુજરાતીમાં પણ આ પ્રકારનાં પ્રકાશનો થતાં રહ્યાં છે પણ તે બહુધા પ્રાસંગિક રહ્યા છે ચોક્કસ આયોજનપૂર્વક સાહિત્યકાર મૂલ્યાંકનશ્રેણીના પ્રકાશનની ઘટના હજી આકાર લેવી બાકી જ છે ત્યારે આવા જે કોઈ ઉપક્રમ થાય છે તે ચોક્કસપણે આવકાર્ય જ ગણાય.

ઉક્ત ગ્રંથમાં કુલ ત્રીસ જેટલાં લખાણો સંગ્રહિત થયાં છે દૃષ્ટિપૂર્વકના આ આયોજનમાં પ્રથમ ચાર લેખો સ્વ. વિજયરાયની વિચક્ષણ પ્રકૃતિ અને અરૂઢ જીવનશૈલીનો આલેખ આપે છે જયેન્દ્ર ત્રિવેદી, બંકિમ વૈદ્ય, રમેશ મ. શુક્લ જેવા વિજુકાકાના નિકટવર્તી મિત્રો અને પરિવારજનો તો ખરા જ પણ સ્વયં વિજયરાયના લખાણોને પણ અહીં સમાવવામાં આવ્યાં છે જયેન્દ્ર ત્રિવેદીએ 'જાણે તાંતરિયો'ની જે વીગતો આપી છે અને ત્યાર પછીના પણ ઘણા લેખોમાં એ ઓછે વધતે અંશે જુદી જુદી રીતે પુનરાવર્તિત થાય છે તે મુજબ વિજયરાય વ્યવહારના જીવ નહોતા. સાહિત્ય તેમને માટે ફુરસદનો વ્યવસાય નહોતો પણ 'ઘાઈક્મિશન'-ભેખ-હતો એ બાબતમાં તેઓ અન્ય સાહિત્યકારોથી જુદા પડતા હતા. એક તરફ સાહિત્ય પ્રત્યેનો અસાધારણ લગાવ અને બીજી તરફ સારા અર્થમાં સ્વકેંદ્રીતા એટલે કે પોતાને જે યોગ્ય લાગે તેનો જ સ્વીકાર, અન્યનો ત્યાગ એ બે પરસ્પરવિરોધી બળોએ એમના ચિત્તને, જીવનને લગભગ છેવટ સુધી મથનગ્રસ્ત રાખ્યું. નાજુક તબિયત, આર્થિક ભીડ અને સામે પક્ષે સાહિત્યના વિવિધ ઉન્મેષો માટેની પ્રબળ ઝંખનાનો મેળ આ સંઘર્ષવીરે જે રીતે પાડ્યો તે તેમને નર્મદનો પુનરાવતાર કહેવડાવવા પૂરતો હતો. વિજયરાયના જીવનની આ તાસીર તેમના જીવનવિષયક લેખોમાંથી સારી રીતે ઊપસે છે 'ચૈતન્યશ્રીના' 'કૌમુદી-કિરણો' 'માનસી પ્રકાશ' જેવાં ઉપશીર્ષકો હેઠળ વિજયરાયનાં કેટલાં લખાણો પુનર્મુદ્રિત થયા છે 'જ્યાં-જ્યાં સાક્ષરો ત્યાં ત્યાં સંગ્રામો' (પૃ.૪૭) જેવું સૂત્ર લખનાર વિજયરાયને મુનશી, નરસિંહરાવ, બ. ક. ઠાકોર અને ન્હાનાલાલ જેવા મહારથીઓ જોડે કેવા નાનામોટા સંગ્રામોમાં ઊતરવું પડ્યું હતું છતાં તેમની બૌદ્ધિક પ્રામાણિકતાને કેવી સ્વીકૃતિ મળી હતી તેની વીગતો રસપ્રદ છે મૂળ ગ્રંથમાં આ બધી જ વીગતો જિજ્ઞાસુઓને મળી શકે તેમ હોઈ અત્રે તેના નમૂના ટાળું છું.

વિજયરાયનાં નિબંધો, વિવેચનો, ઇતિહાસ, ચરિત્રો, પ્રવાસવૃત્તાંતોમાંથી અહીં નિબંધો, વિવેચનો, ઇતિહાસ અને ચરિત્રગ્રંથોની સમીક્ષાઓ જેટલી મળે છે તેટલી પ્રવાસવૃત્તાંત કે હરમાન મૅલ્વિલના, ભદ્રમુખ વૈદ્ય સાથે કરેલા 'મોબી ડીક' જેવી વિશ્વખ્યાત નવલકથાના અનુવાદની નથી મળતી. જોકે જ છે તેમાં તેના લેખકોએ ચર્ચ્ય કૃતિને ખૂબ જ વીગતે મૂલવી છે રમેશ શુક્લે વિજયરાયના શૈલીરાગની ઉચિત નોંધ લઈ તેમના વિવેચનને

કૃતિલક્ષી કરતાં કર્તાલક્ષી વિશેષ હોવાનું ગણાવ્યુ છે તે સાચુ છે એવો જ મત ચંદ્રકાન્ત ટોપીવાળાએ પણ (પૃ.૭૩) પર દર્શાવ્યો છે એ કેવો યોગ છે ! ['એમણે મધ્યબિંદુએ સાહિત્યપ્રકારોને નહીં પણ સાહિત્યકારોને રાખ્યા છે ] ગંભીરસિંહ ગોહિલનો લેખ અંગ્રેજીમાં છે જેમાં તેમણે વિજયરાયનાં ઠક્કર વસનજી વ્યાખ્યાનોની, અન્યોએ નહીં લીધેલી નોંધ લીધી છે ગંભીરસિંહે એક વાત બહુ સરસ કહી છે કે But his evaluation of Nrsinh Vibhakar Batubhai Umarwadia Chunilal V Shah and the likes is more relevent today as their contribution is not remembered in our times a ppropriately' (p ૮૦) મણિલાલ હ. પટેલે સૂત્રાત્મક રીતિએ વિજયરાયના વિવેચનવિશેષો દર્શાવ્યા છે તો વિનોદ જોષીએ વિજયરાયનાં વિવેચનો પર આર્થર ક્વિલર કૂચનો પ્રભાવ હોવા છતાં તેઓ ક્યાં, કેમ નિષ્ફળ રહ્યા છે તે દર્શાવ્યું છે રમણ સોનીએ 'માનસી' ને ટકાવવાની વિજયરાયની મથામણને પૂરી સહૃદયતાથી જોઈ-મૂલવી છે દુર્ગેશ ભટ્ટના લેખમાં આ તંતુ આગળ વધે છે જેમાં ઘણીબધી દસ્તાવેજી વીગતો સાંપડે છે રમેશ શુક્લે તે જ રીતે વિજયરાયના 'ચેતન' સાથેના સંબંધને તપાસ્યો છે 'ધૃતિમાન ધૂની' અને 'મરચું' તરીકે ઓળખાતા આ વિજયરાયે વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના વિવેચક તરીકેના ઘડતરમાં 'કૌમુદી' અને 'માનસી' થી નહિ પણ, 'ચેતન' થી ફાળો આપ્યો હતો એ નવી હકીકત રમેશ શુક્લે ચીંધી બતાવી છે પ્રવીણ દરજીએ પણ તટસ્થતાથી વિજયરાયનાં વિવેચનોની 'વક્તવ્યની દુર્બોધતા, શૈલીની શુષ્કતા, ક્લિષ્ટતા, દીર્ઘસૂત્રીપણું' જેવી મર્યાદાઓ ચીંધી છે ઉષા ઉપાધ્યાયે એક મહત્ત્વની બાબત તરફ ધ્યાન દોર્યું છે કે કોઈ પણ લેખકના સર્જનને 'એમના સમયના પરિપ્રેક્ષ્યમાં જ તપાસવાનું ઉચિત ગણાશે.' (પૃ.૧૪૦) જયંતી ગોહેલે વિજયરાયના વિકાસમા તેમની 'બહુભક્તિ' કેવી રીતે ભાગ ભજવે છે તેની નોંધ ટૂંકમાં પણ યોગ્ય રીતે લીધી છે સનતકુમાર દી. મહેતાનો લેખ અત્યંત વૈજ્ઞાનિક પદ્ધતિએ લખાયેલો છે વિજયરાયના ચરિત્રસાહિત્યની અનેક નાનીમોટી ખૂબીઓને ખૂબ જ ઝીણું કાંતીને એમણે ઉપસાવી આપી છે લઘુ શોધપ્રબંધની બરોબરી કરતો આ લેખ, લેખકની અભ્યાસનિષ્ઠાનો પુરાવો છે એમાંની, પદક્રમ, પ્રશ્નોત્તરરીતિ, સંકુલ વાક્યરચના, પ્રલંબ વાક્યો, હિંદી પ્રયોગો, અંગ્રેજીના ગુજરાતી પર્યાયો, કાર્લાઇલની શૈલીનો પ્રભાવ વગેરેની સદૃષ્ટાંત ચર્ચા ખરેખર અભિનંદનીય છે મનસુખ સલ્લા અને મહેન્દ્ર પરમાર પણ ચર્ચ્ય વિષયને સમુચિત પરિમાણમાં નિરૂપે છે વિજયરાયમાં નાટ્યસર્જક તરીકેના અણસાર દેખાય છે એવાં નિરીક્ષણો બે લેખકોએ અનાયાસે એક જ સરખાં આપ્યા છે ' વિજયરાયની શૈલી પર ક્વિલર કૂચથી માંડી, બાણ ભટ્ટ કાર્લાઇલ અને ન્હાનાલાલ જેવાના પ્રભાવનો ઉલ્લેખ ઠેરઠેર થયો છે પણ આખા ગ્રંથમાં, વિજયરાયની ઇતિહાસલેખન શૈલી પર સેઇન્ટ્સ બરીની શૈલીનો જે પ્રબળ, ઉવેખી ટાળી જ નહીં શકાય એવો જે પ્રભાવ રહ્યો છે તેને વિશે એકે હરફ પડ્યો નથી એ કેવું ? રણછોડદાસ 'ચોપાવાળા' ની જગ્યાએ 'ખોખાવાળા' છપાય ત્યારે સાચી અટક જાણનારને હસવું કે રડવું તે વિચારવું પડે ખેર, સંપાદકોએ એક ખૂબ મોટો પ્રકલ્પ પાર

ગ એક વિચક્ષણ અને વિલક્ષણ સાહિત્યસેવીના બાહ્યાભ્યંતર વ્યક્તિત્વપરિમાણને

નું તાક્યું છે અને તેમા નોંધપાત્ર સફળતા પણ મેળવી જ છે જ બદલ તેઓ

અધિકારી બને છે

# મિતાક્ષરી

## ડંકેશ ઓઝા

[ટી.એસ. એલિયટની કાવ્યસૃષ્ટિ અનુ. રજનીકાન્ત પંચોળી, ગુજરાત સાહિત્ય અકાદમી, પૃ.૧૨૫, રૂ ૭૦/ ]

૧૯૮૮માં કવિની જન્મશતાબ્દી સંદર્ભે કવિલોક ત્રૈમાસિકે એક વિશેષાંક પ્રગટ કરેલો જેમાં તેમનાં કાવ્યો, વિવેચનલેખો વગેરેના અનુવાદો પ્રગટ થયેલા.

એલિયટ (૧૮૮૮ ૧૯૬૫)નો પ્રભાવ આપણે ત્યાં પ્રત્યક્ષ કરતાં પરોક્ષ વધુ રહ્યો છે નિરંજન ભગત કહે છે તેમ તેમની કવિતા અર્વાચીનયુગમાં પ્રભુવિહીન વિશ્વમાં આત્મવિહીન મનુષ્ય અને એની મૂલ્યવિહીન સંસ્કૃતિના સંદર્ભમાં પ્રેમ, શ્રદ્ધા અને ધર્મની અનિવાર્યતાની કવિતા છે

અહીં રજનીકાન્ત પંચોળીએ એલિયટનાં જાણીતાં છ કાવ્યોના અનુવાદ આપ્યા છે ગુજરાતીમાં નિરંજન ભગત અને હરીન્દ્ર દવે સહિત ઘણાએ એલિયટનાં કાવ્યોના અનુવાદ આપ્યા છે વાર્તાકારમિત્ર કિરીટ દૂધાતે સુધ્ધાં 'The waste land'નો અનુવાદ કર્યો છે વાચકો સમીક્ષાત્મક દૃષ્ટિથી આ અનુવાદો જોઈ શકશે.

[Selected poems of Sundaram Tr Dhanvanti ગુજ સાહિત્ય અકાદમી, પૃ. ૮૬ રૂ. ૫૫/ ]

૧૯૯૧માં સુંદરમ્ ગયા. અરવિંદઆશ્રમ, પોંડિચેરીનાં ધનવંતીબહેને સુંદરમ્‌ના એકસઠ કાવ્યોના અનુવાદ અહીં આપ્યા છે 'ઘણ ઉઠાવ' 'તે રમ્ય ગાત્રે' 'ત્રિશરની પગલી' જેવા અનેક જાણીતાં કાવ્યો સુંદરમ્‌ના નવ કાવ્યસંગ્રહોમાંથી પસંદ કરવામાં આવ્યાં છે સૌથી વધુ કાવ્યો 'વસુધા' અને 'યાત્રા'માંથી છે

અકાદમીએ અગાઉ ઉમાશંકરનાં કાવ્યોના અંગ્રેજી અનુવાદનું પુસ્તક પ્રગટ કર્યું છે દુષ્યંત પંડ્યાએ તે અનુવાદો કરેલા. હવે સુંદરમ્ આવે છે ગુજરાતી સાહિત્યને અંગ્રેજી મારફત આંતરરાષ્ટ્રીય કક્ષાએ મૂકવાના અકાદમીના આ પ્રયાસો પ્રશસ્ય છે

[લલિતાદુઃખદર્શક (રણછોડભાઈ ઉદયરામ) સંપાદન સતીશ વ્યાસ, ગુજ સાહિત્ય અકાદમી, ગાંધીનગર-૩૮૨૦૧૭ પૃ.૧૩૬ રૂ. ૮૦/-]

ગુજરાત સાહિત્ય અકાદમીએ વિશિષ્ટ અને અનુપલબ્ધ બનેલા ગ્રંથોના પુનર્મુદ્રણની કામગીરી હાથ ધરી છે સુધારકયુગ અને પંડિતયુગના નાટ્યસાહિત્યકારના સર્જક અને ૧૯૧૨માં વડોદરા ખાતે ભરાયેલી સાહિત્ય પરિષદના પ્રમુખ દિ. બ. રણછોડ'ભાઈ ઉદયરામ (૧૮૩૭-૧૯૨૩)ના અતિ લોકપ્રિય નાટકનું એક નાટ્યવિદના હાથે કરવામાં આવેલું આ સંપાદન આવકાર્ય છે

'લલિતાદુઃખદર્શક (૧૮૬૫) પાંચ અંકનું નાટક છે તે સમયમાં એના નાયક નંદનકુમારની કુપાત્રતા એટલી લોકપ્રિય થયેલી કે 'નંદન'એ મુંબઈની પ્રાકૃત ભાષામાં મૂર્ખતાવાચક અને અધમતાવાચક શબ્દ થઈ પડ્યો હતો. લોકમાનસમાં નાટકની પ્રબળ

અસર વ્યાપકપણે વરતાયેલી. સમાજસુધારાના ઇતિહાસમાં આ નાટક એક માઇલસ્ટોન છે કુલીન કુળ નહીં પણ કુલીન વર ઉપર નાટ્યકારે ભાર મૂક્યો હતો. તાજેતરમાં નાટ્યકારના વતન મહુધા ખાતે એક પરિસંવાદ પણ યોજાઈ ગયો એ અંગેની વાત આ જ અંકમાં ભોળાભાઈએ કરી છે

[મારી જાત સાથેની વાત (Hugh Prather) સારાનુવાદ માવજી સાવલા, આર.આર., અ'વાદ ૩૮૦ ૦૦૧ પૃ.૫૩ રૂ ૭૫/]

લેખકે પોતાની અંગત રોજનીશીમાંથી નોંધો પસંદ કરીને પુસ્તકની હસ્તપ્રત તૈયાર કરેલી. અગાઉ વલ્લભવિદ્યાનગરવાળા સુરેશ પરીખે ૧૯૮૬માં અનુવાદનું પ્રથમવાર પ્રકાશન કર્યા પછી તેની આવૃત્તિઓ થતી રહી છે અનુવાદકે નોંધ્યું છે શબ્દ રૂપે જે કંઈ આપણી સામે આવે છે મુદ્રિત સ્વરૂપે મુકાય છે એ શબ્દો પોતે તો નિર્જીવ હોય છે વાચકે જ પોતાના આંતરજગતને સાંકળીને પોતાના ગજા પ્રમાણે એ શબ્દોમાં અર્થનો પ્રવેશ કરાવવાનો હોય છે અને ત્યારે જ મૂળ સર્જકની એ સમયની ચેતના સુધી કદાચ પહોંચી શકાય.

પ્રત્યેક પાને કુદરતી દશ્યોના જે ફોટોગ્રાફ છે તે લખાણના ઉદ્દીપકની ગરજ સારે તેટલાં સુંદર છે પરંતુ તેના સૌજન્યનો કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી. વ્યક્તિમાં વર્તુળાકાર ક્રાંતિ સર્જી શકનારું આ પુસ્તક છે

કિંમત થોડીક ઓછી રાખી શકાય તો વધુ લોકો આ પુસ્તકને ભેટ તરીકે આપવા ઉત્સુક બનશે એવી ધારણા છે ઇમેજ પ્રકાશન દ્વારા પ્રેથરનાં આ જ લખાણોનાં વાર્તિકનું રમેશ પુરોહિતનું પુસ્તક પ્રકાશિત થયું છે

[રામાયણની અંતરયાત્રા લે. નગીનદાસ સંઘવી. પ્ર.આર.આર. શેઠની કંપની, મુંબઈ ૪૦૦ ૦૦૨ પૃ.૨૪૪ રૂ ૧૬૦/]

પુસ્તકની આ ત્રીજી આવૃત્તિ છે મુંબઈના સમકાલીન અ'વાદના જનસત્તા અને વડોદરાના લોકસત્તા દૈનિકોની સાપ્તાહિક પૂર્તિમાં જ્યારે આ લેખમાળા રામાયણની રામાયણ તરીકે ૧૯૮૫માં પ્રગટ થઈ ત્યારે ઘણો ઊહાપોહ મચેલો. અંકોની હોળી અને સામયિકનો બહિષ્કાર થયેલાં. લેખકને અંગત પજવણી પણ ખરી. તોફાની અને આપખુદ લોકો મતભેદને કચડી નાખવા એટલી હદે ગયા કે આક્ષેપોનો જવાબ આપવાનો મૂળ લેખકનો હક પણ તંત્રીઓએ નકારવો પડેલો.

લેખક પ્રસ્તાવનામા લખે છે 'વાલ્મીકિ રામાયણના આ વિશ્લેષણગ્રંથમાં વાલ્મીકિએ દોરી આપેલા કુંડાળાની બહાર પગ મૂકવો નહીં તેવું બંધન સ્વીકારી લેવામાં આવ્યુ છે લેખકનાં અંગત મતવ્યો ફોડ પાડીને જુદાં રજૂ કરવામાં આવ્યાં છે અને તેનો સ્વીકાર-અસ્વીકાર વાચકની મુનસફી પર આધારિત છે વારંવાર લાંબા સમય સુધી વિકૃતકથા વાંચી સાંભળીને આપણાં કાન અને મગજ એટલાં સડી ગયાં છે કે હવે આપણને મૂળ અને ઓજસ્વી રામકથા સાંભળવી કે જાણવી ગમતી નથી.

વાલ્મીકિ રામાયણ વિશે ચી. ના. પટેલ અને હરીન્દ્ર દવે સહિત ઘણાએ લખાણો કર્યાં હોવા છતાં નગીનદાસની કોલમ નિમિત્તે જ હોબાળો કેમ મચ્યો તે સંશોધનનો મુદ્દો

બનવો જોઈએ. લેખકની શૈલી જવાબદાર છે કે તેઓએ સ્વીકારેલ મર્યાદા તેમણે પાળી નથી કે મૂળ મહાકાવ્યથી વિપરીત અર્થઘટનો કર્યાં છે – આ પ્રશ્ન થવાને થશે. રામાયણના અભ્યાસી વિદ્વાનો દ્વારા આ પુસ્તકની વીગતે સમીક્ષા થવી જોઈએ.

[સ્મરણ  કાંતાબહેન શાહ, યજ્ઞ પ્રકાશન, પૃ. ૮૮  રૂ ૨૦]

'ભૂમિપુત્ર' એ સર્વોદય વિચારનું જાણીતું સામયિક છે તેના છેલ્લા પાને 'હરિશ્ચંદ્ર'ના નામે અનૂદિત વાર્તાઓ અપાય છે 'બીડેલાં ફૂલ' શીર્ષક તળેના તેના સંચયો પ્રગટ થયા છે આ લોકપ્રિય કૉલમ છે 'હરિશ્ચંદ્ર' એટલે હરવિલાસબહેન અને કાંતાબહેન. વિનોબાએ એમનું આવું નવનામકરણ કરેલું. કાંતાબહેનના મૃત્યુને એક વરસ થયું. અહીં 'અભિન્ન હૃદયબંધુ' કાંતિભાઈ શાહે એમની હંમેશની સંપાદકીય કુશળતાથી તેમજ એકનિષ્ઠ જહેમતથી કાંતાબહેનના વેરવિખેર ૨૨ લેખોને રૂપકડા ફોટોગ્રાફ્સ સાથે પુસ્તક રૂપે મૂકી આપ્યા છે વિનોબાજીની ગુજરાતયાત્રા વખતે ચાર-છ માસમાં કાંતાબહેને 'ભૂમિપુત્ર'ના ૧૧,૦૦૦ ગ્રાહકો એકલે હાથે કેવી રીતે નોંધ્યા તેનું બયાન રસપ્રદ છે

સુંદર, સુઘડ આકર્ષક અને કિંમતમાં વાજબી પ્રકાશન કેવું હોઈ શકે તેના આદર્શ નમૂનારૂપ આ પુસ્તક છે વળી, કોઈ વ્યક્તિના સ્મરણમાં ઉચિત અંજલિરૂપ કાર્ય કઈ રીતે થઈ શકે તેનો પણ કાંતિભાઈએ અદૃશ્ય રહીને નમૂનો પૂરો પાડ્યો છે આપણા વ્યવસાયી પ્રકાશકોએ પ્રકાશનના અસ્તિત્વમાં ઊંડા ઊતરી વાચકને પોસાય તેવાં, આવાં પ્રકાશનો તરફ જવું જોઈએ.

## પરિચયપુસ્તિકાઓ

**બાળક દત્તક લેતાં પહેલાં  નીલિમા મહેતા**

જે સ્ત્રી પોતાની કૂખે બાળકને જન્મ ન આપી શકે તેવી, વંધ્યત્વથી પીડાતી સ્ત્રી પ્રત્યેનું આપણા સમાજનું વલણ સહેજ તોછડું, કડવાશભર્યું રહ્યું છે દત્તક લેવાની વાત રામાયણ મહાભારત જેટલી જૂની છે પરંતુ આ વિધિ વિશે ઘણી દહેશત, ભય અને ગેરસમજ પ્રવર્તે છે શરૂઆતમાં લોકો નજીકના સગાને જ પ્રથમ પસંદગી આપતા. હવે આ મર્યાદા રહી નથી. સરકાર પણ આ વિધિ માટે માર્ગદર્શન પૂરું પાડે છે દત્તકવિધિનાં બાર સોપાન તેમ જ તેને લગતી એજન્સીઓની વીગતોને કારણે પુસ્તિકા માહિતીપ્રદ બની છે

**આપણા સ્મૃતિગ્રંથો  યોગેશ પટેલ**

એવી માન્યતા પ્રવર્તે છે કે ઈશ્વરના સર્જનનું શ્રવણ ઋષિઓએ કર્યું તે શ્રુતિ – (વેદો, બ્રાહ્મણો, આરણ્યકો, ઉપનિષદો) સાહિત્ય. શ્રુતિ સાહિત્યને આધારે ધર્મશાસ્ત્રનું નિરૂપણ કરતું સાહિત્ય તે સ્મૃતિ. સ્મૃતિઓની સંખ્યા ચોક્કસ વિશે નથી, તેના રચનાકાળ વિશે પણ મતભેદ છે પરંતુ તેના વિષયોમાં આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત મુખ્ય છે યાજ્ઞવલ્ક્યસ્મૃતિ, પરાશરસ્મૃતિ અને નારદસ્મૃતિ વિશે અહીં ઉલ્લેખ છે પરંતુ સમાજરચના સંદર્ભે મનુસ્મૃતિ મહત્ત્વની લેખાઈ છે સર વિલિયમ જોન્સે ૧૭૯૦માં તેનું અંગ્રેજી ભાષાંતર કરેલું. જોકે મનુસ્મૃતિનો ડૉ. બુહલરનો અંગ્રેજી અનુવાદ શ્રેષ્ઠ ગણાય છે પુસ્તિકાના અંતે સ્મૃતિઓનાં

જે ૨૮ વચનામૃતો અપાયાં છે તે સામાન્ય રીતે સ્વીકૃત બને તેવાં છે

**બોન્સાઇ  વામન વૃક્ષ ઉગાડવાની કળા  જ્યોત્સ્ના  તન્ના**

બોન્સાઇ કળા સદીઓ જૂની છે  જાપાનમાં તેનો અપ્રતિમ વિકાસ થયો. તે માત્ર વનસ્પતિશાસ્ત્રની કળા જ નથી. જાપાનના ઝેન બૌદ્ધમાર્ગ સાથે સંકળાયેલ ઇકેબાના, કેલિગ્રાફી જેવી અનેક કળાઓમાની એક છે મનને એકાગ્ર કરી શાંતિ માટે કરાતા પ્રયત્નોના એક સ્થાયી ભાગ રૂપે બોન્સાઇનો વિકાસ થયો છે  બોન્સાઇ ઉગાડતી વખતે ધૈર્ય, મનની વિશાળતા, સ્થિરતા, વિનમ્રતા વગેરે, મનુષ્યજીવનને સમૃદ્ધ કરતા અનેક ગુણોનો પણ વિકાસ થતો હોય છે  પ્રકૃતિ સાથે ઘરની અંદર તાદાત્મ્ય સાધવાનો આ એક માર્ગ છે  લેખિકાએ તેનાં પ્રકારો, સાધનો, પાત્રો, વાયરિંગ વગેરે બાબતો ચિત્રની મદદથી સમજાવી છે

**ઉમર ખય્યામ  બકુલ બક્ષી**

કવિનું આખુ નામ ઉમર ઇબ્ન ઇબ્રાહિમ અબૂલ ફતેહ અલ ખય્યામ. મૂળે ઇરાની. તેમની ખ્યાતિ કવિ કરતાં ખગોળશાસ્ત્રી તરીકેની વધુ. પિતાનો ધંધો તંબુ બનાવવાનો અને આ વ્યવસાયવાળા ફારસીમા ખય્યામ તરીકે ઓળખાય.

રૂબાઈ ચાર પંક્તિની કવિતા છે  આ માધ્યમ દ્વારા રાજનીતિ પર કટાક્ષ થતા. મોજશોખ અને જીવનની જાહોજલાલી તેમાં દર્શાવાતી. પણ મૂળ હેતુ કટાક્ષનો તેથી તે ખાનગી મહેફિલો સુધી જ સીમિત. રૂબાઈ એકવચન, રૂબાઈયાત બહુવચન.

ઓગણીસમી સદીમાં ઇંગ્લૅન્ડમાં એડવર્ડ ફિટ્ઝેરાલ્ડના હાથમાં મૂળ પ્રતની નકલ આવી. ફારસી શીખીને તેણે અંગ્રેજી અનુવાદ આપ્યો. તેમણે પ્રથમ આવૃત્તિમાં ૭૫, બીજીમાં ૧૧૦ અને ત્રીજી તથા ચોથીમાં ૧૦૧ રૂબાઈઓ સંકલિત કરી. રોબર્ટ ગ્રેવ્ઝનો અંગ્રેજી અનુવાદ પણ નકલ કરેલી પાંડુલિપિ પર આધારિત છે  કૃતિની મૂળ ફારસી હસ્તપ્રત મળતી નથી.

કેટલીક રૂબાઇયાત લેખકે ઉદ્ધૃત કરી છે  ગુજરાતીમાં તેના અનુવાદો અને ઉર્દૂ કવિતા પર તેની અસર વર્ણવી, શૂન્ય  પાલનપુરીના અનુવાદને લેખકે ઉત્તમ ગણાવેલ છે

**શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઇનિંગ ઇન્સ્ટિટ્યુટ  રજનીકુમાર પંડ્યા**

પત્રકાર-લેખકની કલમે એક સ્વૈચ્છિક સંસ્થાની પ્રવૃત્તિઓનો અહીં આલેખ છે ગુજરાતમાં ઘણી બિનસરકારી સસ્થાઓ (એનજીઓ) છે  કેટલીક લોકોને મદદ કરે છે કેટલીક લોકોને આત્મનિર્ભર પણ બનાવે છે  ગુજરાતના કચ્છમાં આવી સંસ્થાઓ સૌથી મોટી સખ્યામાં હોવાનું લેખક નોંધે છે  કાંતિસેન શ્રોફે રામકૃષ્ણ મિશનના સ્વામી વ્યોમાનંદજીની પ્રેરણાથી ગ્રામવિકાસની પ્રવૃત્તિઓ માટે ૧૯૭૮માં આ સંસ્થા ઊભી કરી. અહીં પશુપાલન, કૃષિવિકાસ, પાણીસંગ્રહ, જળસ્રાવવિકાસ, પુનઃપ્રાપ્ય ઊર્જાસ્રોતો, લોકજાગૃતિ, શિક્ષણ, આરોગ્ય, જાહેર સ્વચ્છતા, કુદરતી આફતોના સમયે રાહત વગેરે અનેક પ્રવૃત્તિઓની વીગતે વાત કરવામા આવી છે  ઉપરાંત મુખ્ય સંસ્થાની છએક ભગિની સંસ્થાઓની વાત પણ થઈ છે

□

# પત્રચર્ચા

મુરબ્બી સંપાદકશ્રી/તંત્રીશ્રી,
લેખકોનાં ગૌરવ અને હિતને લગતા એક પ્રશ્નની આજે આપના પ્રતિષ્ઠિત માધ્યમ દ્વારા ચર્ચા છેડવી છે. સામયિકોની મોટી મૂડી કે મૂડી માત્ર જે ગણો તે તેમાં પ્રકાશિત થતી સાહિત્યસામગ્રી. લેખક પોતાનું સમગ્ર હીર નિચોવી નાખે, પોતાનું ઉત્તમોત્તમ આપે પણ સામે પક્ષે એ સામયિક લેખકને શું આપે ? ક્યારે આપે ? કઈ રીતે આપે છે ? આવો કોઈ સવાલ કદી થયો છે ખરો ? ન થયો હોય તો થવો જોઈએ.

સામયિકોના સંપાદકો, તંત્રીઓ કે વ્યવસ્થાપકો વાચકો-ગ્રાહકો પાસેથી લવાજમ અને જાહેરખબરો કે દાનની લેવડમાં અને કાગળ, ટાઈપસેટિંગ, પ્રૂફરીડિંગ, બાઈન્ડિંગ, પ્રિન્ટિંગ, પોસ્ટિન્ગમાં પૈસાની દેવડ સાથે સંકળાય છે. આ બધાંમાં જ કોઈ ઉપેક્ષિત અને છેવાડાનો રહી જતો હોય તો તે લેખક. ટિકિટ વગર પોસ્ટમાંથી સામયિક પાછું આવશે કે કાગળ, પ્રિન્ટિંગપ્રેસવાળા પંદર દિવસમાં ઉઘરાણી કરશે અને તેમને પૈસા મળી પણ જશે, જ્યારે લેખકને ? ગ

વધતા જતા કાગળ, પોસ્ટેજ પ્રિન્ટિંગના ભાવ સામે વરસોથી ઝીંક ઝીલતાં સાહસિક સામયિકો લેખકોને મળતા પુરસ્કારમાં વધારો કરવાની બાબતમાં કેમ પાછી પાની કે આનાકાની કરે છે ? કેટલાક તંત્રીઓએ તો પુરસ્કારની પ્રથાને જ સતીપ્રથાના કુરિવાજની જેમ કાઢી નાખી છે. અને એમાંય પાછું ગૌરવ લેતા તંત્રીઓ પણ ગુજરાતમાં છે. કોઈ સામયિકનું પ્રકાશન જ્યારે હાથ પર લીધું હોય ત્યારે તેના અર્થવ્યવસ્થાના બધા પાસાઓનો વિચાર કરવો જ જોઈએ અને તે માટેનું ભંડોળ કે નાણાંની વ્યવસ્થા કરવી જ જોઈએ કે જેમાં સાહિત્યકારને માનભેર આપવામાં આવતા પુરસ્કારનું પણ એક મહત્ત્વના ઘટક તરીકે સ્થાન હોય.

પૂરતાં વાચકો/ગ્રાહકો ન મળતાં હોવાની ફરિયાદ પહેલાં ઊઠતી અને આજે પણ ઊઠે છે પણ સામયિકે લોકોની વાચનભૂખ થકી અને લોકો થકી ચાલવું જોઈએ. અને તેમ ન ચાલે તો ગાંધીજી જેવા પણ છાપું બંધ કરવા તૈયાર થયેલા. ઉમાશંકર જેવાયે તો બંધ કરીને દેખાડ્યું. આવું જ પાસું લેખકોનું. જે સામયિક લેખકોને માનભેર પુરસ્કાર ન આપી શકતું હોય તે સામયિક ચલાવી લેખકોના ભોગે તેનો યશ સામયિકે શા માટે લેવો જોઈએ ?

લેખક જે સાહિત્ય લખે છે તેમાં તે અંદરથી કેટલો વલોવાય છે તેની પીડા અને આનંદની વાત બાજુ પર જવા દઈએ. તે લેખના મૂલ્યની (Value) વાતને પણ જવા દઈએ. પણ લેખકને તે લેખની કિંમત (Price) તો મળવી જ જોઈએ ? લેખકને પણ સારો કાગળ, પોસ્ટેજ આંગડિયા, ફેક્સ-ઝેરોક્ષમાં જે આંકના ઓપીચંદન થાય છે તેનું શું ? સાહિત્યનું મહત્ત્વ, મૂલ્ય ન સમજનાર તેની કિંમત આંકવામાંથી પણ ગયા ? સાહિત્યનાં સામયિકો પણ લેખકો સાથે આવો દુર્વ્યવહાર કરશે તો ધંધાકીય પ્રકાશકો કે વર્તમાનપત્રોના તંત્રવાહકો અને તેમની વચ્ચે ફેર શું રહેશે ?

ગુજરાતમાં પણ કવિ નિરંજન ભગત સંપાદિત 'સાહિત્ય' જેવા શુદ્ધ સાહિત્યિક મેગેઝીને પણ લેખકોને યોગ્ય પુરસ્કાર મળે તેનું ધ્યાન રાખેલું અને થોડો સમય ચાલેલા

વ્યાવસાયિક સામયિક જેવા 'ઇંડિયા ટુડે'ની ગુજરાતી આવૃત્તિએ પણ લેખકને માનભર્યું વળતર મળી રહે તે જોયેલું.

કેટલાંક તો લેખકો પોતેય ભૂલી ગયા હોય ત્યારે છેક બટકુંક આપે છે. કેટલાક માપીને પાનાના ભાવે પૈસા આપે છે. તો કેટલાંક તો આપતાં જ નથી. લેખકોને માનદેવ આપવા માટે નાણાપંચના અહેવાલની રાહ જોવાની નથી કે કોઈ કમિટી બેસાડવાની નથી. તો પછી આમ કેમ ?

જો સામયિકો પોતે જ સંસ્કારી પ્રજાના પ્રતિનિધિ તરીકે આ ભૂમિકા નહીં બજાવે તો કોણ બજાવશે ? લેખકોને તેના સર્જનનું મૂલ્ય ને માનભર્યો, યોગ્ય પુરસ્કાર વેળાસર આપવો તેમાં જ સામયિકની ગરિમા અને શોભા છે. ગુજરાતમાં કે બીજે ક્યાંય સારા કામ માટે પૈસાની ખોટ નથી. ખોટ છે તો આયોજનની. સામયિકના સમગ્ર આર્થિક આયોજનમાં જ લેખકના પુરસ્કારને સ્થાન આપી આવી વ્યવસ્થા ગોઠવાય તો ભવિષ્યમાં આવી ફરિયાદો ન રહે. આ વિશે લેખકો-વાચકો જાગૃત થાય, સામયિકો સંવેદનશીલ થાય તેટલો જ છે આ ચર્ચાપત્રનો હેતુ.

આ પ્રશ્ને સામયિકના તંત્રવાહકોની લાપરવાહી કે નિષ્ઠુરતાની સાથે સાથે જ લેખકોની પોતાની ઉદાસીનતા પણ અકળાવે તેવી છે. ક્યાંય ઉહ કે અપોહ નથી. કશીક મૂઠ મારી હોય તેમ લેખકો મંત્રમુગ્ધ ચૂપ છે. આ ચૂપકીદીમાં જ લેખકોએ પોતાની જાતને પણ taken for granted ગણી લીધી છે. આશા છે કે લેખકના ગૌરવને સ્પર્શતા આ મુદ્દા પર લેખકો સક્રિય ચર્ચામાં ઝંપલાવશે.

૮-૭-૦૧ — યજ્ઞેશ દવે

ઉપરના પત્રમાં સૂચવાયેલા મુદ્દાઓ સાથે અમે નીચે સહી કરનારાં સૌ સહમત છીએ. પરેશ નાયક (અમદાવાદ), હિમાંશી શેલત (સૂરત), યોગેશ જોષી (અમદાવાદ) દીપક રાવલ (ખેડબ્રહ્મા), માય ડિયર જયુ (ભાવનગર), રાજેન્દ્ર પટેલ (અમદાવાદ), શિલ્પીન થાનકી (ભાવનગર) ભગવાનદાસ પટેલ (ખેડબ્રહ્મા), રજનીકાન્ત સથવારા (ગાંધીનગર), હિમાંશુ ઠાકોર (અમદાવાદ), નીતિન ત્રિવેદી (ભાવનગર), હરિકૃષ્ણ પાઠક (ગાંધીનગર) મૌખિક સંમતિ રમેશ પારેખ (અમરેલી).

*

ઑગસ્ટ ૨૦૦૧ના 'પરબ'ના અંકમાં મોહનલાલ પટેલનું લઘુ/ટૂંકી વાર્તાક્ષેત્રે પ્રદાન અંગે મહેશ બાલાશંકર દવેના લેખમાં તેમણે એક ફરિયાદ કરી છે કે 'વાર્તાના આસ્વાદો પુસ્તક રૂપે પ્રગટ થાય ત્યારે પુસ્તકનું કદ ભલે વધી જાય પણ આ આસ્વાદોના વિભાગ સાથે વાર્તાઓ પણ છાપવી જરૂરી ખરી. આમ થાય તો પુસ્તક વાર્તાના અભ્યાસુઓને અત્યંત ઉપયોગી થાય.' મહેશ દવેને એ ખ્યાલ કેમ નહીં આવ્યો હોય કે એ જ ફરિયાદ તેમના પ્રસ્તુત લેખને પણ લાગુ પડે છે ? મોહનલાલ પટેલની વાર્તાઓ અને તેમના અન્ય પ્રાંતીય અને પશ્ચિમની વાર્તાઓનાં અવલોકનો, આસ્વાદોનો આદરપૂર્વક ઉલ્લેખ કરે છે પરંતુ પરિણામે વાચકને મોહનલાલ પટેલની વાર્તાઓ કે આસ્વાદો વાંચવાનું મન થાય તો ઉપયોગી થાય તેવી, મોહનલાલ પટેલનાં પુસ્તકોની યાદી, પ્રકાશકો અને કિંમતની માહિતી તેમના લેખ સાથે જોડવાનું મહેશ દવેને કેમ સૂઝ્યું નહીં હોય ?

'પરબ'માં વિવેચન વિભાગમાં આસ્વાદમૂલક લેખો પ્રસિદ્ધ થાય ત્યારે સાથે ચર્ચિત કૃતિઓ કેવી રીતે મેળવવી તેની માહિતી અવશ્ય આપવામાં આવે તેવો 'પરબ'ના સંપાદક તરીકે ચીવટ સાથે આપ આગ્રહ રાખો તેવી વિનતી.

– અનિલ શાહ

(હવેથી આવી માહિતી મૂકીશું. – સં.)

*

સુજ્ઞશ્રી,

પરિષદના ઉપક્રમે યોજાયેલ કાર્યક્રમ 'આપણો સાહિત્યવારસો' અંતર્ગત વિનોદ જોશીએ તા. ૨૪-૪-૨૦૦૧ની સાંજે સ્વરચિત કાવ્યોનું પઠન કર્યું. પ્રારંભે, કવિપરિચય આપતાં હરિકૃષ્ણ પાઠકે એમ જણાવ્યું કે વિનોદ જોશી કવિતાને સ્વરબદ્ધ કરીને રજૂ કરી શકાય એવું માનનારા કવિ છે એટલે કે કવિતાને ગાન રૂપે સંગીતબદ્ધ કરવામાં આવે એનો એમને વાંધો નથી. કવિતાને સ્વરબદ્ધ કરવાના વિરોધી વર્ગમાંના તેઓ નથી. તેમની ઘણીબધી રચનાઓ સ્વરબદ્ધ થયેલી છે સ્વરકારો, ગાયકો સાથે એમનો નિકટનો નાતો છે તેમણે એક પ્રસ્તાવનામાં ઘણા સંગીતકાર મિત્રોને યાદ કર્યા છે વગેરે વગેરે. ત્યારબાદ, કાવ્યપઠન પૂર્વે જ કવિએ, હરિકૃષ્ણ પાઠકે પોતાની (વિ.જો.ની) માન્યતા અંગે વ્યક્ત કરેલા અભિપ્રાયથી પોતાની જાતને અળગી કરતાં જે સ્પષ્ટતા કરી એનો ભાવાર્થ એવો હતો કે કવિતાને સ્વરબદ્ધ કરીને રજૂ કરવાનો હું સમર્થક નથી. મારી પોતાની સ્વરાંકિત થયેલી રચનાને પણ પછી હું સંગીતકાર અને ગાયકની જ રચના રૂપે માણું છું. એને હું મારું કર્તૃત્વ માનતો નથી વગેરે વગેરે.

ત્યારબાદ, કાવ્યપઠન દરમિયાન તેમણે પોતે જ કેટલીક રચનાઓ ગાઈને રજૂ કરી. આથી પ્રશ્ન એ થાય કે જો કવિ કાવ્યનાં શબ્દો પૂરતું જ પોતાનું કર્તૃત્વ માનતો હોય અને એવો અભિપ્રાય ભારપૂર્વક પ્રગટ કર્યો હોય, તો પછી પોતાનાં કાવ્ય ગાઈને રજૂ કરવા શાથી લોભાઈ જાય છે ? પોતાની કૃતિનું ગાન જો પોતાને જ અભિપ્રેત અને પ્રિય હોય તો 'આ સાહિત્યકૃતિ અને આ સંગીતકૃતિ' એવા ભાગલા અને એનો છોછ શા માટે ? ગીતનું મુખ્ય લક્ષણ જો ગેયતા હોય તો ગાવાનો બાધ શાને ? એક જ કૃતિને સાહિત્યનાં અને સંગીતનાં ભિન્ન ખાનાઓમાં નાખી એકમેક પ્રત્યે સૂગ રાખવાની આવશ્યકતા ખરી ? સ્વરબદ્ધ થયેલું ગીત શું કાવ્યરચના મટી જાય છે ? સાહિત્યના સામયિકમા કે કાવ્યસંગ્રહમા પ્રગટ થયેલ રચનાને જ કવિતા કહેવાય ? ફિલ્મ માટે જ લખાયેલી અને સ્વરબદ્ધ થયેલી રચના પણ ઉચ્ચ કોટિની હોઈ શકે એના કાવ્યતત્ત્વની અને કવિકર્મની સદંતર અવગણના શા માટે ? કદાચ આ જ કારણે સ્વ. અવિનાશ વ્યાસ માત્ર સંગીતકાર તરીકે જ આપણે ત્યાં પોંખાયા છે જ્યારે ગીતકાર તરીકે એમની પાસેથી મળેલી ઉત્તમ ગીતરચનાઓ માટે ભાષાસાહિત્યમાં કેટલી નોંધ લેવાઈ છે ? આ તો બધું ફિલ્મી કે સુગમ સંગીતનું એવા નિમ્ન ભાવથી એનો કાંટો જ કાઢી નંખાયો નથી ? એક જ રચનાનો લિખિત સ્વરૂપે સાહિત્યકળામાં તથા સ્વરબદ્ધ ગાનરૂપે સંગીતકળામાં સમાવેશ કરવાનો અભિગમ જ યોગ્ય ન નીવડે ? આભાર સહ.

લિ. હરીશ ખત્રી

□

સદ્ યશવંત પંડ્યા પરિવાર તરફથી 'યશલક્ષ્મી ગ્રંથાલય સહાય' માટે ગુજરાતી સાહિત્ય પરિષદને રૂ ૫૦૦૦૦/ (પચાસ હજાર)નું દાન મળેલ છે આ દાનના વાર્ષિક વ્યાજની આવકમાંથી દર વર્ષે સુપાત્ર અને જરૂરતમંદ ગ્રંથાલયને રૂપિયા પાંચ હજાર (૫,૦૦૦/ )માં પુસ્તકો 'યશલક્ષ્મી પુસ્તકાલય સહાય'ના નામે પરિષદ દ્વારા અપાય છે ઈ ૨૦૦૦ના વર્ષે આ પુસ્તકાલય સહાય નર્મદ-મેઘાણી લાઇબ્રેરી, મીઠાખળી, અમદાવાદ દ્વારા રાપર(ભુજ)માં નવી સ્થપાયેલી શ્યામજી કૃષ્ણવર્મા ભગતસિંહ મેઘાણી લાઇબ્રેરીને તેના ઉદ્ઘાટન પ્રસંગે આપવામાં આવી છે

*

## માહિતી જોઈએ છે મદદ કરશો ?

(સદ્. મૂળશંકર મો. ભટ્ટે ગુજરાતી સાહિત્ય પરિષદના નિમંત્રણ અનુસાર કિશોર-વાચકોને ધ્યાનમાં લઈને એક ગદ્યસંચય સંપાદિત કર્યો છે એ ગદ્યસંચયમાં સંગૃહિત કેટલીક કૃતિઓના સર્જકનાં નામ-સરનામાં, મુદ્રણપ્રત તૈયાર કરનારી વ્યક્તિની સરતચૂકથી લખવાં રહી ગયાં છે અહીં એ કૃતિઓનાં શીર્ષક તથા આરંભ-અંતના ફકરા આપેલાં છે આટલી સામગ્રીને આધારે તે કૃતિના કર્તાનાં નામ-સરનામાં જોઈએ છે મદદ કરશોને ? – સં.)

### નીચામાં નીચો ધંધો કિયો

આરંભ

એક રાજાના કારભારીને એવો નિયમ હતો કે કોઈ ભિખારી ભીખ માગવા આવે તે ભિખારી આંધળો, લૂલો કે કોઈ પ્રકારનો ધંધો કરવાને અશક્ત હોય, તો તેને કાંઈ આપવું અને ધંધો કરી શકે એવો હોય તો તેની પાસે કાંઈ કામ કરાવ્યા વિના કશું આપવું નહિ, તેને ધંધે વળગાડવો

અંત

અમદાવાદના બે-ત્રણ નાગર બાબાજીઓ કાળા ડગલા, મરેઠાશાઈ પાઘડી અને પટો પહેરીને સરકારની નોકરી કરે છે અને સમજે છે કે આ નોકરી કરવાથી અમારી આબરૂ છે પણ ભીખ માગવાથી અમારા કુળને બટ્ટો લાગે.

### અધાડાનું માણસ બન્યું

આરંભ

એક ગામડામાં સરકારી નિશાળ આગળ થઈને બે પટેલીયા ચાલ્યા જતા હતા. તેમાંના એક જણે નિશાળ સામું જોઈને બીજાને કહ્યું કે આપણાં ખેડૂતલોકોનાં છોકરાં ભણવા ગણવાની વાતમાં કશું સમજે નહિ. એવાને આ મહેતાજી બડા હુશીયાર કરી મૂકે છે બીજો બોલ્યો કે હા ભાઈ આ મહેતાજી તો છ મહિનામાં અધેડાનું માણસ બનાવી દે છે

અંત

મહેતાજીએ કહ્યું કે નુકસાન આઠ રૂપૈયો પણ હું આપીશ. પછી કુંભારે બીજે દહાડે નિશાળે જઈને જોયું તો તેનો ગધાડો ત્યાં બાંધેલો હતો. તે તથા ભાડાના રૂપૈયા લઈને કુંભાર ગયો.

## શેલોત

આરંભ

એક દિવસે પ્રાતઃકાળે દોલતરાય પોતાના ઓરડામાં મોટા કામમાં હતા. તેવારે ચાકર કહેતો આવ્યો કે માધવજી શેલોત બહાર દરવાજા ઉપર આવ્યો છે તે મળવા ઇચ્છે છે દોલતરાયે કહ્યું કે તેને પ્રાર્થના કરીને જરા દીવાનખાનામાં બેસાડ કાગળ પૂરો કરીને હું આ આવ્યો. ચાકર શેલોતને દીવાનખાનામાં તેડી ગયો. તે વખતે રામરાય, કૃષ્ણરાય તથા સુરજકુંવર, દોલતરાયનાં છોકરાં ત્યાં હતાં. તે માંહે જતાં જ તેણે તેમને જુદાજુદા રામરામ કર્યા, પણ ગામડિયાનું નમવું એટલે અનાડી. તેને ઊભું કેમ રહેવું, કઈ રીતે હાથ ઊંચો કરવો, કે માથુ કેમ નમાવવું, એ સારી પેઠે શિક્ષિતપણે માલમ નહીં.

અંત

દોલ૦ – ત્યો હમણાં આપણો જે સંવાદ થયો એની જન્મ સુધી યાદ રાખ કે આ શેલોત એનો પહેરવેશ જાડો છે અને જેણે તેને અનાડી રીતિએ નમન કર્યું, એ તારા કરતાં ઘણો સારો છે. તારા કરતાં વધતું જાણનારો, અને વળી, અધિક ઉપયોગની વાતથી જાણીતો. એ ઉપરથી તું જો કોઈ જાડાં લૂગડાં ઉપરથી અથવા સાદી ભોળી રીત ઉપરથી કોઈની અવગણના કરવી એ કેવો અન્યાય છે

## કાંટાનાં ઝાડ

આરંભ

કોઈ એક અંબાઈદાસ નામે ગૃહસ્થ કાશ્મીર દેશમાં રહેતો હતો. તે વૈશાખ મહિનામાં, એક દિવસે સંધ્યાકાળે, પોતાના બાલગોવિંદ છોકરાને સંગાથે લઈને, એક નાની ડુંગરી ઉપર બેઠો છે અને ત્યાંથી સામે સારા રમણીય પદાર્થ જે દેખાય છે તે તેને દેખાડે છે તે વખતે સૂર્ય અસ્ત પામતો હતો, ત્યારે તેમના મનમાં એમ આવ્યું જે તે સર્વ જગતને સોનેરી રંગના વસ્ત્ર પહેરાવીને જાય છે શું ! અથવા ડુંગર સોનાના જ છે કે શું ?

અંત

આ જેની પાસે ઘણુ છે તેની પાસેથી લઈને ગરીબનું ઓછું પૂરું કરે છે તો હવે આવે છે આપણે તે કાપીએ ? બાલગોવિંદ ઓશિયાળો થઈને કહે છે પરમેશ્વર મારાથી એવું કામ ન કરાવે. અંબાઈદાસ કહે છે તેં ખરું કહ્યું છોકરા. એ પોતાની પેદાશ પરોપકારમાં આપે છે તે માટે એમનું સદા કલ્યાણ હો, અને એ સુખી રહો.

## માની છબી

આરંભ

બા ! બા ! હું તારે માટે એક ભેટ લાવ્યો છું.

ટપ્પામાથી ઉતરતાંવેંત માતાને પ્રણામ કરતાં કરતાં ખુશાલભાઈ બોલતા હતા.
ખુશાલભાઈ કોલેજના વિદ્યાર્થી હતા. અત્યારે તે ઉનાળાની રજામાં પોતાને વતન આવ્યા હતા.

અંત

માતાની આવી સજીવ છબી આગળ નકલી ને નિર્જીવ છબીની શી કિંમત ?
જરાય નહિ. અને એ સત્ય ડાધિયો કૂતરો પણ ઓળખી ગયો હોયની તેમ તે પેલી છબીને ઊકરડે ખેંચી જઈ વીંખતો હતો.
કોઈએ પણ ડાધિયાને વાર્યો નહિ !

## વારસો

આરંભ

એક ડોસાને બે દીકરા. એક ગામમાં ને બીજો પરદેશ. પરદેશ ?
કયે દેશ ? પૂર્વમાં કે પશ્ચિમમાં ? ઉત્તરમાં કે દક્ષિણમાં ? વનમાં કે ઉપવનમાં ? વસ્તીમાં કે વેરાનમાં ? એ કોઈ જાણતું ન હતું. ન જાણતા વૃદ્ધ પિતા કે ન જાણતો મોટોભાઈ

અંત

'મને તમારો પંડ ને પ્રેમ આપો.
'આ ઘરડા પંડને લઈને તુ શુ કરીશ ?'
'તેની સેવા ને સુશ્રુષા કરીશ.
'તેથી તને કંઈ ખાવા નહિ મળે.
'ભલે, પરંતુ તમને ખવરાવવાનો લહાવો તો મને મળશેને ?'
બીજે દિવસે પ્રભાતે ડોસાનું પ્રાણપંખેરું ઊડી ગયું.

## નવો જન્મ

આરંભ

શિયાળાની એક રાતે, નેબ્રાસ્કના એક ગામડામાં બોયઝ ટાઉન નામે ઓળખાતી સસ્થાના મુખી ઉપર ટેલિફોન આવ્યો
'આપ ફાધર ફ્લેનેગન કે ? હું શેરીફ હોઝી વર્જીનિયાથી બોલુ છું. તાત્કાલિક આપ એક છોકરાને રાખી શકશો ?'
'અત્યારે એ છોકરો કયાં છે ?'

અંત

ફાધર ફ્લેનેગન ગર્વપૂર્વક કહે છે તેની છાતી પર ચાદ શોભી રહ્યા છે એમાં નવાઈ પણ નથી, કારણ એનામાં બહાદુરી ઘણી છે પણ ઈશ્વરનો આભાર માનીએ કે તેનામાં માનવપ્રેમ પણ રહેલો હતો. એ ખરો ખ્રિસ્તી છે પણ મને ભારેમાં ભારે પડી જનાર એ છોકરો હતો...'

*

એક સ્મરણાંજલિ-ભજનસંગ્રહ નિમિત્તે નીચેના કવિઓના વારસદારોનાં નામ સરનામાં તેમની કૃતિઓના પ્રકાશન માટેની પૂર્વસંમતિ મેળવવા માટે જોઈએ છે માહિતી નીચેના સરનામે મોકલવા વિનંતી છે ભરત ના. ભટ્ટ ૩૬/૧ વીમાનગર, સૅટેલાઈટમાર્ગ, અમદાવાદ ૩૮૦ ૦૧૫

| | |
|---|---|
| ૧ પ્રતાપરાય ઉપાધ્યાય | ૪ ઇન્દુલાલ ગાંધી |
| ૨ હરિહર ભટ્ટ | ૫. કરસનદાસ માણેક |
| ૩ બાદરાયણ | ૬ દેવજી ર. મોઢા |

□

# સાહિત્યવૃત્ત

## જામજોધપુરમાં વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા

ગુજરાતીનો અધ્યાપકસંઘ તથા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ જામજોધપુરના સંયુક્ત ઉપક્રમે ૮મી સપ્ટેમ્બરે આ કાલેજમા વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ યોજાયો હતો. વ્યાખ્યાનખંડને કલાપી અને શામળની કાવ્યકંડિકાઓ દ્વારા સુશોભિત કરાયો હતો.

પ્રારંભમાં જગદીશ ગૂર્જરે મનુભાઈ પંચોળી 'દર્શક'ને શોકાંજલિ આપી હતી. કૉલેજના આચાર્ય બી.એમ. પટેલે સ્વાગતપ્રવચનની સાથે કૉલેજની વિવિધ પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો. જગદીશ ગૂર્જરે કાર્યક્રમની ભૂમિકા અને અધ્યાપકસંઘની વિવિધ પ્રવૃત્તિઓ જણાવી હતી. અતિથિવિશેષ તરીકે ચિમન વાછાણી ઉપસ્થિત રહ્યા હતા. ઉત્તર ગુજરાત યુનિ.ના ઉપકુલપતિ બળવંત જાનીએ મંગલદીપ પ્રગટાવીને વ્યાખ્યાનમાળાનું ઉદ્ઘાટન કર્યું હતું. ઉદ્ઘાટન બેઠકના અંતે મહેન્દ્ર છત્રારાએ કૉલેજ વતી આભારવિધિ કરી હતી.

પ્રથમ બેઠકની શરૂઆતમાં ગોરાઈબાઈએ કલાપીની કેટલીક રચનાઓનું ગાન કર્યું હતું અને વીરુ પુરોહિતે કલાપીનાં કાવ્યો પર વક્તવ્ય આપ્યું હતું. બીજી બેઠકમાં 'મદનમોહના' વિશે બળવંત જાનીએ અને 'અંગસાધક પ્રત્યયો' વિશે બિપિન આશરે વ્યાખ્યાનો આપ્યાં હતાં. બંને બેઠકોનાં આ ત્રણેય વ્યાખ્યાનો પછી રસપ્રદ પ્રશ્નોત્તરી થઈ હતી. પ્રથમ બેઠકનું અને બીજી બેઠકનું સંચાલન અનુક્રમે વિનોદ ગાંધી અને અંબાદાન રોહડિયાએ કર્યું હતું. વ્યાખ્યાનમાળાના સમાપનમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ પ્રતિભાવો આપ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવનાર સૌનો અંબાદાન રોહડિયાએ આભાર માન્યો હતો.

*

# 'વિશ્વગ્રામ'ની પુસ્તકયાત્રા

૨૨ સપ્ટેમ્બર ૨૦૦૧ની સાંજે અમદાવાદમાં નીકળેલી 'પુસ્તકયાત્રા'ને, કદાચ તેના પ્રકાર-પદ્ધતિની પ્રથમ પુસ્તકયાત્રા ગણી શકાય. આ પુસ્તકયાત્રાનું આયોજન, વિચાર અને વાચનના પ્રસારને વરેલા યુવકોના સંગઠન 'વિશ્વગ્રામ' દ્વારા કરવામાં આવેલું.

પુસ્તકયાત્રા ગુજરાત વિદ્યાપીઠના પ્રૌઢશિક્ષણ તાલીમકેંદ્રથી નીકળી આશ્રમરોડ પર થઈને પાલડી ચાર રસ્તા પહોંચી. અહીં તે પુસ્તક પરબમાં ફેરવાઈ હતી.

પુસ્તકયાત્રાની આગલી હરોળમાં એક ગધેડું હતું. તેની પીઠ પર ટેલિવિઝન હતું. ટેલિવિઝનના પડદા વચ્ચે એમ.ટી.વી.નું ચિહ્ન અને બાજુમાં ખોપરી અને બે હાડકાંવાળી ખતરાની નિશાની હતાં. ગધેડાની પાછળ એક લારીમાં ગાદી-તકિયે પુસ્તકો ગોઠવવામાં આવેલા. તેમાં 'ઝેર તો પીધાં છે જાણી જાણી' 'ગીતા પ્રવચનો' 'આંગળિયાત' 'ત્રીજું મોજું' 'કૃષ્ણનું જીવનસંગીત' 'ગિજુભાઈની બાળવારતાઓ' 'સત્યના પ્રયોગો' જેવાં સોએક નીવડેલાં પુસ્તકો હતાં.

પુસ્તકયાત્રાની સાથે 'વિશ્વગ્રામ' સાથે સંકળાયેલા કલ્યાણમિત્રો અને 'સર્જન' સંસ્થાનાં બાળકો હતાં. આમાંથી કેટલાકે કાગળની નાનીમોટી ટોપીઓ પહેરી હતી. કેટલાકે છાતી અને વાંસે ઝભલાં બાંધેલાં હતાં. ઘણાંના હાથમાં પ્લેકાર્ડ્સ હતાં. ઝભલાં અને પ્લેકાર્ડ્સ પર આકર્ષક સૂત્રો હતાં: 'ગર્વ સે કહો હમ પુસ્તકપ્રેમી હૈં' 'દીકરીને વળાવીએ' સાસરે, સારા પુસ્તકને આશરે' 'ચકી ચોખા ખાંડે છે, પુસ્તક પગલાં પાડે છે' 'વાંચીએ, વંચાવીએ, વિચાર વાવીએ' 'કવિતા અમૃતસરિતા' 'કોઈ સારું પુસ્તક હાથમાં હોય ત્યારે હું પ્રભુની લગોલગ હોઉં છું' વગેરે. બધાં એક અવાજે મોટેથી સૂત્ર બોલતાં હતાં: 'જાગતાં રે'જો વાંચતાં રે'જો...' તદુપરાંત રાહદારીઓને, સરસ કાગળમાં હસ્તાક્ષરે લખેલી એવી એક હજાર કવિતાઓ વહેંચવામાં આવી.

યાત્રા પાલડી ચાર રસ્તા પર પહોંચી ત્યાં એક હળવું-ઝાપટું આવ્યું. કોઈ કહે 'રથયાત્રા ટાણે થાય તેમ અમી છાંટણાં થયાં!' ચાર રસ્તાની એક બાજુ ફૂટપાથને અડીને રસ્તા પર પુસ્તકો ગોઠવવામાં આવ્યાં. પુસ્તકો લેવાનો પ્રારંભ રથયાત્રાના પ્રારંભથી જ પુસ્તકો વસાવવા માટે ઉત્સુક એવા અંગ્રેજીના પ્રાધ્યાપક અને વિચારક જયંત ર. જોશીએ કર્યો. પછી તો એકાદ પોલીસવાળાએ, કેટલાક યુવાનોએ, એકાદ-બે શ્રમજીવીઓએ અને રાહદારીઓએ પુસ્તકો ખરીદ્યાં. ગૂર્જર પ્રકાશનના કેતનભાઈ તેમના દીકરા સાથે આવ્યા હતા. તેમણે 'વિશ્વગ્રામ'ના અગ્રણી સંજયભાઈને મદદ તરીકે ચૂપચાપ કેટલીક રકમ આપી. સંજયભાઈનો પગ મચકોડાયેલો. છતાં તેમણે આયોજન કર્યું. 'સર્જન'નાં બાળકોની સાથે મદીનાબહેન સોલંકી, પગે ઈજા થઈ હોવા છતાં ચાલ્યાં. બે કૉલેજોનાં ગ્રંથપાલબહેનો કેટલોક સમય યાત્રા સાથે રહ્યાં. બે વર્તમાનપત્રો અને એક સમાચાર-ચેનલે આ પ્રસંગને સ્થાન આપ્યું પણ મોટા ભાગનાં છાપાંના દૈનિક કાર્યક્રમોના વિભાગમાં આ કાર્યક્રમની નોંધ આવી હોવા છતાં તેને અમદાવાદીઓ તરફથી નહીંવત્ પ્રતિસાદ મળ્યો.

'વિશ્વગ્રામ'ની આવી વાચનપ્રસાર પ્રવૃત્તિને ગુજરાતમાં અન્યત્ર સારો પ્રતિસાદ મળ્યો છે તે ઓછા સંતોષની વાત નથી. 'વિશ્વગ્રામે' અત્યાર સુધી ડીસા, સિદ્ધપુર,

કલોલ, મહેસાણા, ઊંઝા, રાજકોટ અને પેટલાદમાં પુસ્તકયાત્રાઓ અને તેની સાથે પુસ્તકપરબો સફળ બનાવી છે રાજકોટમાં પોણાબે વર્ષથી લગભગ દરેક રવિવારે થતી પુસ્તક પરબે ઘણી નામના મેળવી છે મહેસાણામાં ગયા છ મહિનાથી પુસ્તક પરબ ચાલે છે 'વિશ્રામ'ની અન્ય એક નોંધપાત્ર પ્રવૃત્તિ છે પુસ્તકમેળા. એણે દોઢેક વર્ષમાં જુદાં જુદાં ગામોમાં નવ પુસ્તકમેળાઓ યોજ્યા છે આ મેળાની સાથે ગ્રંથગોષ્ઠી અને વાચનવિચારને લગતી શેરીનાટકની ભજવણી જેવા કાર્યક્રમો પણ યોજાય છે

તુલા-સંજય, લોપા-શીતલ – એ બંને ભાવનાશાળી દંપતિઓએ છબિલદાસ મન્સુરી, જિતેન્દ્ર ફિલિપ, વનરાજ ચાવડા, હર્ષદ રાવલ, શોભા દવે, રમેશ વૈષ્ણવ જેવા મોટા ભાગના શિક્ષણ-વ્યવસાયના મિત્રો સાથે ચલાવેલું 'વિશ્રામ' વિચારશિબિરોના આયોજન માટે પણ જાણીતું છે આ રચનાત્મક સંગઠનનું સરનામું છે તુલા-સંજય, વિશ્રામ, મુ.પો. જગુદણ, તા. જિ મહેસાણા ટેન. ૦૨૭૬૨ ૮૫૭૦૮

– સંજય શ્રીપાદ ભાવે

*

## કાલેલકર અધ્યયનગ્રંથની બીજી આવૃત્તિ

કાકાસાહેબ કાલેલકરની જન્મશતાબ્દી પ્રસંગે ઈ ૧૯૮૫માં કાકા કાલેલકરના સાહિત્યનાં વિવિધ પાસા અંગે એક પરિસંવાદનું આયોજન કર્યું હતું. એ પ્રસંગે જે વિદ્વાનોએ વ્યાખ્યાનો આપ્યાં હતાં તે વ્યાખ્યાનો એકાદ માસના સમયગાળામાં અમને મળી શકે તો તે 'કાલેલકર અધ્યયનગ્રંથ'ની બીજી આવૃત્તિમાં સમાવી લેવામા આવશે. વિદ્વાનોને, એમના વ્યાખ્યાનો નીચેના સરનામે મોકલી આપવા વિનંતી છે

ચિમનલાલ ત્રિવેદી
૫, અજિતનાથ સોસાયટી, ફતેહપુર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭

*

## એક અનોખો કાર્યક્રમ કવિ સિતાંશુનું કાવ્યપઠન

કમળાશંકર પંડ્યા હાઉ ડેશાન ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સ અને હોટલ સ્ટેટ્સના ઉપક્રમે વડોદરાના મ. સ. વિશ્વવિદ્યાલયના સેનેટ હોલમાં કવિ સિતાંશુના કાવ્યપઠનનો અનોખો કાર્યક્રમ તા. ૨૬ ૮-૦૧ ને રવિવારે સવારે ૧૦ વાગે યોજાયો હતો.

*

## પુસ્તક વર્ષે અનોખું યોગદાન

ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. વડોદરા તરફથી વડોદરા શહેરમાં મોટા પાયે ગ્રંથયાત્રા, ગ્રંથવાચન યાત્રા યોજી હતી. આ પ્રસંગે ૩૦૦ બાળકોને રૂ ૩૫,૦૦૦નાં પુસ્તકો વાચન માટે ભેટ આપ્યાં તથા શાળાઓના વિદ્યાર્થીઓને રૂ ૧૦,૦૦૦નાં પુસ્તકો આપ્યાં. આમ વાચનપ્રચાર માટે શરૂઆત કરી છે

મોરબીના 'ભૂકંપગ્રસ્ત' વિસ્તારની સાત શાળાઓ ગાળા, કેરાલા, હરિપર, અમરનગર, ભક્તિનગર, પીલુડી તેમજ જસમતનગરને રૂ ૩૫,૦૦૦નાં અને ભૂકંપગ્રસ્ત

ભચાઉની લાઇબ્રેરીને રૂ ૭૫૦૦નાં પુસ્તકોની સહાય હમણા કરવામાં આવી છે

વિવિધ ગુજરાતી સામયિકના સંપાદકો સાથે વાચકમિલાપોનું આયોજન

તા. ૨ ૧૨ ૨૦૦૧ રવિવાર સવારે ૧૦થી ૧૨
*માસિક અખંડ આનંદ ના તંત્રી હિતાવરસિંહ જાડેજા*

તા. ૯-૧૨ ૨૦૦૧ રવિવાર સવારે ૧૦થી ૧૨
*ત્રૈમાસિક પ્રત્યક્ષ ના સંપાદક રમણ સોની*

તા. ૧૬ ૧૨ ૨૦૦૧ રવિવાર સવારે ૧૦થી ૧૨
*ત્રૈમાસિક બાલ્કનજીબારી*ના સંપાદક હસમુખ બારાડી

તા. ૨૩ ૧૨ ૨૦૦૧ રવિવાર સવારે ૧૦થી ૧૨
*ત્રૈમાસિક ખેવના ના તંત્રી સુમન શાહ*

તા. ૩૦-૧૨ ૨૦૦૧ રવિવાર સવારે ૧૦થી ૧૨
*દ્વૈમાસિક વિચારવલોણું ના તંત્રી સુરેશ પરીખ*
સ્થળ ગોવર્ધન સ્મૃતિમંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ,
ટાઇમ્સ ઓફ ઇન્ડિયા પાછળ, નદીકિનારે, આશ્રમરોડ અમદાવાદ.

*

## અખિલ ગુજરાત કોલેજ નિબંધસ્પર્ધા

આગામી વન્યપ્રાણી સપ્તાહ નિમિત્તે સમગ્ર રાજ્યની કૉલેજના વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધા યોજવામાં આવેલ છે જેમાં ભાગ લઈ વન્યપ્રાણી રક્ષણના શુભકાર્યમાં આપ આપનો ફાળો આપી શકો છો.

વિષય વન્યજીવોનું રક્ષણ શા માટે ? મોકલવાની અંતિમ તારીખ ૧ ૧૦-૨૦૦૧

નિયમો

૧ કોલેજના કોઈ પણ શાખાના કોલેજના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.
૨ નિબંધ લીટીવાળા ફૂલસ્કેપ કાગળ પર ઓછામાં ઓછી ૨૦૦ લીટીમાં લખવાનો રહેશે.
૩ નિબંધ ગુજરાતી ભાષામાં લખવાનો રહેશે.
૪ દરેક સ્પર્ધકે પોતાનું નામ, સરનામું, ફોન અને કોલેજનું નામ, અભ્યાસનું વર્ષ તથા કોલેજનાં સહી-સિક્કા નિબંધ પર કરાવવાનાં રહેશે.
૫. મોકલવામાં આવેલ નિબંધ પરત મળશે નહીં તેમજ પુનઃચકાસણી થશે નહીં.
૬ સ્પર્ધાનાં પ્રથમ, દ્વિતીય, તૃતીય રોકડ ઇનામ અનુક્રમે ૫૦૦ ૪૦૦ ૩૦૦ રૂપિયાનાં રહેશે અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.
૭ સ્પર્ધામાં પ્રથમ આવનારા ૨૫ યુવકોને જંગલ વિસ્તારમાં કે અભયારણ્યોમાં યોજાનાર પ્રકૃતિ શિબિરમાં પસંદગીમાં અગ્રતાક્રમ આપવામાં આવશે. જેમાં બે રાત્રિ મુકામ સહિત ત્રણ દિવસના શિબિરમાં વિનામૂલ્યે ભાગ લઈ શકાશે. જે તે સ્થળ પર સ્વખર્ચે પહોંચવાનું રહેશે.

નિબંધ મોકલવાનું સરનામું નાયબ વનસંરક્ષકશ્રી, પ્રકાશન અને સંપર્ક વિભાગ,

વનસંશોધન સ્કુલ, જ-૭ બોરીજ રોડ, સેક્ટર-૩૦ ગાંધીનગર-૩૮૨૦૩૦
ફોન નં. ૩૨૬૧૮૭૮

*

## મેઘાણી લોકવિદ્યા સંશોધનભવનના પ્રકાશિત સંપાદનો

મેઘાણી લોકવિદ્યા સંશોધનભવન દ્વારા મેઘાણીનાં 'લોકસાહિત્યનું સમાલોચન અને 'લોકસાહિત્ય પગદંડીનો પંથ'નાં હિંદી ભાષાંતરો, ભોળાભાઈ પટેલના અને અંગ્રેજી ભાષાંતરો જવાહરલાલ હંડૂના માર્ગદર્શનમાં તૈયાર થઈને પ્રગટ થયાં છે આ ઉપરાંત શાંતિભાઈ આચાર્ય સંપાદિત 'દક્ષિણની કુકણી બોલીની આદિવાસીકથાઓ તથા બગડાવતના સમીક્ષિત પાઠ ભગવાનદાસ પટેલ અને બળવંત જાની સંપાદિત રૂપાંદે-માલદેની કથાની આદિવાસી અને સૌરાષ્ટ્રીય પરંપરાઓ પ્રગટ થયાં છે ડાહ્યાભાઈ વાઢુ સંપાદિત કુકણી રામકથા નાથાલાલ ગોહિલ સંપાદિત 'બારામતી સંપ્રદાય મનોજ રાવલ અને ફારુક શાહ સંપાદિત 'ભૂવાસંસ્થા શાંતિભાઈ આચાર્ય સંપાદિત કણસરીદેવીની કથા અને 'આદિવાસી અંત્યેષ્ઠિ વિધિ અને વ્યાખ્યાનો હવે પ્રગટ થશે.

□

# આ અંકના લેખકો

| | |
|---|---|
| અનામિકા ઓઝા | ૬૮ આનંદનગર, સેક્ટર ૨૭ ગાંધીનગર-૩૮૨૦૨૮ |
| અનિલ વ્યાસ | ૪/૩૮ શાંતિ એપાર્ટમેન્ટ, પ્રગતિનગર પાસે, નારણપુરા, અમદાવાદ ૩૮૦૦૧૩ |
| અનિલ શાહ | ૮ જ્યુપીટર એપાર્ટમેન્ટ, સરદાર પટેલ નગર, એલિસબ્રિજ અમદાવાદ-૩૮૦૦૦૬ |
| ઈલિયાસ શેખ | સલીમ ૧૧ જાગૃતિ સોસાયટી, ભીમેશ્વર મંદિર પાછળ, રાજકોટ ૩૬૦૦૦૬ |
| ઉદયન ઠક્કર | ૨૨ કાશીબાઈ નવરંગે માર્ગ, મુંબઈ-૪૦૦૦૦૭ |
| ઉષાબહેન રાંદેરિયા | 'મિતાલી સદ્‌ સોસાયટી પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯ |
| કનુભાઈ જાની | ઘોષ સોસાયટી, થલતેજ રોડ અમદાવાદ-૩૮૦૦૫૨ |
| કાંતિભાઈ કડિયા | 'ઓજસ્ ૧૩/૧૫૨ ગોકુળ એપાર્ટમેન્ટ, સોલામાર્ગ, નારણપુરા, અમદાવાદ-૧૩ |
| જિતેન્દ્ર મેકવાન | ૮૬ પદ્મશાલી સોસાયટી વિ ૨, વિરાટનગર, ઓઢવ, અમદાવાદ ૩૮૨૪૧૫ |

| | |
|---|---|
| ડંકેશ ઓઝા | ૬૮ આનંદનગર, સેક્ટર ૨૭ ગાંધીનગર ૩૮૨૦૨૮ |
| દલપત ચૌહાણ | ૮૨૮/૨ સેક્ટર-૭/સી, ગાંધીનગર-૩૮૨૦૦૭ |
| દિગીશ મહેતા | ૮૮ જીવનદીપ રો-હાઉસીસ, ઘોષા સોસાયટી પાસે, થલતેજ અમદાવાદ-૩૮૦૦૫૪ |
| નવનીત જાની | બ્રહ્મશેરી, મુ.પો. જાલીલારોડ તા. રાણપુર, અમદાવાદ-૩૮૨૨૪૫ |
| નિખિલ જોશી | શારદા ૭ ક્રિષ્નનગર, પાળિયાદ રોડ બોટાદ-૩૬૪૭૧૦ જિ ભાવનગર |
| નીતિન વડગામા | તંદુલ વિમલનગર, યુનિ.રોડ રાજકોટ-૩૬૦૦૦૫ |
| પરેશ નાયક | ૨/૪ મૃદુલપાર્ક ગુલબાઈ ટેકરા, પોલિટેક્નિક રોડ, અમદાવાદ ૩૮૦૦૧૫ |
| પુરુરાજ જોશી | ૨૩ શિવશક્તિ સોસાયટી, નડિયાદ-૩૮૭૦૦૧ જિ ખેડા |
| પ્રફુલ્લા વોરા | બી ૧ પલ્લવ એપાર્ટમેન્ટ, રબ્બર ફેક્ટરી પાસે, ભાવનગર ૩૬૪૦૦૧ |
| મધુસૂદન બક્ષી | ૧૨ નહેરુનગર, એસ.એમ. રોડ અમદાવાદ-૩૮૦૦૧૫ |
| મનસુખવન ગોસ્વામી | 'શિવાંચલ' ગાંધીસ્મૃતિ સોસાયટી નં ૧ શેરી નં ૨ પેડકરોડ રાજકોટ-૩૬૦૦૦૩ |
| યજ્ઞેશ દવે | c/o ડૉ. ગોપાલ વ્યાસ, એ/૮ કિરણ સોસાયટી, રેસકોર્સ સર્કલ, રાજકોટ ૩૬૦૦૦૧ |
| રમેશ પારેખ | 'પર્ણ'-૩૧ રંગઉપવન સોસાયટી, હનુમાન મઢી પાસે, રાજકોટ ૩૬૦૦૦૫ |
| રમેશ શાહ | 21 Mine Brook Rd., Apt. 15 Bedison NJ 08820 (U.S.A.) |
| રાજેન્દ્ર જે જોશી | ડી ૧૩ રવિ કોમ્પલેક્સ, બાલાજી કોમ્પલેક્સની પાછળ, નહેરુપાર્ક વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫. |
| વિજય શાસ્ત્રી | જે/૩ ૩૦૨ પ્રકૃતિ એપાર્ટમેન્ટ, મુક્તાનંદનગર, અડાજણ રોડ સુરત ૩૯૫ ૦૦૯ |
| શૈલેષ પારેખ | 'પરિતોષ' આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ |
| સંજય શ્રીપાદ ભાવે | ૧૪૩ પારસકુંજ સોસાયટી વિ-૩ સૅટેલાઈટ રોડ આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ |
| હરીશ ખત્રી | ૩૦૩ પદ્માવતી ડુપ્લેક્સ, સુંદરવન, સોસાયટી જવાહરનગર પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭ |
| હસુ યાજ્ઞિક | ૩ શીતલ પ્લાઝા, રણછોડનગર સોસાયટી, નહેરુપાર્ક વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫ |

□

અતરાપી ધ્રુવ ભટ્ટ ૨૦૦૧ ગૂર્જર પા૰૧૬૪ રૂ૰૬૫ આનંદ ભૈરવી સારંગ બારોટ પુ૰૨૦૦૧ આર.આર. પા૰૪૨૬ રૂ૰૧૯૦ ઈમા રાજકુમાર શીતલજીત અનુ૰ રમેશ દેવમણિ ૨૦૦૦ લેખક સી ૭૬/શાંતિકુંજ સોસાયટી છેલ્લા બસસ્ટેન્ડ સામે ચાંદખેડા અમદાવાદ ૩૮૨૪૨૪ પા૰૬૪ રૂ૰૬૦ કાફલો વીનેશ અંતાણી પુ આર. આર. પા૰૨૬૬ રૂ૰૧૩૦ કાલે સૂરજ ઊગે તો કહેજો કે – જનક નાયક ૨૦૦૧ સાહિત્યસંકુલ પા૰૪૮૦ રૂ૰૨૪૦ ગુલાબી આભાસ માલતી દેસાઈ ૨૦૦૧ હર્ષ પ્રકા. પા૰૩૭૬ રૂ૰૧૫૦ ચિ. ઈશાનને જનક નાયક ૨૦૦૧ સાહિત્યસંકુલ પા૰૧૫૨ રૂ૰૮૦ પરકાયાપ્રવેશ ભૂષિત જોષીપુરા ૨૦૦૦ પ્રવીણ પ્રકા. પા૰૧૦૮ રૂ૰૫૦ પ્રેમભક્ત કવિ જયદેવ જયભિખ્ખુ ૨૦૦૧ ગુજરાત સા. અકાદમી પા૰૨૫૮ રૂ ૫૦ પ્રેમયોગ જનક નાયક ૨૦૦૧ સાહિત્યસંકુલ પા૰૧૬૦ રૂ ૮૦ મનનો માણીગર દોલત ભટ્ટ ત્રી૰આ૰૨૦૦૧ ગૂર્જર પા૰૧૮૬ રૂ૰૭૨

વિવેચન

અમર સર્જકો યશવંત ત્રિવેદી ૨૦૦૦ એન.એમ. ઠક્કર પા૰૨૮૩ રૂ૰૧૭૫ અંગુલિનિર્દેશ અશ્વિન દેસાઈ ૨૦૦૧ સાહિત્યસંકુલ પા૰૧૮૨ રૂ૰૧૩૦ કલારામ દિનકર ભોજક ૨૦૦૧ લેખક સ્ટેશનરોડ માયાબજાર વિસનગર (ઉ ગુ) ૩૮૪૩૧૫ પા૰૧૦૮ રૂ ૫૦ કાવ્યવિમર્શ ચંદ્રુ મહેસાનવી સં૰ કૃપાશંકર જાની ૨૦૦૧ જયશ્રી પ્રકા. પા૰૨૦૬ રૂ ૧૦૦ નવલલોકમાં જયંત કોઠારી ૨૦૦૧ ગૂર્જર પા૰૨૩૮ રૂ૰૧૦૦ ભાવનનો સઘળો વિસ્તાર વિજય શાસ્ત્રી ૨૦૦૦ પાર્શ્વ પા૰૨૩૮ રૂ૰૧૭૦ ભાવરેખ ચિમનલાલ ત્રિવેદી ૨૦૦૦ ગૂર્જર પા૰૨૪૪ રૂ૰૧૦૦ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ભાગવત સ્કંધને લગતું પ્રદાન પુષ્પા ભટ્ટ ૨૦૦૦ લેખિકા પાર્શ્વ [વિક્રેતા] પા૰૩૨૦ રૂ૰૨૦૦ વિશ્વકોશનું વિશ્વ નલિની દેસાઈ ૨૦૦૧ ગૂર્જર પા૰૬૪ રૂ૰૪૦ વેણીભાઈ પુરોહિતનું કાવ્યવિશ્વ અમી રાવલ ૨૦૦૧ લેખિકા ૧૧ મહાવીર પાર્ક બગીચા પાસે જોરાવરનગર-૩૬૩૦૨૦ ગૂર્જર [વિક્રેતા] પા૰૧૦૮ રૂ ૫૮ શબ્દ-સંધાન સોમાભાઈ પટેલ ૨૦૦૧ લેખક આદર્શ પ્રકા. [વિક્રેતા] પા૰૧૪૦ રૂ ૭૦ સત્યાર્થપ્રકાશ અને સત્યના પ્રયોગો નાથુભાઈ ડોડિયા ૨૦૦૧ આર્યસમાજ પા૰૪૮ રૂ૰નથી સૌહાર્દ અને સહૃદયતા સં૰ આર. પુ. જાની – કુમારપાળ દેસાઈ ૨૦૦૧ ગૂર્જર પા૰૩૪૪ રૂ૰૧૭૫ હોમરનાં મહાકાવ્યોની વાત ઠાકોરભાઈ બી. દેસાઈ ૨૦૦૧ કુસુમ પ્રકા. પા૰૧૧૪ રૂ૰૮૦

જીવનસંગ્રામમાં સફળતા હાસલ કરવા માટેનાં બે
સબળ શસ્ત્રોનાં નામ છે 'ઉત્સાહ અને એકાગ્રતા'

## વિચારણામાં

નીતિન વડગામા

કોઈ આવીને ઊભું છે આંગણામાં.
થાય છે મારું રૂપાંતર બારણામાં.

સ્હેજ પણ એના સગડ ક્યાં સાંપડે છે ?
શ્વાસ પણ ખર્ચાય કેવળ ધારણામાં.

એટલે અંદર અજંપો ઊછરે છે
કૈંક ખૂટે છે હજી પણ આપણામાં.

વય વધી છે સૂર્ય પણ માથે ચડે છે
ને બધાં પોઢી રહ્યાં છે પારણામાં.

એક ક્ષણ બાળી અને ધરબી દીધી છે
તોય એ ઊગ્યા કરે સંભારણાંમાં.

સાંજ સઘળી ડૂબતી જાયે છતાંયે,
મન હજી પણ વ્યસ્ત છે વિચારણામાં.

('ગુજરાતી કવિતાચયન ૧૯૯૭'માંથી)


EXCEL

એક્સેલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ
૯/૨ રૂવાપરી રોડ ભાવનગર ૩૬૪ ૦૦૫
ફોન ૫૧૦૭૨૫, ૫૧૦૭૨૬

# રંગદ્વાર પ્રકાશન

જી-૧૫, યુનિવર્સિટી પ્લાઝા, લૉ ભવનની ઉત્તરે,
અમદાવાદ-૩૮૦૦૦૯ ફોન ૬૪૦૩૬૪૬


## નવાં પ્રકાશનો

| | | |
|---|---|---|
| મંદિરની પછીતે (વાર્તાસંગ્રહ) | રઘુવીર ચૌધરી | ૧૧૦ |
| અરુંધતીને તારે (વાર્તાસંગ્રહ) | ઇન્દુ રાવ | ૯૦ |
| શીલભંગ (વાર્તાસંગ્રહ) | કલ્પેશ પટેલ | ૪૦ |
| કથાસપ્તક (ચિન્મય જાની) | સં. મિતા રાવલ | ૭૦ |
| ગુજરાતી એકાંકી ક્ષેત્રે પ્રદાન | ડૉ. રમીલા ભટ્ટ | ૨૨૦ |
| અંતર્દાહ (નવલકથા) | કાલિન્દી પરીખ | ૮૦ |
| તબલાં પરિચય | રમેશ બાપોદરા | ૮૦ |
| દુંદુભિ (દલિત કવિતા) | સં. દલપત ચૌહાણ, – પ્રવીણ ગઢવી, હરીશ મંગલમ્ | ૭૦ |
| ભારતીય સંસ્કૃતિ | સાને ગુરુજી અનુ. સંજય શ્રીપાદ ભાવે | ૧૫૦ |
| ધર્મવિવેક (સ્વામી સચ્ચિદાનંદ) | રઘુવીર ચૌધરી | ૧૦૦ |
| આસ્તિક (નવલકથા) | સાને ગુરુજી અનુ. જયંત પરમાર | ૭૨ |
| મિશ્ર લોહી (લઘુનવલ પુરસ્કૃત) | ઈવા ડેવ | ૯૦ |
| ક્ષણધ્રાસ (વાર્તાસંગ્રહ પુરસ્કૃત) | ઈવા ડેવ | ૮૬ |
| ચન્દ્રની પહેલી સફર (લઘુનવલ પુરસ્કૃત) | દિગીશ મહેતા | ૭૫ |
| પ્રેમપુરુષ ઉદ્ભવ અને વિકાસ | પી. સી. પટેલ | ૫૦ |
| [illegible] કણિકા (કથાઓ) | રઘુવીર ચૌધરી | ૧૦૦ |
| પુનર્વિચાર (નિબંધ) | રઘુવીર ચૌધરી | ૧૦૦ |
| બુદ્ધની વાત (લઘુનિબંધ) | રઘુવીર ચૌધરી | ૧૧૨ |
| સોમતીર્થ (ઐતિહાસિક નવલકથા) | રઘુવીર ચૌધરી | ૧૫૦ |
| અમૃતા (નવલકથા, સાતમી આવૃત્તિ) | રઘુવીર ચૌધરી | ૧૦૦ |
| વેણુવત્સલા (નવલકથા, ત્રીજી આવૃત્તિ) | રઘુવીર ચૌધરી | ૫૦ |
| કલ્પલતા (નવલકથા) | રઘુવીર ચૌધરી | ૫૭ |
| એક સાચું આંસુ (લઘુનવલ) | રઘુવીર ચૌધરી | ૯૦ |
| ઊંઘ અને ઉપવાસ (હાસ્યકટાક્ષ) | રઘુવીર ચૌધરી | ૧૦૪ |
| તેડાગર (નવલકથા, ત્રીજી આવૃત્તિ) | રઘુવીર ચૌધરી | ૬૫ |
| વાંધો (નવલકથા) | [illegible] | ૯૦ |
| સનદી સેવાનાં સંભારણાં (સંસ્મરણો) | લલિત દલાલ | ૮૦ |
| વળાંકો અને વિસામા (સંસ્મરણો) | કનુભાઈ ભાલરિયા | ૧૫૦ |

PARAB 2001 October
Licensed to post without prepayment

Regd No GAMC-306
Licence No 131

ચીકાશયુક્ત સ્ટિક



ફેવિસ્ટિક

પ્રસ્તુત છે ફેવિસ્ટિક
ગુંદરની ચીકાશરહિત સ્ટિક

નો ચિપ ચિપ નો ઝિક ઝિક